॥ હરિઃૐ ॥





# શ્રીમોટા સાથે
# હિમાલયયાત્રા

પૂજ્ય શ્રીમોટા
હરિઃૐ
હરિઃૐ આશ્રમ-સુરત

॥ હરિ:ૐ ॥

# શ્રીમોટા સાથે
# હિમાલયયાત્રા

શ્રી નંદુભાઈ શાહ

સંપાદક
ડૉ. રમેશભાઈ ભટ્ટ

હરિ:ૐ આશ્રમ પ્રકાશન, સુરત

❑ પ્રકાશક : **ટ્રસ્ટીમંડળ,**
હરિઃૐ આશ્રમ, સ્થાપના વર્ષ ૧૯૫૬
કુરુક્ષેત્ર મહાદેવના મંદિરની બાજુમાં,
જહાંગીરપુરા, રાંદેર, સુરત-૩૯૫ ૦૦૫.
ફોન : (૦૨૬૧) ૨૭૬૫૫૬૪

© હરિઃૐ આશ્રમ, સુરત, નડિયાદ.

❑

| **આવૃત્તિ** | **વર્ષ** | **પ્રત** |
|---|---|---|
| પ્રથમ | ૧૯૯૪ | ૧૦૦૦ |
| બીજી | ૨૦૧૦ | ૨૦૦૦ |

❑ પૃષ્ઠ : ૮ + ૯૨ = ૧૦૦

❑ કિંમત : **રૂ. ૧૦/-**

❑ **પ્રાપ્તિસ્થાન :** હરિઃૐ આશ્રમ, સુરત-૩૯૫ ૦૦૫
હરિઃૐ આશ્રમ, નડિયાદ-૩૮૭ ૦૦૧

❑ મુદ્રણશુદ્ધિ : **જયંતીભાઈ જાની,** ફોન : (૦૭૯) ૨૬૬૧૨૭૨૮

❑ ડિઝાઈનર : **મયૂર જાની**
મો. : ૯૪૨૮૪૦૪૪૪૩

❑ ટાઈપસેટિંગ : **અર્થ કૉમ્પ્યૂટર,**
૨૦૩, મૌર્ય કૉમ્પ્લેક્સ, સી. યુ. શાહ કૉલેજ સામે,
ઈન્કમટેક્સ, અમદાવાદ-૧૪,
ફોન : (૦૭૯) ૨૭૫૪૩૬૯૯

❑ મુદ્રક : **સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ.**
સિટી મિલ કંપાઉંડ, કાંકરિયા રોડ, અમદાવાદ-૩૮૦૦૨૨
ફોન : (૦૭૯) ૨૫૪૬૯૧૦૧

॥ હરિઃૐ ॥

# સમર્પણાંજલિ

## (બીજી આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટાના દેહત્યાગ પહેલાં થોડા સમય પૂરતા જ
તેઓશ્રીના સંપર્કમાં રહી શકનાર...
પરંતુ
પૂજ્ય ભાઈશ્રી નંદુભાઈ અને પૂજ્ય શ્રી ઝીણાકાકા સાથેના
સહવાસથી એની પૂર્તતા કરી લેનાર...
અને
પૂજ્ય શ્રીમોટાના અક્ષરદેહનું ભાવપૂર્વક વાંચન, મનન
અને ચિંતન કરી આચરણમાં ઉતારવા મથનાર...
તેમ જ
પૂજ્ય શ્રીમોટાના શબ્દનો મર્મ સમજી સ્વજનોને
સમજાવતાં જે પ્રવચનો શ્રી રમેશભાઈ ભટ્ટે કરેલાં, તેની
ટેપવાણી જીવની જેમ જતન કરી જાળવી રાખનાર...
એવા
**ડૉ. મનસુખભાઈ પુરુષોત્તમભાઈ પટેલને**
તથા તેમનાં ધર્મપત્ની
**શ્રીમતી શારદાબહેન મનસુખભાઈ પટેલને**
અને તેમનાં જનેતા
**પૂજ્ય રળિયાતબહેન પુરુષોત્તમભાઈ પટેલને**
***'શ્રીમોટા સાથે હિમાલયયાત્રા'***ની આ બીજી આવૃત્તિનું
પ્રકાશન સમર્પિત કરતાં અમો ખૂબ ખૂબ
ધન્યતાની લાગણી અનુભવીએ છીએ.

ગુરુપૂર્ણિમા **ટ્રસ્ટીમંડળ,**
તા. ૨૫-૭-૨૦૧૦ હરિઃૐ આશ્રમ, સુરત

॥ હરિઃૐ ॥

# અદ્‌ભુત અનુભવ પ્રસંગો

## (પ્રથમ આવૃત્તિ)

## (સંપાદકીય)

પૂજ્ય શ્રીમોટાને હિમાલય માટે ઊંડી પ્રીતિ અને અદ્‌ભુત ભાવ હતો. પોતાની સાધના દરમિયાન ચાર વખત તથા પરમાત્માનો અનુભવ થયા પછી હિમાલયયાત્રા કરી હતી. સાધનાકાળમાં એકમાત્ર અઘોરીબાબાનાં દર્શનની વાત તેઓશ્રીએ વિગતે કરી છે. બીજા પ્રસંગોનો ઉલ્લેખ કર્યો છે. ૧૯૪૫માં પૂજ્ય શ્રી નંદુભાઈના પરિવાર સાથે હિમાલયયાત્રા કરી, એ દરમિયાન પરમાત્મશક્તિના અને પ્રભુકૃપાના કેટલાક ચમત્કારિક અનુભવો થયેલા. પૂજ્ય શ્રીમોટાના હૃદયમાં પ્રગટેલ ચેતનનાં અનેક લક્ષણો પૈકીના તાદાત્મ્ય અને સાક્ષીભાવના સહજ પ્રસંગોનું તેઓશ્રીએ પોતાના પત્રોમાં આલેખન કરેલું. એવા પત્રો **'જીવનપોકાર'**માં પ્રગટ થયેલા. એ પત્રોમાં તેઓશ્રીએ પોતાની વાત **'એક મહાત્મા'**ના ઉલ્લેખ સાથે કરી હતી. **'જીવનપોકાર'**ની નવી આવૃત્તિ વેળાએ **'એક મહાત્મા' એ 'પોતે' જ છે,** એમ સ્ફોટ કર્યો છે.

પૂજ્ય શ્રીમોટાના આવા અનુભવોનું નિમિત્ત બનનાર શ્રી નંદુભાઈ અને એમનો પરિવાર હતો. આથી, વાચકને આ પ્રસંગો વાંચતા પૂર્વે કેટલોક સંદર્ભ મળે, તો યોગ્ય થાય એમ માનીને શ્રી નંદુભાઈ પાસેથી બધી જ વિગતનું ટેપ પર રૅકૉર્ડિંગ કરી લીધું (તા.૨૫-૯-૧૯૯૩). અને એ બધી જ રસભરી વિગત આ પુસ્તકની પૂર્વભૂમિકારૂપે મૂકવાનું કર્યું. શ્રી નંદુભાઈએ રજૂ કરેલી વિગતો આ પુસ્તકનો મહત્ત્વનો ભાગ છે.

અન્ય સ્વજનો પૈકી સ્વ. પુષ્પાબહેનનો હિમાલયયાત્રાનો હેવાલ સુલભ હતો. એને પરિશિષ્ટરૂપે આ પુસ્તકમાં સામેલ કર્યો. હિમાલયની યાત્રા દરમિયાન પૂજ્ય શ્રીમોટાની ચેતનાએ કેવા રૂપે સાથ આપ્યો એનું એમાં બયાન છે. ઉપરાંત, મે, ૧૯૯૪ દરમિયાન હિમાલયની યાત્રામાં મને થયેલા અનુભવનું પણ વર્ણન સામેલ કર્યું છે. વાચકો આ નવી રીતે કરેલા સંપાદનને આવકારશે એવી આશા રાખું છું.

પૂજ્ય શ્રી નંદુભાઈએ હિમાલયની યાત્રા અંગે ખૂબ ઉમળકાથી વર્ણન કર્યું છે. એ દિવસે પાંચ કલાક એમનો સંગ મેં માણ્યો, એ દરમિયાન પૂજ્ય શ્રીમોટા સાથે એમણે કરેલી યાત્રામાં મનોમન એમની સાથે જ હોઉં એવું સુરેખ ચિત્ર મારા ચિત્તમાં અંકાતું હતું. એ આનંદ અનેરો હતો. પૂજ્ય શ્રી નંદુભાઈના મારા પ્રત્યેના ઊંડા ભાવ બદલ હું કયા પ્રકારની લાગણી વ્યક્ત કરું એની મૂંઝવણ અનુભવું છું. એમના પ્રત્યે મારા દિલના નમન પાઠવીને વિરમું છું.

આ પુસ્તકની પ્રેસ નકલ તૈયાર કરી આપવામાં શ્રી પ્રભુદાસ ડી. જાનીનો તથા સૌ. કોકિલાબહેન મધુસૂદન ભટ્ટનો સહયોગ મળ્યો છે. એમનાં પ્રત્યે કૃતજ્ઞતાની અને આભારની લાગણી વ્યક્ત કરું છું.

હરિઃૐ આશ્રમ, સુરતે આ પ્રકાશનનું કામ સોંપીને મારા પર ઉપકાર કર્યો છે. શ્રી ઝીણાકાકાના આત્મીયભાવથી હું ભર્યો ભર્યો રહું છું. આ પ્રકાશન પ્રસંગે એમના પૂજ્ય શ્રીમોટા પ્રત્યે મૂક છતાં સક્રિય ભક્તિભાવને વંદન કરું છું.

તા. ૪-૯-૧૯૯૪ **રમેશ મ. ભટ્ટ**

॥ હરિઃૐ ॥

# નિવેદન

## (બીજી આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટાએ ઘણીવાર હિમાલયની યાત્રા કરેલી. પોતાના સાધનાકાળ દરમિયાન યાત્રા કરેલી એના અનુભવો પૂજ્ય શ્રીમોટાએ વિગતે કહ્યા નથી. છતાં ત્રણેક જેટલા અનુભવો આલેખ્યા છે, પરંતુ ૧૯૪૫માં પૂજ્ય શ્રી નંદુભાઈનો પરિવાર પૂજ્ય શ્રીમોટા સાથે યાત્રાએ ગયેલો ત્યારે પૂજ્ય શ્રીમોટાના અલૌકિક અનુભવો પૂજ્ય શ્રીમોટાએ **'જીવનપોકાર'**માં આલેખેલા છે. એને એકત્ર કરીને પ્રગટ કરવાનું શ્રી રમેશભાઈ ભટ્ટે સૂચવ્યું અને એ કામ એમણે હાથ પર લીધું. આ હકીકત તદ્દન નવા જ રૂપે એમણે સંપાદિત કરી છે.

આ પુસ્તકનું પ્રથમ પ્રકાશન સને ૧૯૯૪માં થયેલું, તેની પ્રતો અપ્રાપ્ય હોવાથી ૧૬ વર્ષ બાદ તેની આ બીજી આવૃત્તિ પ્રકાશિત કરતાં અમો આનંદ અનુભવીએ છીએ.

આ પુસ્તકની મુદ્રણશુદ્ધિનું કાર્ય પૂરા સદ્‌ભાવપૂર્વક શ્રી જયંતીભાઈ જાનીએ કરી આપ્યું છે. ટાઈટલ ડિઝાઈનનું કાર્ય શ્રી મયૂરભાઈ જાનીએ કરી આપ્યું છે. આ પુસ્તકને પૂરા સદ્‌ભાવથી છાપી આપવાનું કાર્ય સાહિત્ય મુદ્રણાલયના શ્રી શ્રેયસભાઈ વિષ્ણુભાઈ પંડ્યાએ કરી આપ્યું છે. પૂજ્ય શ્રીમોટા પરત્વેના ભક્તિભાવથી પ્રેરાઈને આ સર્વેએ આ પ્રકાશનમાં આપેલા સહકાર બદલ, તે સૌના અમો ખૂબ ખૂબ આભારી છીએ.

આશા છે કે સ્વજનો આ પ્રકાશનને આવકારશે.

ગુરુપૂર્ણિમા | **ટ્રસ્ટીમંડળ,**
તા. ૨૫-૭-૨૦૧૦ | હરિઃૐ આશ્રમ, સુરત

શ્રીમોટા સાથે

# હિમાલયયાત્રા

❏

શ્રી નંદુભાઈ શાહ

**‘હું સર્વત્ર વિદ્યમાન છું.’**

**- શ્રીમોટા**

‘જીવનદર્શન’, ૧૦મી આ., પૃ. ૩૮૨

## ખંડ : ૧

# શ્રીમોટા સાથે હિમાલયયાત્રા

શ્રી નંદુભાઈ શાહ

# શ્રીમોટા સાથે હિમાલયયાત્રા

## શ્રી નંદુભાઈ શાહ

મારાં બા મારી સાથે રહેતાં હતાં. એમની ઈચ્છા હિમાલયની યાત્રા કરવાની હતી, પણ એ જાણે કે નંદુને આમાં કશો રસ નથી. આથી, એ પોતાની ઈચ્છા પણ વ્યક્ત કરે નહિ. મને પ્રાકૃતિક સૌંદર્ય વિશે કશો જ ખ્યાલ નહિ, પણ એક વખત વાતવાતમાં એમણે મોટાને કહ્યું, 'મોટા, હિમાલયની યાત્રા થાય તો બહુ સારું !' મોટાએ આ વાત પકડી લીધી.

એક દિવસ મોટાએ કહ્યું, 'આપણે હિમાલયની યાત્રાએ જવું છે.' મોટાએ કહ્યું એટલે મારે આનાકાની કરવાનો કોઈ પ્રશ્ન જ ન હતો. મેં તો એ કહે ત્યારે જવાની તૈયારી દર્શાવી. ત્યારે મોટાએ કહ્યું, 'આપણી સાથે બાને પણ લેવાની છે.' મેં કહ્યું, 'ભલે.'

પછી એમણે કહ્યું, 'તમે બંને અમદાવાદ જાઓ. તમે બાળકને જન્મ આપ્યો છે, તો અમદાવાદ જઈને મૉન્ટેસોરીનો-બાળકેળવણીનો અભ્યાસક્રમ છે એ શીખી લો. ત્રણ મહિનાનો કોર્સ છે. આપણે પરીક્ષા આપવાની કશી જરૂર નથી, પણ અભ્યાસક્રમ શીખી લો, તો તમને બાળકને ઉછેરવાની તાલીમ મળે. પછી આપણે હિમાલય જઈશું.'

અમે અમદાવાદ ગયાં. ત્યાં ત્રણ મહિના રહીને કોર્સ પૂરો કર્યો. કાંતા, સિદ્ધાર્થ મારી સાથે હતાં. 'હિમાલય જવાની તૈયારી બધી અમદાવાદમાં કરી દેવાની. પછીથી તમે કેરાપટ્ટી આવજો. આપણે અમદાવાદથી યાત્રા કરીશું.' મોટાએ કહ્યું.

આમ, અમદાવાદમાં તૈયારી કરીને અમે કેરાપટ્ટી પહોંચ્યાં. પછી મોટા કહે, 'આપણે હિમાલયની યાત્રા અમદાવાદથી શરૂ કરીશું, પરંતુ લોકો કરે તેવી ચીલાચાલુ યાત્રા આપણે કરવી નથી. માટે, સૌથી પહેલું તો બધાં હિમાલયની યાત્રા કરવા નીકળે છે એના કરતાં વહેલા નીકળવું. કાં તો સૌથી વહેલા કે સૌથી છેલ્લા નીકળવું. વચગાળામાં કંઈ મજા નહિ. બધાં તો મે મહિના પછી હિમાલય જવા નીકળતાં હોય છે, પણ આપણે તો એપ્રિલ મહિનામાં જ હરિદ્વારથી નીકળીને સીધું જમના તરફ ચાલવા માંડવું છે.' એપ્રિલ મહિનામાં તો લોકો હિમાલયની યાત્રાનો વિચાર કરે ! ત્યારે અમે તો એપ્રિલ મહિનામાં જ યાત્રાની શરૂઆત કરવાનું નક્કી કરેલું.

આમ, નક્કી કરીને મોટા સાથે હું, કાંતા, સિદ્ધાર્થ અને બા એમ પાંચ જણાં દિલ્હી જવા નીકળ્યાં. દિલ્હીમાં મનુ સૂબેદાર સાહેબ એસેમ્બ્લીના સભ્ય હતા. એમણે મોટાને આમંત્રણ આપી રાખેલું કે 'દિલ્હી આવો ત્યારે અમારે ત્યાં આવજો.'

એટલે અમે નક્કી કર્યા પ્રમાણે દિલ્હીમાં મનુ સૂબેદારને ત્યાં મળવા ગયાં. મળીને પછી અમે હરિદ્વાર ગયાં. ત્યાં થોડુંક રોકાઈને અમે દેવપ્રયાગ જવા નીકળ્યાં. દેવપ્રયાગ સુધી અમે બસમાં ગયાં.

ત્યાં ઊતરીને અમે એક મકાન ભાડે લીધું, કારણ કે ચારપાંચ દિવસ ત્યાં રહેવું પડે એમ હતું. મકાન ભાડે લઈને સામાન મૂકીને જમવાની વ્યવસ્થા કરી અને માણસોને શોધવા નીકળ્યાં. અમારે ડોળી લેવાની હતી. ડોળી એટલે પાલખી.

આ પાલખીને બે વાંસ હોય અને એને ચાર મજૂરો ઊંચકે. એ વખતે બાની ઉંમર સાઠ વર્ષની હતી અને સિદ્ધાર્થ ચાર વર્ષનો હતો. એ બંને જણ માટે ડોળી રાખી અને ત્રણ જણ ચાલતાં જવાનાં. આથી, ચાર મજૂરો નક્કી કર્યા. ઉપરાંત, અમારો સામાન ઊંચકવા માટે બોજી-મજૂરો જોઈએ. એક રસોઇઓ. એ પ્રમાણે ગોઠવી દીધું. આટલો અમારો કાફલો.

હજી કોઈએ હિમાલયની યાત્રાએ જવાની શરૂઆત કરી ન હતી ત્યાં તો મોટાએ અમારી યાત્રા શરૂ કરી દીધી. જ્યાં પહોંચીએ ત્યાં અમે પહેલા જ હોવા જોઈએ એવી મોટાની ગણતરી હતી. આમાં અગવડ પણ હતી અને સગવડ પણ હતી. મોટા કહે, 'થોડાક જણ પણ આપણી આગળ જાય અને આપણે એમની પાછળ જઈએ તો જે ચટ્ટીમાં આપણે રહેવાનું હોય ત્યાં અને આગળપાછળ શૌચાદિને લીધે ગંદકી પણ રહે.'

એ વખતે ૧૯૪૫માં રૅશનિંગ ચાલે. આથી, ન મળે કોલસા, ગ્યાસતેલ કે ન મળે ખાંડ. એટલે જે મળે એનાથી ચલાવી લેવાનું. વળી, ઉતારો તો ચટ્ટીમાં કરવાનો. ગામથી થોડેક દૂર તથા મુખ્ય રસ્તાથી થોડેક અંદરના ભાગમાં. ખાડાખૈયાવાળી જગામાં એક કાચી છાપરી જેવું બાંધ્યું હોય એને ચટ્ટી કહેવાય. આ બાર ફૂટ લાંબી અને આઠ ફૂટ પહોળી હોય. એક જાતનું કામચલાઉ ઝૂંપડું. આગળપાછળ બીજું કશું મળે નહિ. જેણે આ ચટ્ટી બાંધી રાખી હોય એ માણસ આપણને સીધું આપે. એ જ એની કમાણી. એની સામે આપણને એ સૂવાની જગા આપે.

મોટાએ એમ કહેલું, ‘આપણે વહેલા જઈએ એટલે એકલા હોઈએ. નહિતર આટલી જગામાં બીજા બે કુટુંબ પણ ભેગા થઈ ગયા હોય અને જગાની ટાંચ પડે. એ રીતે વહેલા નીકળવાથી સગવડ રહે, પણ જોઈતી બધી વસ્તુઓ મળે નહિ એટલે અગવડ રહે, જ્યારે લોકો વધુ પ્રમાણમાં આવતા થાય ત્યારે પેલો માણસ વસ્તુઓ પુષ્કળ પ્રમાણમાં મંગાવી રાખે. અમે સૌથી પહેલા હોઈએ એટલે પૂરતા પ્રમાણમાં વસ્તુઓ હોય નહિ. આમ, સૌથી પહેલા નીકળવાના લાભ-ગેરલાભ બંને હતા. જોકે ગેરલાભ કરતાં લાભ વધારે હતો. એટલે અમે વહેલા નીકળ્યાં હતાં.’

અમે અમારી સાથે સામાન પણ ખપ પૂરતો રાખેલો. વધારે સામાન રાખીએ તો એને ઊંચકવા માટે બોજી રાખવો પડે. આથી, અમે સૂવા માટે એક એક શેતરંજી અને એક ઓશીકું રાખેલાં. બાને માટે અને મોટા માટે પાતળી ગોદડી રાખેલી. ખાડાખૈયાવાળી જમીન પર એ પાથરીને સૂઈ રહેવાનું.

મોટાને સવારમાં ચાર વાગ્યે ચા જોઈએ. ગ્યાસતેલ ના મળે. એટલે ચા બનાવવા માટે લાકડાં શોધી રાખવાનાં. સવારે ચાર વાગ્યે ચા પીવાનો પહેલેથી ક્રમ હતો. કોઈને પણ ઘરે હોય તો સવારે ચાર વાગ્યે ચા પીવે. એટલે હિમાલયની યાત્રા દરમિયાન સવારે ચાર વાગ્યે લાકડાં સળગાવીને ચા બનાવીને ચા પીતા અને પાંચ વાગ્યે અમે યાત્રાએ ચાલતાં નીકળી જતાં.

ચાર વાગ્યે ચા તૈયાર જોઈએ એટલે કલાક વહેલા ઊઠીને તૈયારી કરવી પડે. યાત્રા પણ જેટલી વહેલી શરૂ થાય એટલું

સારું, કેમ કે બીજા મુકામ પર પણ સમયસર પહોંચી જવાય.

સૌથી વહેલો હું ઊઠતો. રાતના સળેકડાં શોધીને એકઠાં કરી રાખ્યાં હોય. લાકડાં તો જે માણસની ચટ્ટી હોય એ આપે. ચાનો કાર્યક્રમ પૂરો થાય એટલે સામાન બાંધવાનો. ગાંસડાં-પોટલાં રોજ સવારે બાંધવાનાં અને અગિયાર વાગ્યે છોડવાનાં.

મોટા કહે, 'આપણે એક સાથે-સળંગ દસ માઈલ ચાલવાનું, કેમ કે આપણે બે મહિનામાં આપણી હિમાલયની યાત્રા પૂરી કરવી છે.' એમ નક્કી કહેલું કે 'યાત્રાળુઓની ભીડ થવા માંડે એ પહેલાં આપણે યાત્રા પૂરી કરી શકીએ. માટે, આ પદ્ધતિ રાખવી પડશે. બીજાઓની યાત્રા શરૂ થાય એ પહેલાં આપણી યાત્રા પૂરી થઈ જવી જોઈએ.'

આમ, ચા પિવાઈ જાય એટલે મોટા સાથે કાંતા ચાલતી થાય. અને બા, સિદ્ધાર્થ તથા બોજી સાથે પાછળ હું ચાલું.

સીધું લઈને રસોઈ તૈયાર કરાવવાનું કામ મોટાએ રાખેલું. ખોરાકમાં ભાખરી અને બટાકાનું શાક. બીજું કંઈ નહિ. હિમાલય પર દાળ ચઢે નહિ. એટલે દાળ લીધેલી નહિ. એટલે રોજ ભાખરી અને બટાકાનું શાક.

બહારનું કશું બીજું ખરીદવાનું નહિ. ભાખરી માટે લોટ લે પણ પ્રમાણસરનો જ લે. ત્રણચાર ભાખરી ભાગે આવે. પાંચછ દિવસ તો એમ ચાલ્યા.

એ વખતે મોટાના સમાગમના પાંચેક વર્ષ થયેલાં. મને પોતાને ગુરુશિષ્યનો ભાવ કેવો હોય એની કશી જાગ્રતિ ન હતી. એક મિત્ર તરીકે સાથે રહેતો હતો. મેં એમને ક્યાંય સુધી મિત્ર તરીકે જ માનેલા. એટલે એક દિવસ મેં એમને

કહ્યું, 'આટલું ઓછું ખાઈને આટલું બધું ચાલવાનું શી રીતે થાય ?'

એમણે પૂછ્યું, 'તમે ભૂખ્યા રહો છો ?'

મેં કહ્યું, 'હા, મારા ભાગે ત્રણ કે ચાર ભાખરી આવે છે.'

મેં આ રજૂઆત જરા દુઃખ સાથે કરી. અમે અમદાવાદથી યાત્રાએ નીકળવાનાં હતાં ત્યારે ખર્ચનો અંદાજ કરીને પાંચ હજાર રૂપિયા સાથે લીધેલા. અને પાકીટ મોટા પાસે રહેતું હતું. એ પાંચ હજાર રૂપિયામાંથી ખર્ચ કેવી રીતે કરવાનો છે, એની મને ખબર ન હતી. પણ પાંચછ દિવસનો ખર્ચ થતો જોયો. મેં મનમાં હિસાબ કરી જોયો કે ખર્ચ મામૂલી થતો હતો. અને હજાર-પંદરસો રૂપિયામાં અમારી યાત્રા પૂરી થશે એમ પણ લાગેલું.

મારી એમની સાથેના પરિચયની ગાઢતા પૂરી જામી ન હતી. આથી, શંકાકુશંકા પણ થતી હતી. મને થયું કે દૂધ નહિ અને ખાવાનું આવું. કેવી રીતે આમ ચાલશે ?

એમણે ટોપરાં અને ગોળ લીધેલાં હતાં. દૂધના પાઉડરના ડબા પણ સાથે રાખેલા. હું તો ચા પીતો ન હતો. મોટા, કાંતા અને બા વગેરે ચા પીવે. હું તો બોજીઓ સાથે પાછળ ચાલતો. મોટા અને કાંતા આગળ પહોંચીને રસોઈની તૈયારી કરી દે. માટે પાકીટ એમની પાસે જ રહેતું હતું.

અમે બીજા મુકામ પર દસ-સાડાદસે પહોંચીએ અને એ લોકો સવારે નવ વાગ્યે પહોંચી જાય. રસોઇઓ એમની સાથે હોય એટલે એ રસોઈ કરાવી દે. અમે સાડાદસે પહોંચીએ ત્યારે તો ખાવાનું તૈયાર કરાવી દીધું હોય. ઉપરાંત, અમારા

માટે ગરમ પાણી પણ તૈયાર રાખવાનું હોય. એટલે અમે નાહીએ અને પગને થોડાક ઝારીએ. અગિયાર-સાડા અગિયાર વાગ્યે જમીને સૂઈ જઈએ. આવો અમારો ઉપક્રમ હતો.

મોટા પાસે ખોરાક અંગે મેં રજૂઆત કરી એટલે એકદમ તાડૂક્યા. એમની પાસે પૈસાનું પાકીટ હતું તે મારી તરફ ફેંક્યું. હું એમનાથી આઠદસ ફૂટ દૂર હતો. અને બોલ્યા, 'આ તમારું પાકીટ. હવે બધો હિસાબ તમે રાખજો. મારાથી આગળ જઈને તમારે જે રસોઈ કરાવવી હોય એ કરાવજો. મને પૂછશો નહિ.'

મોટાનો આવો વર્તાવ જોઈને હું તો ડઘાઈ ગયો. મેં તો તરત જ એમની માફી માગી અને કહ્યું, 'આપ આ સ્વીકારો. હવે, હું એક અક્ષર પણ નહિ બોલું. તમે જેમ કહેશો એમ કરીશ.'

અને પછી હું એક શબ્દ પણ બોલ્યો નથી. અમારી યાત્રા બાવન દિવસ ચાલી. બાવન દિવસ દરમિયાન પાંચસો વીસ માઈલ પગે ચાલીને યાત્રા કરી. છતાં અમારાં બધાંનાં શરીરનાં વજન વધેલાં હતાં, એ પણ એક અચરજની વાત હતી. હિમાલયની યાત્રા કરતાં કરતાં રસ્તામાં ચાદૂધની દુકાન આવે ત્યારે દૂધ પીવાની ઈચ્છા થાય, પણ પાસે પાકીટ કે પૈસા હોય તો પિવાયને ?

★ ★ ★

અમે અમદાવાદથી નીકળ્યાં ત્યારે સિદ્ધાર્થને ઝાડા થયેલા. આ હકીકત મેં મોટાને કહેલી. મેં કહેલું કે આ સ્થિતિમાં યાત્રાની મજા નહિ આવે. અમે દેવપ્રયાગ પહોંચ્યાં ત્યારથી એને ઝાડા બંધ થયા અને મોટાને શરૂ થયા. આ પ્રસંગ મોટાએ

હવે પછીનાં પાનાંમાં વર્ણવ્યો છે. જોકે હકીકત એ હતી કે મોટાને બાવન દિવસની યાત્રા દરમિયાન ઝાડા ચાલુ જ રહેલા. અમે પાછાં દેવપ્રયાગ આવ્યાં ત્યારે ઝાડા બંધ થયેલા.

અમારી યાત્રા દરમિયાન અમારા પગે પાટા બાંધ્યા હોય, માથા પર ફેંટિયું બાંધ્યું હોય અને હાથમાં લાકડી હોય-જાણે કોઈક ભરવાડ ચાલતો હોય એવો અમારો વેશ હતો. હિમાલયનું સૌંદર્ય બધાંને મુગ્ધ કરે છે, પણ મારામાં પ્રાકૃતિક સૌંદર્ય માણવાની વૃત્તિ પહેલેથી જ નહિ. મારે મન તો આ બધા પથરા જ હતા.

ફૂલછોડ કે વનસ્પતિ વાવવાં કે ઉછેરવાં પ્રત્યે જરાપણ રુચિ નહિ. ક્યાંય હોય તો એનું આકર્ષણ નહિ. આ બધો સંસ્કાર ગાંધીજીને કારણે પડેલો. એમ થતું કે વાવવાં હોય તો ફળાઉ વૃક્ષો વાવવાં, શાકભાજીના છોડ વાવવા - જેમાંથી ઉપયોગી ઉત્પાદન થાય, બે પૈસા પણ મળે, પણ આવા બિનઉપયોગી છોડ કે વેલા ઉછેરવાથી તો સમય બગડે. એટલો સમય બીજાં સારાં કામમાં ઉપયોગમાં લેવાય, આવી એક ગ્રંથિ બંધાઈ ગયેલી.

કુંભકોણમ્‌માં કાવેરી નદીનો પાણીનો પ્રવાહ જોઈને પણ મને ઉલ્લાસ કે ખુશી ન થાય ! એમ જ લાગે કે, ‘આ નદી છે અને નદીમાં પાણી વહે છે ! એમાં શું ?’

આથી, હિમાલયમાં પણ શું છે ? પથ્થર જોવાના, પાણી જોવાનું-બધું એકનું એક જ છે. એમાં વિશેષતા શી છે ? એ મને સમજાય નહિ. આ તો મોટાને આપણે ગુરુ માન્યા છે અને બાની ઇચ્છા પૂરી કરવી છે એટલે આ કરીએ છીએ. એટલે

મારે મન હિમાલયની યાત્રાનો આનંદ ન હતો. અમે હિમાલયની યાત્રા કરીને ઊતર્યાં ત્યાં સુધી મારું આવું માનસ રહ્યું.

અમારી સાથે જે બોજીઓ હતા. એમાં એક મુકાદમ હતો. એણે જ બીજા ત્રણને શોધવાના. એ લોકો એમની જમવાની વ્યવસ્થા પોતાની મેળે કરી લે. અમારે તો માત્ર મુકાદમને જ પૈસા ચૂકવવાના.

હવે, એ મુકાદમે જે ત્રણ માણસો લીધેલા, એમાંનો એક માંદા જેવો હતો. એ સહેજ ધીમો ચાલે. વળી, શરીરે એ થોડોક પાતળો હતો. અને ખભે ઊંચકવાનો વાંસ એના ખભે ઘસાય. એટલે એ સાતઆઠ દિવસ ચાલ્યો એટલે ખભે છાલાં પડ્યાં અને એ પાક્યું. પછી તો એ વાંસ મૂકીને ધીમે ધીમે ચાલવા લાગતો. આથી, અમારાં બધાંની ગતિ ધીમી પડતી. પેલા મુકાદમે એમ વિચાર્યું કે 'આગળ ગામ આવે ત્યાંથી આ માણસને બદલી લઈશ.' એ ગામ પહોંચ્યાં એટલે મોટાને વાત કરી કે 'આપણે આ માણસને બદલી દઈએ છીએ. એને પૈસા આપીને છૂટો કરી દઈએ.'

મોટાનો પહેલેથી જ સિદ્ધાંત હતો. જોકે મને તો આશ્રમમાં જોડાયા પછીથી એ સમજાયેલું કે કોઈ પણ માણસને આપણે કામે લીધો હોય તો એની માંદગી હોય એથી આપણો લાભ ઓછો થતો હોય તો એને રજા ન અપાય. ચોરી કરે તોય એને આપણાથી છૂટો ન કરાય. આપણા જ લાભને ધ્યાનમાં રાખીને આવું પગલું નહિ ભરવાનું. આવું મેં આશ્રમમાં પણ અનુભવેલું. એક જણે ચાંદીની વસ્તુની ચોરી કરી. એ જે સોનીને ત્યાં વેચવા ગયો એ અમારો પરિચિત હતો. એમણે

એ વસ્તુ ખરીદી લીધી અને મોટાને જાણ કરી કે ‘આશ્રમમાં ચાંદીની વસ્તુઓ ગણી જુઓ. કશું ખૂટે છે ?’ એમ ગણતરી કરતાં એક વસ્તુ ઓછી જણાઈ. ચોરી જનાર કોણ હતો એ ખબર પડી.

મોટાએ કહ્યું, ‘આ બનાવને લીધે એ છોકરાને કાઢી મૂકવાનો નથી. આપણે એને સુધરવાની તક આપવી જોઈએ. આપણને પાંચ પચીસ રૂપિયાનું નુકસાન થાય એથી કોઈને હાંકી ન કઢાય.’

આમ, પેલા બોજીને છૂટો ન કરવો એમ મોટાએ તો જણાવ્યું, પણ મુકાદમનો માણસ હતો એથી એને રાખવાનો કે છૂટો કરવાનો નિર્ણય અમારે લેવાનો ન હતો. આથી, રાતથી જ પેલાને છૂટો કરવાનો નિર્ણય કરી દીધો અને મુકાદમે કહ્યું, ‘કાલથી તું છૂટો છે.’ એણે બીજા માણસની વ્યવસ્થા પણ કરી દીધી.

સવારમાં પેલો જે નવો માણસ આવવાનો હતો, તે દેખાયો જ નહિ. એટલે આ જે માંદો હતો એ જ રહ્યો. એટલે અમે કહ્યું, ‘ચાલ ભાઈ, જેમ હોય તેમ. અમારે કંઈ અહીં થોડું જ બેસી રહેવાય એમ છે ?’

એટલે મોટાએ કહ્યું, ‘એને પટ્ટી લગાવીને રૂ મૂકીને એની સારવાર કરો. અમે અમારા સામાન સાથે જરૂરી દવાઓ ઉપરાંત વાગે તો લગાવવાની પટ્ટીનો રોલ અને રૂ પણ રાખેલાં. એટલે એના છાલાંની સારવાર શરૂ કરી.’

રોજ એના છાલાંને સાફ કરતા, દવા લગાવતા અને પટ્ટી લગાવીને સારવાર કરતા. ત્રણ ઈંચની પહોળી પટ્ટી હતી. એને એક વખત લગાવીને બીજી વખત એની ઉપર લગાવતા,

જેથી ઘર્ષણ ઓછું થાય. અમારે બધા જ દિવસ ડ્રેસિંગ કરવું પડ્યું, પણ જેમ જેમ અમે નીચે ઊતરતાં ગયાં તેમ તેમ એનો ઘા રુઝાતો ચાલ્યો. છેલ્લા દિવસે એને તદ્દન રૂઝ આવી ગઈ. લ્યુકોપ્લાસ્ટના પટ્ટાથી આવી રીતે ઘા રુઝાય છે, એનો મને પહેલો અનુભવ થયો.'

મોટાએ કહ્યું, 'અમે જેલમાં આવા પટ્ટા લઈ જતા. એ બધા પર ચાલે. વાગ્યું હોય, દાઝ્યા હોય, પણ એ પટ્ટો ચૂસ્ત રીતે લગાવવો પડે. બિલકુલ ઍરટાઇટ, એમાંથી હવા પણ પસાર ન થવી જોઈએ.'

અમારી હિમાલયયાત્રામાં આગળ જતાં મગ્ગુ નામનો પર્વત ચડવાનો આવે છે. આપણામાં એવી કહેવત છે કે 'કાબુલ કી લડાઈ ઔર મગ્ગુ કી ચડાઈ.' એકસરખાં-મતલબ કે કાબુલની લડાઈ જીતવી જેટલી મુશ્કેલ છે, એટલી મુશ્કેલી મગ્ગુ પર્વત ઓળંગતા અનુભવાય છે. આ ચઢાણને માટે બે રસ્તા છે. એમાં એક રસ્તો જરાક વધારે અઘરો છે. એ રસ્તો એક દિવસમાં પૂરો થાય છે અને બીજે રસ્તે બે દિવસ લાગે છે. એ રસ્તો પ્રમાણમાં સહેલો છે. મોટા ભાગના લોકો અઘરું ચઢાણ ટાળવા માટે સહેલો રસ્તો પસંદ કરે છે. અમારી સાથે એક જમીનદાર કુટુંબ હતું. એમની સાથે ૩૦-૩૫ માણસોનો કાફલો હતો. અમે એમનાથી એક ચટ્ટી આગળ રહીએ, કેમ કે અમને એમની સાથે રહેવાનું ફાવે નહિ.

મગ્ગુ ચઢાણ પાસે બધાંએ અટકવું પડે અને નક્કી કરવું પડે કે કયા રસ્તે જવું છે ? સીધાં ચઢાણવાળો રસ્તો કોઈ પસંદ નથી કરતું. એક દિવસ ભલે વધારે થાય, પણ મોટાએ

અમને કહ્યું કે આપણે તો સાહસ અનુભવાય એવા રસ્તે જ જવું છે. અમે સીધાં ચઢાણનો-આકરાં ચઢાણનો રસ્તો લીધો. બધાં કરતાં હોય એમ આપણે નહિ કરવાનું એમ મોટાએ તો કહ્યું.

પણ એ ચઢાણ માટે હજી કેડી પડી ન હતી. મતલબ કે માણસોએ એ રસ્તે જવાનું શરૂ કર્યું ન હતું. લોકો જેમ જેમ એ રસ્તે જાય તેમ તેમ કેડી પડતી જાય. હિમાલયની યાત્રા શરૂ કરવામાં અમે આગળ હતાં. આથી, કેડી પડેલી ન હતી. વળી, રસ્તા બરફથી છવાયેલા છે. આથી, ચઢવાની-ચાલવાની પણ મુસીબત રહેવાની - આવું અમને જમીનદારે સમજાવ્યું. મોટા કહે, 'ભલે.' આથી, જમીનદાર ફંટાઈ ગયો. એણે કહ્યું કે અમે તો પેલા રસ્તે જ જવાના. ભલે એક દિવસ વધારે થાય !

અમે પસંદ કરેલા રસ્તા પર સળંગ ચઢાણ હતું. વચમાં ચટ્ટી કે કશું પણ ન આવે. ચઢાણ-ઊતરાણ કરતાં અઢાર માઈલનો રસ્તો હતો. સવારના પાંચ વાગ્યે નીકળીએ તો સાંજના છ વાગ્યે બીજા મુકામ પર પહોંચીએ. લગભગ બાર કલાક ચાલવાનું.

અમે તો સવારે પાંચ વાગ્યે નીકળ્યાં. અમારું ચાલવાનું સારું હતું. સાંજના ચારેક વાગવા આવ્યા, ત્યાં બરફના રસ્તા પરનો વધારે ઢોળાવ-સ્લોપ આવ્યો. બધે બરફ છવાયેલો. એટલે બરફ પર કેડી પાડવાની. જો પગ લપસ્યો તો જાય નીચે ! અમારી આગળ મોટા અને કાંતા બે જણ એકલાં ચાલ્યાં ગયેલાં. લગભગ ચાર સાડા ચારના સુમારે કાંતાનો

પગ લપસ્યો. અને દસ બાર ફૂટ નીચે ધસી પડી. ત્યાં એક ઝાડ આવી ગયું. ત્યાં એ અટકી પડી. જો ઝાડ ન આવ્યું હોત તો સીધી ખીણમાં પડત. એ ખીણ પચાસ ફૂટ ઊંડી હશે. જમણી બાજુ પર્વત હતો અને ડાબી બાજુ ખીણ હતી અને આમ સીધા જ ચડવાનું !

અમારી સાથે મુકાદમ હતો. એણે કાંતાને કહ્યું, 'બહેન તમે મારા ખભે બેસી જાઓ. હજી દોઢબે કલાકનો રસ્તો છે. તમને ચાલતાં તકલીફ પડશે.'

કાંતા કહે, 'મારે કોઈના ખભા પર બેસીને યાત્રા કરવી નથી.'

'....તો પછી આ પાલખીમાં તું બેસ અને હું ધીમે ધીમે નંદુની લાકડી પકડીને ચાલીશ.' એમ મારી બાએ કહ્યું.

પણ ત્યાં તો લાકડી વિના ચાલવું મુશ્કેલ. ટેકા વગર ચાલવું મુશ્કેલ છે, તો હવે શું થાય ? મારા કરતાં બાને લાકડીની વધારે જરૂર છે. આથી, મેં લાકડી બાને આપી. અને ધીમે ધીમે ચાલવા લાગ્યાં. પંદરેક ફૂટ હું આગળ ચાલ્યો, તો રસ્તા વચ્ચે એક લાકડી ઊભી હતી. બરફમાં લાકડી ઠોકાયેલી હતી. અને લગભગ પાંચ ફૂટ ઊંચી હતી. એ મારી સામે જ આવીને ઊભી રહી. મને થયું કે 'ઈશ્વરની આ કેવી કૃપા કે મારા માટે લાકડી તૈયાર રાખી છે ?'

બીજી બાજુથી બરફમાં ચાલવાને લીધે બૂટનાં તળિયાં ઘસાઈ ગયાં હતાં. બૂટ રબરના હતા. એને એડી કે કશું રખાયું ન હતું. એટલે બૂટ વધારે લપસતા હતા. એટલે મારે બૂટ કાઢી નાખવા પડ્યા. ગરમ મોજાં પહેરેલાં તે ફાટી ગયાં.

પગ ઉઘાડા થઈ ગયા. ઉઘાડા પગે ચાલવાનું કેવી રીતે ? એટલે પાટાપિંડી કરીને કામ ચલાવવા માંડ્યું. આટલું તો હતું પણ એ દરમિયાન ઉપરથી વરસાદ શરૂ થઈ ગયો. નીચે બરફ અને ઉપરથી બરફનાં ઝીણાં ફોરાં સામે મોટા અને કાંતા પહોંચી ગયાં. દૂરથી જોઈ શકાય એ રીતે ઊભેલાં. એ લોકોના હાથ અમે જોઈ શકીએ. 'આવો આવો' એમ કહે. આમ, ચાલતાં ચાલતાં તો સાંજ પડી ગઈ. હવે જો અડધા કલાકમાં આ અંતર પૂરું ન થાય તો રાત પડી જાય અને અંધારું થઈ જાય. પછી તો આગળ ચલાય નહિ. આવી જગાએ રાત્રે રહેવાય કેવી રીતે ? એટલે હું મૂંઝાયો. એ પળે મેં પ્રભુને પ્રાર્થના કરી, 'હે ભગવાન ! તું અમારામાં ગમે તેમ શક્તિ મૂક અને અંધારું થતાં પહેલાં અમને મુકામે પહોંચાડ.' પેલા લોકોને પણ થાય કે અંધારું થવા આવ્યું છે. બા, ધીમે ધીમે ચાલે છે. એ વખતે દિલથી એવી પ્રાર્થના થઈ કે મને હજી સુધી યાદ છે કે આજ સુધી આવી પ્રાર્થના મારાથી થઈ નથી. મારો જીવ પ્રાર્થનાને યોગ્ય નથી. મને પ્રાર્થના કદી ગમતી નહિ, કેમ કે માગવું શું ? ભિખારીવેડા! પણ એ વખતે હૃદયથી જે પ્રાર્થના થઈ છે, એ યાદ આવતાં આજે પણ આંખમાંથી આંસુ આવે છે. એ પ્રાર્થના કેવી રીતે થઈ? ઈશ્વરની કૃપાથી અંધારું થતાં પહેલાં જ મહાપરાણે અમારા મુકામ પર પહોંચ્યાં. જો ન પહોંચાયું હોત તો મરવાના સોદા હતા. અંધારામાં ઢોળાવ પર બેસવું ક્યાં ? બાને ક્યાં બેસાડવી ? પાસે ઓઢવાનું તો કશું હતું નહિ. બોજીવાળા પાસે સામાન અને એ રસ્તામાં છોડીને કશું આપી શકે નહિ.

મુકામે પહોંચ્યાં તો ચટ્ટી ઊઘડી જ ન હતી. ત્યાં તો તાળું હતું. ત્યાં પાકું ઘર હતું, કેમ કે ત્યાં બરફ બહુ પડે ! ચટ્ટીવાળો આજે આવ્યો જ ન હતો, અને હવે રાત પડી એટલે એ પણ આવવાનો નહિ. આથી, અમે તો તાળું તોડી નાખ્યું અને અંદર પેઠાં. મકાન તો ખાલી ખોખું. ભાથું પણ સાથે ન હતું. ટોપરાં અને ગોળ સિવાય અમારી પાસે કશું ન હતું. ખાધાપીધા વગર અમે સૂતાં. બરફ એટલો બધો કે પાંચ ફૂટ જેટલો બરફ છવાઈ ગયેલો.

અમે પાંચેય લગોલગ બેઠાં. ઠંડી તો સખત. મોટાએ અમારી સાથે બ્રાંડી રખાવેલી. તે બ્રાંડી કઢાવી અને ઠંડી ઉડાડવાની દવા તરીકે લીધી.

હજીય આ યાદ આવે છે ત્યારે થાય છે કે 'ભગવાન, આવો દિવસ ફરી ક્યારેય ન આવશો.' બીજે દિવસે સવારે ઊઠ્યાં અને પાછું ચાલવા માંડ્યું. તે અગિયાર વાગ્યા સુધી ચાલવાનું. ત્યાં સુધી ખાવાનું બંધ ! કશું જ ના મળે. પાણી ખરું. જોકે હવે તો ઊતરવાનું હતું. જેમ ઘર નજીક આવે તેમ બળદને ચાલવાનો કેવો થનગનાટ હોય છે ! એવો થનગનાટ અમને એ વખતે અનુભવાયો. ત્યાં અગિયાર વાગ્યે પહોંચ્યાં અને હાશ કરીને બેઠાં. પછી આરામ.

મોટાની સાથે કેટલી બધી કઠણાઈ અનુભવી. મેં કહ્યું, 'મોટા, આ જમીનદાર જેવો જમીનદાર થાકી ગયો. અને લાંબે રસ્તે ગયો અને આપણે આ રસ્તે આવ્યાં.' ત્યારે મોટા કહે, 'સાહસમાં જ મજા છેને ? ચીલાચાલુ તો સૌ ચાલે !'

ત્યારે થયું કે આ માણસ જોડે રહેવું અને પાનાં પાડવાં કઠણ છે ! બહુ કઠણાઈ.

ચટ્ટીવાળો અમને કશું આપે નહિ. અમે કોડિયાં રાખેલાં. દિવેટ રાખેલી અને દિવેલના શીશા રાખેલા. તે કોડિયાંમાં દિવેલ પૂરવાનું, એમાં વાટ નાખવાની અને સળગાવીને એનો ઉપયોગ પૂરો થાય એટલે સવારમાં દિવેલ પાછું રેડી દેવાનું ! રોજ રાત્રે કોડિયું ભરવાનું અને સવારે ખાલી કરવાનું. આ બધી ક્રિયા રોજ કરવાની. અઢી વાગ્યે ઊઠવાનું. દેવતા પાડવાનો અને ચા બનાવવાની.

આટલી અગવડ હતી, પણ સુખ પણ હતું. અમે જ્યાં જઈએ ત્યાં બારણાં ખુલ્લાં. કોઈ પણ જાતની ગિરદી ન મળે. આગળપાછળ ગંદકી પણ ન મળે !

અમે જમનોત્રી ગયાં. ત્યાં જવા માટે ડોળી ચાલી શકે નહિ, તો ત્યાં વાંસની ટોપલીઓ હોય છે. નીચેથી સાંકડી ને ઉપરથી પહોળી-શંકુ આકારની. એમાં બાને બેસાડીને પીઠ પર લઈ લે. બાથી ચાલીને ચઢાય એમ ન હતું. જમનોત્રીમાં ચાર માઈલની ઊંચાઈનું ચઢાણ હતું.

ત્યાં તો ગરમ પાણીના કુંડ ! ઈશ્વરની કેવી કૃપા છે કે હિમાલયની દરેક ટેકરીની છેક ટોચે આવા ગરમ પાણીના કુંડ હોય ! ખળખળતું પાણી હોય ! બટાકાની પોટલી બાંધીને એમાં મૂકી હોય તો બટાકા બફાઈ જાય. ચોખાની પોટલી હોય અને એમાં મૂકીએ તો ભાત થઈ જાય !

એ વખતે જમનોત્રીમાં રહેવાની સગવડ ન હતી. એટલે ત્યાંથી ઉપર ગંગોત્રી તરફ નીકળ્યાં. જમનોત્રી, ગંગોત્રી, કેદાર

અને બદરી-હિમાલયનાં આ ચાર શિખરો યાત્રાનાં ધામ. એમાં ચડવાનું ઊતરવાનું એમ થયા કરે. એક શિખર અને બીજા શિખરની વચ્ચે ચાર માઈલ કહ્યા, પણ ચઢવા ઊતરવાના ગણીએ તો આઠથી દસ માઈલ ગણાય !

હવે, અમારા સંઘની પાછા ફરવાની શરૂઆત થતી હતી. ત્યાં મોટા, કાંતાને કહે, 'કાંતા, મારે ઘી જોઈએ છે.' લઈ આવ. કાંતાએ કહ્યું, 'પૈસા આપો, લઈ આવું. પૈસા આપે તો સહુ લઈ આવે, પણ પૈસા વિના લાવે ત્યારે ખરું.'

કાંતા તો ઘી લેવા ગઈ અને ભીખ માગીને ઘી લાવી. મોટાએ એનો આવો સંકોચ ભાગ્યો. ઝૂંપડામાં રહેનાર પાસેથી માગીને ઘી લાવવાનું. અમારો મોટા સાથે નવો નવો પરિચય હતો, પણ તાલીમ આપવાની એમની રીત આવી હતી.

અમારો સંઘ દેવપ્રયાગ આવ્યો અને પછી હરિદ્વાર આવ્યાં. હરિદ્વાર આવીને મોટાએ પૈસાનું પેલું પાકીટ મને પાછું સોંપ્યું.

આ પહેલાંનો એક પ્રસંગ નોંધપાત્ર છે. બાની ઈચ્છા બદરીનારાયણના મંદિરમાં રાજભોગ કરાવવાની હતી. એ વખતે સાતસો પચાસમાં રાજભોગ થતો. એ વખતના સાતસો પચાસ (૧૯૪૫) એટલે આજના પંચોતેર હજાર રૂપિયા ગણાય (૧૯૯૩). મોટાને એમ કે આ સાતસો પચાસ રૂપિયા બા ફેંકી દે છે ! આથી, મોટાએ પ્રાર્થના કરી કે 'હે ભગવાન ! એવું કંઈ કરાવ, બાની અંધશ્રદ્ધા દૂર થાય.'

અને બન્યું પણ એવું કે બાએ રાજભોગનો વિચાર પડતો મૂક્યો.

★ ★ ★

બાવન દિવસની અમારી યાત્રા પૂરી થઈ. અમે હરિદ્વાર આવ્યાં.

મોટા કહે, 'એવી ધર્મશાળા શોધો કે જેનાં પગથિયાં પાસેથી ગંગાજી વહેતાં હોય.'

એટલે અમે એવી જગા શોધીને ધર્મશાળામાં ગયાં.

મોટા, ગંગા કિનારાના પગથિયા પર બેઠા અને પગને ગંગાના પ્રવાહમાં રાખ્યા. મને કહે, 'મારે અહીં ગંગાજીની સ્તુતિ કરવી છે !' એટલે મેં કાગળ પેનનો પ્રબંધ કર્યો. મોટાએ આ સ્થળે એક જ બેઠકે એકીકલમે સડસડાટ **'શ્રી ગંગાચરણે'** લખ્યું. શિખરિણી-મંદાક્રાંતાના મિશ્ર છંદનો ગુજરાતીમાં પ્રયોગ કરનાર મોટા એકલા જ છે.

એમણે તો સ્તુતિ-પ્રાર્થના કરી લીધી. મેં કહ્યું, 'આને હું છપાવીશ.'

પછી મોટાએ કહ્યું, 'હવે તમારે જ્યાં ફરવું હોય ત્યાં ફરો. જે ખાવું હોય તે ખાઓ અને જેમ મોજ કરવી હોય તેમ કરો. હવે તમે છુટ્ટા. હવે, તમે માંદા પડો તો તમારી જવાબદારી. તમને ખ્યાલ છે કે આપણે પાંચ માણસોમાં એક વૃદ્ધ અને એક બાળક છે. એમને લઈને હું નીકળ્યો છું. કોઈ માંદું પડે તો મારી પાસે કંઈ ડૉક્ટર હતા ? હું શું કરત ? વળી, આપણે એવી રીતે નીકળેલાં કે જ્યાં સાથ મળે નહિ. રસ્તામાં કોઈ મળે નહિ.'

ઝરણાનું પાણી ભારે. એ પચે નહિ. ઘણાખરા લોકો હિમાલય જઈ આવ્યા પછી માંદા પડી જાય છે. ખાવામાં સંયમ ન રાખે. બહારનું આચરકૂચર ખાતા હોય. ગમે તેવું પાણી

પીતા હોય. ઝરણાનું પાણી પચવામાં ભારે, એટલે દાળ ચડતી નથી. જો દાળ ચડતી ન હોય તો ખોરાક કેવી રીતે પચાવી શકે ?

એટલે જ અમને પચે એવો જ ઓછો ખોરાક આપતા. અમારાં બધાંનું વજન ઘટેલું. એમાં મોટાના શરીરનું વજન તો દસથી બાર રતલ ઘટેલું. એક તો એમને સતત ઝાડા ચાલુ રહેલા. બીજું, સૌથી આગળ જઈને સીધું લઈને જરૂર જેટલી રસોઈ તૈયાર કરાવવાની.

મોટાએ કહ્યું, 'તમારું આરોગ્ય જળવાય અને બધાં હેમખેમ પાછાં ફરીએ એ જવાબદારી માટે હું તમને થોડુંક ઓછું ખાવાનું આપતો હતો. ત્યારે મેં કહ્યું, 'તમારે આ મને પહેલેથી સમજાવવું હતુંને !'

મોટા કહે, 'મારે શા માટે સમજાવવું પડે. તમારી જાતે સમજી લેવાનું હોય અને સાંભળો, હું તમને ક્યારેય કશી બાબતે સમજાવીશ નહિ. તમારે જાતે જ સમજી લેવાનું.'

તમારે મને જે પૂછવું હોય તે પૂછજો, મારા વિશે જે પૂછવું હોય તે પૂછજો. એનો હું તમને જવાબ આપીશ, પણ ખુલાસાઓ નહિ, કેમ કે ખુલાસા આપવાથી આપણને સમાધાન થાય છે એવું હોતું નથી. કંઈ પણ કશું પોતાની મેળે સમજાય એ સાચું. તમે પોતે શોધો એ તમારો સાચો ઉદ્યમ.

હજી તમારી શરૂઆત છે. ગુરુમાં હજી તમારી શ્રદ્ધા તો છે નહિ. તમારી શ્રદ્ધા હોય તો ખુલાસાનો વાંધો નહિ, પણ એવી શ્રદ્ધા થવી મુશ્કેલ છે. એટલે તમારે પોતે જ ઉકેલ શોધવાનો હોય.

મારી સાથે જે રહેતા હોય એ પૂછ્યા કરતા હોય કે 'આનું શું-આનું શું ?' એ મને ગમતું નથી. માટે એવું પૂછવું પણ નહિ. ત્યારથી મેં નિશ્ચય કર્યો કે ક્યારેય કશું પૂછવું નહિ. પછી મોટાએ દેહ છોડ્યો ત્યાં સુધી કોઈના પત્રો આવ્યા હશે, વાંચ્યા હશે, પણ કોઈના વિશે આમ કે તેમ કેમ એવો પ્રશ્ન મેં પૂછ્યો નથી. સાધનામાં ઊઠતા પ્રશ્નોના જવાબ આપતા પણ એમ કહેતા કે 'તમારા મનમાં તુક્કા ઊઠે એના જવાબ આપવા હું બંધાયો નથી. અને આમેય સાધના અંગેના પ્રશ્નોના ઉત્તરો પણ પોતે જ શોધવા મથવું જોઈએ.'

મારે કહેવું જોઈએ કે મારામાં મા તરફની બિલકુલ ભક્તિ નહિ, પણ મોટાએ એને માટે પણ મને ઉપદેશ આપ્યો નથી. બીજા કોઈને કહીને પણ આડકતરો ઉપદેશ પણ મારા કાને નાખ્યો નથી. પછીથી મા પ્રત્યેની ભક્તિ જાગી અને ભક્તિ એવી જાગી કે એનો પાયો પાકો થઈ ગયો. એ એમના સંપર્કને લીધે.

મોટા મને કહેતા, 'તમારામાં માતૃભક્તિ ન જાગે તો તમે સાધના શું કરવાના છો ? મારે પરણવું ન હતું તોપણ મારી બા ખાતર પરણ્યો. મારી બાના એક શબ્દ પર હું પરણ્યો. મને ખબર હતી કે સંસાર માંડવો પડશે. બધું મારું રગદોળાઈ જશે-તો ભલે ! બાએ ટોણો માર્યો અને મેં સ્વીકાર્યો. મેં મારું જીવન હોડમાં મૂક્યું તો હિમાલયની યાત્રા કરવાની બાની ઇચ્છાને પૂરી કરવા માટે ખર્ચ કરવો એ તો ક્ષુલ્લક બાબત હતી.'

માની ભક્તિ એમના પોતાના દૃષ્ટાંતથી મારામાં જાગ્રત કરી.

એકવાર અમે વડોદરાથી રેહાના તૈયબજીને મળીને આવતા

હતા. અમે અમદાવાદ, હરિજન આશ્રમે જવાના હતા, પણ મોટાએ કહ્યું, 'આપણે નડિયાદ બાને મળીને જઈએ.'

નડિયાદ ઊતર્યા. ફ્રૂટવાળાની દુકાને ગયા. મોટા કહે, 'દાડમ લઈ લો.'

દાડમની કિંમત આઠ આના હતી. મેં કહ્યું, 'મોટા, દાડમ આઠ આને મળે છે.' મોટા કહે, 'જે હોય તે લઈ લો.'

એ વખતે આઠ આનાનું દાડમ એ આજના ૫૦ રૂપિયાનું દાડમ થયું ! મને થયું કે દાડમને બદલે બીજું ન લેવાય ?

આવું મારું ગણતરીવાળું મન ! પણ ત્યારથી મને સમજાઈ ગયું કે બા માટે આપણે કેવી રીતે વર્તવું જોઈએ.

આપણે હિમાલયથી પાછાં ફર્યાંની વાત કરતા હતા. એમણે મને વધેલા પૈસા પાછા આપ્યા. એ આપતી વખતે એમણે ટોણો માર્યો કે 'તમને એવો વિચાર આવેલો કે વધેલી રકમ મોટા રાખી લેશે ! એટલે એ બચાવી રહ્યા છે !'

મને એવો મનમાં ચોક્કસ વિચાર આવેલો ! ખર્ચ તો ૧૫૦૦ જેટલો થયેલો. બાકીની રકમ બધી એમાં થયેલો ખર્ચ ઉમેરવાનું મોટાએ કહ્યું. અને ઉમેરીને મહિપતરામ રૂપરામ અનાથ આશ્રમ, અમદાવાદ, રાયપુર દરવાજા બહાર છે, ત્યાં ગરીબ અનાથ બાળકોને એ લોકો ઉછેરે છે, ત્યાં એ રકમ આપી દો.

એ વખતે આશ્રમની સ્થિતિ બહુ સારી ન હતી. એમાં અમારા મોટા ભાઈ વાડીભાઈ ટ્રસ્ટી હતા. બહુ નાનો આશ્રમ હતો. પાંચ હજાર રૂપિયા એટલે આજના (૧૯૯૪) પાંચ લાખ રૂપિયા ગણાય. આ રકમ જેઠીબાના નામે આપવાનું કહ્યું.

ત્યારે મને થયું કે મોટાએ કરકસર કરેલી તે પોતાના માટે ન હતી ! મારી બાએ આ જાણ્યું ત્યારે બાએ મોટાને કહ્યું, 'તું મારો છઠ્ઠો દીકરો છે ! હું તને હવે **'મોટા'** કહીને બોલાવીશ.'

આ રીતે અમે પાંચ ભાઈઓ હતા, એમાં મોટા, છઠ્ઠા ભાઈ તરીકે હતા. બા, મોટાને પોતાના જ દીકરા તરીકે ગણતાં. એ વખતે અમારી જ્ઞાતિમાં લાણાં થાય. તે અમને પાંચ વાસણો ભાઈઓને મળે. એટલે મારી બા એક વાસણ બજારમાંથી ખરીદીને મોટાને આપે.

બાને જ્યારે (૧૯૬૫) ગંભીર બીમારી આવી અને બચવાની આશા ન હતી, ત્યારે એની પાસે પંદર હજાર રૂપિયા હતા. એ બધા પૈસા મોટાને આપી દીધા. એ પૈસા મોટાએ લઈને બારડોલીમાં આદિવાસી કન્યાઓના આશ્રમમાં આપ્યા.

એક વખત અચાનક મને પૂછ્યું, 'તમે બાને વરસે દિવસે કશું આપો છો ?' મેં કહ્યું, 'બાને શું આપવાનું હોય. મારા મોટા ભાઈ વાડીભાઈને ત્યાં રહે છે. એમની ત્યાં બધી સંભાળ લેવાય છે, તો પછી એને બીજી જરૂર શી ?

પછી એમણે મને પૂછ્યું, 'તમે તમારી બૈરીને આપો છો ?'

મેં 'હા' કહી. તો તરત બોલ્યા, 'તો એને પૈસાની શી જરૂર છે ? એ તમારી સાથે છે. એને પણ એની જરૂરિયાત માટે બધું મળે છે, તો પછી એને પૈસાની જરૂર શી ? જેમ બાને જરૂર શી-તેમ બૈરીને પણ જરૂર શી !'

મને થયું કે આ વાત તો સાચી છે. પછી વિચાર્યું કે શું કરવું ? એટલે પાંચસો રૂપિયા બાને આપવાનું નક્કી કર્યું. આ વાત ૧૯૪૨ની છે. આજના હિસાબે એ વખતે રૂપિયાની

ખરીદશક્તિ ઘણી હતી. રૂ.૨૦ની કિંમતે સાઈકલ મળતી હતી. બૅંકમાં કારકુનનો પગાર રૂ. ૩૦/- હતો. અને રૂ. ૩૦/-નો તોલો (અગિયાર ગ્રામ) સોનું મળતું હતું. આમ, પાંચસો રૂપિયા મેં આપવાનું નક્કી કર્યું. એટલે બીજા ભાઈઓએ પણ રકમ આપવાનું નક્કી કર્યું. મોંઘવારી વધતી ગઈ એટલે દર વર્ષે એક હજાર આપવાના નક્કી કર્યા.

મેં મોટાને કહેલું, બા તો એની પાસેના પૈસા મંદિરમાં આપશે અને બીજે ગમે ત્યાં આપશે. એના કરતાં હું સારી જગાએ આપું. ત્યારે મોટાએ કહ્યું, 'તમે બાને રૂપિયા આપ્યા પછી એ દરિયામાં ફેંકી દે તોપણ તમારે જોવાનું નથી. તમે તો મા પ્રત્યેની તમારી ફરજથી આપ્યા. પછી એ પૈસાનું માલિક કોણ ? એ કે તમે ? એને જે કરવું હોય તે કરે. એ પૈસા એના છે. તમે જે જગાએ આપો, એ એને માન્ય ન હોય !'

૧૯૬૫માં બા માંદા પડ્યાં અને એમની પાસે પંદર હજાર થયેલા, તે બધા જ મોટાને આપી દીધા ત્યારે મારા ભાઈ કહે, 'મોટાએ જ્યારે બાને પૈસા અપાવ્યા ત્યારે મને થતું હતું કે એમના સ્વાર્થ માટે જ અપાવે છે. બાએ પણ બધા જ પૈસા એમને જ આપ્યાને !'

મને પણ હિમાલયયાત્રા વખતે પાંચ હજાર રૂપિયા માટે થયું હતું એવું જ ભાઈના મનમાં થયું. અમે આવી મનોદશાવાળા હતા. ઘણી શંકાકુશંકાઓ થતી હતી. ૧૯૪૭ સુધી મને શંકા રહ્યા કરતી હતી. ૧૯૪૭ પછી મેં એમને પૂછવાનું બંધ કરેલું. મને મનમાં સમાધાન થઈ જતું. સમાધાન ન થાય તો હું એમ ને એમ રહેવા દઉં.

★ ★ ★

એક વખત મને એટલું નિશ્ચિત થઈ ગયું કે અહીંના કરતાં બીજે જઈએ તો મને ફાયદો થશે. મને તો એટેચમેન્ટ (આસક્તિ) એમના શરીરનું ન હતું, ન તો આશ્રમનું કે કોઈનું પણ. એ આવે તોય રાજી ને જાય તોય રાજી. મારે તો સાધના કરવી છે. એ જ વાત હતી. આથી, બીજો હરખશોક ન હતો. જોકે આમાં એક જાતની ઉદાસીનતા હતી. કંઈ ઊંચી સિદ્ધિ ન હતી.

શ્રીઅરવિંદના સાહિત્યનું હું વાંચન કરતો હતો. આથી, એમ દૃઢ થયેલું કે હર્ષ કે શોક કશું જ કરવું નહિ, પણ આ બધું બુદ્ધિની સમજથી થતું હતું. આથી, આવો હું પ્રયત્ન કરતો હતો.

મૂળ વાત એ કરતો હતો કે મોટાએ અમારામાં મા પ્રત્યે પ્રેમભાવ કેળવ્યો હતો. મોટા કહે કે માની ઇચ્છાને આપણે એના હુકમ તરીકે સ્વીકારીને પૂરી કરવા મથવું જોઈએ. જેની આપણે ભક્તિ કરતા હોઈએ એની વીશ (ઇચ્છા) એ આપણે માટે ઑર્ડર (આજ્ઞા) છે. એણે આજ્ઞા કરવાની હોય નહિ, એ તો ઇચ્છા વ્યક્ત કરે. આ વાત મોટાની પાસેથી શીખ્યો. આપણને ગમે કે ના ગમે, પણ માની ઇચ્છાને પૂર્ણ કરવા તત્પર થવું જ જોઈએ.

એક ભાઈ મને કહેતા હતા કે ‘તમે એમની સાથે કેમ રહો છો ? તમે એમનામાં કશું દીઠું છે ?’ મેં એમને કહ્યું, ‘મારે તો સાધના કરવી છે. આથી, બીજી જગા હોય તો બતાવો. મને મોટાનું કે ગાંધીજીના આશ્રમનું પણ એટેચમેન્ટ નથી. મારે તો, મારી ખીચડી જેનાથી પાકે એ જ સ્વાર્થ છે.’

જોકે આ ભાઈએ મને ચકાસવા માટે પૂછ્યું હશે. આ ભાઈ ૧૯૪૫-૧૯૪૬માં ટ્રિચિમાં આવેલા ત્યારે પૂછેલું.

મેં એમને એમ પણ કહેલું કે 'મને એમની સાથે એવા અનુભવો થયા છે કે હું એને નકારી શકતો નથી. ચમત્કારનું મને ક્યારેય મહત્ત્વ લાગ્યું નથી.' મોટા કહેતા હતા કે 'ગમે તેવા ચમત્કારના અનુભવો તમને થાય, પણ તમારામાં યોગ્ય ભૂમિકા નહિ હોય, તો માથા પરથી પસાર થઈ જશે.'

મોટાની સાથે મેં ઘણા ચમત્કારો અનુભવ્યા છે, પણ મને એનું મૂલ્ય નથી, પણ આ જે હું પાંચ વર્ષથી એમની સાથે રહ્યો છું. એથી મારા સ્વભાવમાં ફેરફાર થયો છે કે નહિ એ જ મારે જોવાનું. મોટાએ ખાસ કહેલું કે 'આપણામાંના કામ, ક્રોધ, લોભ, મોહ, મત્સર, રાગ, દ્વેષ વગેરેમાં ફેરફાર થાય છે કે નહિ, એનું જ ધ્યાન રાખવાનું.' આ વાત મેં પકડી રાખેલી.

બીજા સાધકોના સંદર્ભમાં હું મારી જાતને તપાસું, તો મને લાગતું કે કંઈક ફેરફાર થઈ રહ્યો છે.

એવી એક અવસ્થા પ્રગટેલી કે મારે શ્રીઅરવિંદ આશ્રમમાં જવું કે અહીં રહેવું ? હું પોંડિચેરી અવારનવાર જઈ આવતો. મોટા, કુંભકોણમ્ રહે અને હું જઈ આવતો, પણ હું નક્કી કરી શકતો ન હતો, કે મારે કોની સાથે જોડાવું. મારું મન ત્યાં સુધી (૧૯૪૬) સ્થિર ન હતું.

૧૯૪૭માં તો મેં મોટાને છોડી દેવાની તૈયારી કરી હતી. મેં કહેલું કે 'મોટા, તમારી સાથે મારી ખીચડી ઝડપથી પાકતી નથી.'

હું, મોટાની સાથે હિમાલયની યાત્રા કરી આવ્યો. મને ટ્રાન્સનો અનુભવ થયેલો. એમ છતાં મન સ્થિર થયેલું નહિ. આમ છતાં મોટાને છોડીને હું, પોંડિચેરી શ્રીઅરવિંદ આશ્રમમાં જવા તૈયાર થઈ ગયેલો. મોટાએ તો કહ્યું, 'જાઓ, દરવાજા ખુલ્લા છે ! એય 'મારું' ઘર છે, અને આય 'મારું' ઘર છે.'

પછી મેં નક્કી કર્યું કે 'આ વખતે મારું મૌન આવે છે, એ પૂરું કરીને જઈશું.' પોંડિચેરીની આશ્રમશાળામાં મારા પુત્ર સિદ્ધાર્થને દાખલ કરવાની રજા લઈ આવ્યો હતો.

મૌનમાંથી બહાર આવ્યા પછી એવું 'કંઈક' બન્યું કે મોટા માટે મને એકદમ તીવ્ર આકર્ષણ થયું. આમ છતાં પાછું પોંડિચેરી જવાનું મન થયા કર્યું.

★ ★ ★

મારો સ્વભાવ એવો કે પૈસાનો પૂરેપૂરો હિસાબ રાખું. કુટુંબમાં ખર્ચ કર્યું હોય તોપણ ચોપડામાં લખું. મોટાએ મને એક વખત કહ્યું, 'આ તમે શું કરો છો ? કુટુંબનાં છોકરાંઓ માટે કે બા માટે પૈસા ખરચો એ કંઈ ચોપડામાં લખાતા હશે ? તમે ભાઈઓ લાખો રૂપિયા કમાઓ છો અને બેપાંચ રૂપિયા કુટુંબમાં વપરાય એને ચોપડામાં ખતવાતા હશે ?'

આટલું કહ્યું ત્યારે મારો જીવ ખુલ્લો થયો. આવી પણ ગ્રંથિ હોય છે. પછી મોટાએ સમજાવ્યું કે તમે ભાઈઓ જુદે જુદે સ્થળે રહો છો એ ભલે બરાબર હોય, પણ બધાં જ અવારનવાર ભેગાં મળો એવું કરવું જોઈએ. બધાં ભેગાં મળીને યાત્રાએ જાઓ. ડાકોર જાઓ, એમ કુટુંબના સભ્યો પરસ્પર મળો.

આ માટેનો ખર્ચ કરવા માટે એક ટ્રસ્ટ કરો.

આ વાત માનીને અમે પાંચ ભાઈઓએ પાંચ પાંચ હજાર રૂપિયા આપીને ટ્રસ્ટ કર્યું.

પછી કુટુંબનાં છોકરાંઓને ભેગાં કરીને હિમાલય જવાનું નક્કી કર્યું. મોટાએ કહ્યું કે 'તમે જરૂર જાઓ.'

કુટુંબનાં આઠથી ચૌદ વર્ષનાં બાર છોકરાંઓ સાથે અમે બંને ઊપડ્યાં. મોટર આગળ ગઈ પછી અમારે ચમોલીથી ત્રીસ માઈલ ચાલવાનું હતું. હવે આઠ વર્ષનો છોકરો, નવ વર્ષનો છોકરો, બાર વર્ષનો-આવાં છોકરાંઓ હતાં.

મોટાએ આ રીતે મને મોકલીને પ્રકૃતિ પ્રત્યે પ્રેમ કેળવવાનો અભ્યાસ કરાવ્યો. ત્યારથી મને પ્રકૃતિ સાથે આનંદ લેવાની કંઈક જ શરૂઆત થઈ. મને તો એમ જ કે નદીમાં પાણી છે એ જ નળમાં આવે છે, તો નદીએ નાહવાની શી જરૂર છે ? મારી આ ગ્રંથિ મોટાના સમાગમથી તૂટી ગઈ. કુંભકોણમ્‌માં કાવેરી નદીમાં હું ત્રણ વાર નાહતો હતો. વધારે તાપ લાગે તો ચાર વાર પણ નાહતો.

★ ★ ★

આવું જ સ્વાદવૃત્તિની બાબતમાં બન્યું છે. કાંતાને મીઠું ખાવાનું વૈદ્યે બંધ કરાવેલું. તે મેં એને સાથ આપવા મીઠું છોડેલું. હું મીઠા વિનાનું ખાઈ શકતો હતો, પરંતુ પછીથી કહેવામાં આવ્યું કે તમે આમ મીઠું લેવાનું બંધ કરો, તો જ્યારે શરીરને કંઈક થશે અને મીઠું બંધ કરવાનું આવશે ત્યારે એની અસર નહિ થાય. નાનપણથી જ મીઠું ન લેતા હો તો વાત જુદી છે. માટે, શરીરને પ્રમાણસર મીઠું તો આપવું જ જોઈએ. ક્રમશઃ મીઠું ઓછું લેવાનું ભલે રખાય પણ તદ્દન બંધ ન કરી દેવું.

કાંતાને સ્વાદિષ્ટ રસોઈ બનાવવાનું મોટાએ શીખવ્યું. બાકી, હું તો બાફેલું પણ ખાઈ લેતો. ગૃહસ્થજીવન કેવી રીતે પાળવું અને સંસારમાં કેમ રહેવું એ અમને મોટાએ શીખવ્યું.

★ ★ ★

મેં મારી સેક્સનો પ્રશ્ન ક્યારેય એમની પાસે છેડ્યો ન હતો. તેમ છતાં બધી રીતે એમણે મને સુધાર્યો છે. મારે પત્ની સાથે કેવી રીતે વર્તવું એ પણ એમણે મને શીખવ્યું છે. પત્ની પ્રત્યેનું મારું વલણ જોહુકમીભર્યું હતું એમ કહેવાય. એ વલણ પણ તદ્દન બદલાઈ ગયું. હવે તો મને એવું કશું જ નથી થતું. કશું બોલ્યા કે માગ્યા વિના રહી શકાય એવી સ્થિતિ પણ રહે છે. જે તે કંઈ બને છે કે કંઈ આવી મળે છે, એ બધું જ કલ્યાણકારી છે, એ વાત મને દૃઢ થઈ ગઈ છે.

જિંદગીમાં મેં દુઃખ જ અનુભવ્યું નથી. તરસ, ભૂખ કે કશાનું દુઃખ અનુભવ્યું નથી. દુઃખ કોને કહેવાય એનો ખ્યાલ પણ નથી. ખાવાપીવા કરતાંય ઘણું મળતું હતું. પુષ્કળ કમાતા હતા. જ્યાં ત્યાં બધાં મારું જ કહ્યું માને. યુરોપમાં નોકરી કરવા ગયેલો તો ત્યાંના શેઠ મારું કહ્યું માને, કેમ કે એમને કોઈને અંગ્રેજી આવડતું ન હતું. એટલે ‘I was the boss.’ પેઢીમાં દાખલ થયો તોય મામા મારો સ્વભાવ જાણે. એટલે હું જેમ વર્તતો હોઉં એમ બધા વર્તતા.

૧૯૩૫માં અમે કુંભકેણમ્‌માં હતાં. કાંતા સાથેનો મારો વહેવાર બધાં જાણે. કાંતાને બધી છૂટ. એ જમાનામાં કાંતા ઑફિસમાં ચાઈનીઝ ટાઈપનાં કપડાં પહેરીને આવી શકતી. જૂના જમાનાના મામા કશું જ કહેતા નહિ. કાંતાને હું નામ

દઈને બોલાવું. આ બધી યુરોપના જીવનની અસર હતી.

હું, મોટાની સાથે હિમાલયની યાત્રાએ જઈ આવ્યો પછી પ્રકૃતિનાં દર્શનનો મને મહિમા સમજાયો. હું મારી મેળે છોકરાંઓને લઈને ફરીથી હિમાલય ગયો એ જ મોટો પુરાવો. આજે તો મને ઝાડ જોઈને આનંદ થાય છે. ફૂલછોડને જોઈને ખુશી ઊપજે છે. અત્યારે સવારમાં બહાર નીકળીને આ ફૂલ-છોડનાં દર્શન કરી આવું છું. ગુલાબ જોવું મને ખૂબ ગમે છે.

પ્રકૃતિ સાથે આનંદ લેવો, એ દૃષ્ટિ મારામાં મોટાએ કેળવી. કુંભકોણમ્‌માં કાવેરી નદી પર આશ્રમ છે. કેટલો રમણીય છે. તોય મોટા કેટલીક વાર ખાવાનું બનાવરાવીને પંદર વીસ માઈલ દૂર વધારે એકાંત અને રમણીય જગાએ જઈને ખાવાનું કરાવતા. મને થતું કે અહીં પણ ઉજાણી જેવું જ કરી શકાય એમ છે તો પછી પંદર વીસ માઈલ દૂર જવાની શી જરૂર ? મને એ વખતે આ બધું ગમે નહિ. તોય મોટા તો કહે કે 'તમારે ના આવવું હોય તો ના આવશો. અમે તો જવાના.' કોણ જાણે કેમ હું આવું બધું માણી શકતો ન હતો.

આવાં શુષ્ક અને જડતાભર્યાં વલણો પલટી દેવાનું મોટાને લીધે બન્યું. આ વાત ૧૯૪૩-'૪૪ની સાલની છે. મને આવી બધી રખડપટ્ટીમાં સમય અને શક્તિનો વ્યય જ લાગે !

★ ★ ★

મોટાની સાથે રહીને મારી પ્રકૃતિમાં ઘણો ફેર પડ્યો છે, એમ જરૂર કહી શકાય. હું કોઈની પાસે કશું જ માગું નહિ, પણ મને હિસાબ માગવાની-રાખવાની ખૂબ ચીવટ. મોટા, અમારા કુટુંબના સભ્યોને લઈને ફરવા જાય અને પછી

પૈસાનો હિસાબ આપે. અમુક રકમ વાહનખર્ચની-અમુક રકમ નાસ્તાની, તો એ હિસાબ હું લઉં અને પાછો ચોપડામાં નોંધી લઉં. આવા સ્વભાવવાળો હું હતો. ૧૯૪૬માં મૌનએકાંત પછી મને જે ટ્રાન્સનો અનુભવ થયો ત્યારે મારી બધી જ મિલકત મોટાને આપી દેવાનો ઉમળકો અને દૃઢ નિશ્ચય પ્રગટ્યો, એ વાત જેવી તેવી નથી.

હેમંતભાઈને એવું મન કે મોટા, એક આશ્રમ સ્થાપે તો ત્યાં નિરાંતે એમની સાથે રહેવાય. મને એવું નહિ. મને તો એમ કે મોટા આપણા ઘરે રહે છે અને આપણે સાથે રહીએ છીએ એટલે વધારે આનંદ છે.

પણ મોટાએ તો કહ્યું કે 'આશ્રમ માટે મારે ભીખ માગવી નથી. એક લાખ રૂપિયા બૅંકના ખાતામાં જમા કરો પછી વિચારીએ.'

અમને એમ કે અમારા કુટુંબમાં આ વાત કરીએ તોય આટલી રકમ નહિ ભેગી થાય. એટલે અમને વિચાર થયો કે આપણે પ્રયત્ન તો કરીએ ! અમે પત્રિકાઓ કાઢી. છ આઠ મહિનામાં અઠ્ઠાવીસ હજાર રૂપિયા ભેગા થઈ ગયા. તોય મોટાએ તો આશ્રમનો વિચાર બંધ કર્યો. મોટા ભાઈએ સાત હજાર નોંધાવેલા. અમે વિચાર્યું કે આ ભેગી થયેલી રકમનું વ્યાજ મોટાને આપી દેવું. મોટાએ કહ્યું કે બધાંને એમની રકમ પાછી દેવી, પણ મોટા ભાઈએ તો પોતે નોંધાવેલી સાત હજારની રકમનું વ્યાજ છ ટકા લેખે આપવાનું નક્કી જ રાખ્યું. મોટાએ અમારા મોટા ભાઈનાં પત્ની શાંતાબહેનને પોતાનાં બહેન ગણેલાં. દર ભાઈબીજને દિવસે અમે એમને ત્યાં જતાં.

એ વખતે મોટા ભાઈ વ્યાજની રકમ આપે, એ પાંચસોમાં પચીસ ઉમેરીને પણ કોઈ દહાડો આપે નહિ. મોટાની પાસે મેં આ વલણની ટીકા કરી. ત્યારે મોટાએ કહ્યું, 'તમારે આ અંગે કશું વિચારવું નહિ અને કહેવું પણ નહિ. એમને જે આપવું હોય તે આપે.'

૧૯૭૨માં મોટા ભાઈ માંદા પડ્યા અને સીરિયસ થયા. એ વખતે અમે કાંટાવાળા સાહેબને ત્યાં હતા. રાત્રે ફોન આવ્યો. રાત્રે નવ વાગ્યે અમે ગયા. એ વખતે થોડાક ભાનમાં હતા, પણ તબિયતની સ્થિતિ તો ગંભીર હતી. અમારાં સગાંવહાલાં બેઠેલાં ત્યારે મોટા ભાઈએ કહ્યું, 'મોટાને ચાળીસ હજાર રૂપિયા આપી દો.'

મને થયું કે ચાર હજારને બદલે ચાળીસ હજાર નથી બોલતાને !

એમણે કહ્યું, 'ચોપડાના પૈસા આપજો.' મને ભારે આશ્ચર્ય થયેલું કે જે ભાઈ વ્યાજની રકમથી એક પાઈ પણ વધારે આપવા તૈયાર ન હતા, એ એકાએક ચાળીસ હજાર કેવી રીતે આપવા તૈયાર થયા ?'

મોટાએ મોટા ભાઈના અંત સમયે જ એમની ગ્રંથિ હતી એ પ્રભુશક્તિથી છોડી નાખી. મારે મન તો મોટો ચમત્કાર હતો ! છેલ્લી ઘડીએ એમનું કલ્યાણ કર્યું.

આવી આવી ગ્રંથિઓ મોટાએ છોડાવી છે !

## ખંડ : ૨

# હિમાલયયાત્રાના પ્રસંગો
# શ્રીમોટાના શબ્દોમાં

*પૂજ્ય શ્રીમોટાએ હિમાલયની યાત્રા અંગે પત્રરૂપે લખેલું, એ **'જીવનપોકાર'**માં પ્રગટ થયું છે. ઉપરાંત, 'શ્રીમોટા સાથે સત્સંગ' શ્રેણીના 'તદ્રૂપ-સર્વરૂપ' પુસ્તકમાં જે પ્રગટ થયું છે, એ લખાણને પણ આ ખંડમાં સંપાદિત કર્યું છે.*

# ૧. પહેલી હિમાલયયાત્રા

સાધનાના કર્મની ભાવના સાધનાનો અભ્યાસ કરતા હોઈએ તેવા સમયે જ રાખવાની છે, એવું કશું નથી. તેવી ભાવના તો જે કાંઈ કર્યા કરતા હોઈએ તેમાં પ્રગટાવવાની છે. સંસારના જેમ અનેક પ્રકારનાં પાસાં છે, તેમ જીવનનાં પણ છે. કોઈ પણ જીવનું કંઈ પણ કશું એકધારું સરળપણે જે તે બધું થયા કરતું હોતું નથી. અને મનનું ધાર્યું તો આપણે ઘણું ઘણું કર્યા કર્યું છે. જ્યારે કેટલાયે જીવોને આપણે અવગણ્યા છે. મનને જે જે કંઈ ગમે તે તે કરવામાં આપણી ગતિ થઈ શકતી હોય છે, તેનો આપણને અનુભવ છે. તે પરથી આપણને સમજાય છે કે સાધનાની ભાવનામાં પ્રવર્તવાનું જો આપણા મનને સાનુકૂળ થઈ જાય અને તે તેને ગમે, તો જરૂર તેમાં ગતિ પ્રગટે, પ્રગટે ને પ્રગટે જ. તેથી, આપણે મનને વારંવાર તેની તે બાબતમાં ટકોરવું, સંકેલવું ને સંકોરવું. મનને તેવા પ્રકારની ભાવનાના સંક્રમણની પ્રક્રિયામાં જીવતુંજાગતું રાખ્યા જ કરવું. મનને જેવી જેવી ને જેની જેની સંગતિ કરાવ્યા કરીશું, તે તે પ્રમાણે આજ નહિ તો આવતી કાલે તેનો પાસ તેને બેસવાનો જ છે, તે નક્કી જાણશો. આખરે તો જેમ પરિચયનો પણ પાસ લાગે છે, તેમ સતત એકધારા અભ્યાસનો પણ પાસ લાગ્યા વિના રહી શકવાનો નથી. શરૂશરૂમાં અભ્યાસમાં મન ન લાગે, તે સ્વાભાવિક છે, પરંતુ તેનું કારણ આપણે મનને સાચી રીતે સમજાવી શક્યા નથી, તે છે. આ માર્ગમાં મનાદિકરણને સાધનાના માર્ગની ભાવનામાં કેળવ્યા કરવાનું કામ આપણે

એકધારું કર્યા કરવાનું છે, તે પણ લક્ષમાં રાખવાનું છે.

પ્રભુકૃપાથી આ જીવે તેમ કરેલું છે અને તેમાંથી **'મનને'**ની ઉત્પત્તિ થયેલી છે. વળી, મારે જે ધ્યેયને પ્રાપ્ત કરવું હતું, તે ધ્યેયની ભાવના આઠે પહોર સન્મુખ રહી શકે તો ઉત્તમ, તેવી ભાવના પ્રગટેલી રહેતી. પ્રાર્થના પણ થઈ શકે, કયાં કયાં સાધનો વડે કરીને તે તત્ત્વ પ્રાપ્ત થઈ શકે, અને તે કેવું કેવું હોઈ શકે તેની પણ ભાવના દિલમાં પ્રગટ્યા કરે, અને તેની પાછી પ્રાર્થના થયા કરે, અને તે પ્રાર્થનામાં મારે શું માગવાનું છે, તે પણ આવી જાય, એવા પ્રકારની એક સળંગ જીવંત ભાવના રોજ પ્રગટ્યા કરે, એવી મારા હૃદયની ભાવનાના અરીસા જેવી ધારણા **'તુજ ચરણે'**માં પ્રભુકૃપાથી વ્યક્ત થયેલી છે. એમાં एની પ્રાર્થનાનો ભાવ છે, ए ક્યાં ક્યાં ને કેવાં કેવાં સાધનોથી પ્રાપ્ત થઈ શકે તેનું પણ બયાન છે. ચેતનમાં નિષ્ઠા પામેલું, વિકાસ પામતું જતું ને एના પ્રસાદને પામેલું જીવન કેવું હોઈ શકે તેની પણ હકીકતો તેમાં છે ને અંતે મારે एની કને શું માગવાનું છે, તેની પણ પ્રાર્થના છે. એ પ્રાર્થના એવા પ્રકારની પ્રભુકૃપાથી પ્રગટી છે કે તેથી કરીને ધ્યેયની સન્મુખતા સદાકાળ મને ટક્યા કરતી. વળી, તે પ્રાર્થનાએ મારા જીવનનું એક મોટું કાર્ય પણ સાધેલું છે. ઘણા નાનપણના કાળમાં મને હિમાલયનાં બહુ સ્વપ્નાં આવ્યાં કરતાં. હિમાલયમાં જવાની વારંવાર પ્રેરણા ત્યારે જાગ્યા કરતી. એટલું જ નહિ પણ સાધનાકાળમાં પણ એવું થયા કરતું હતું. ગુરુ મહારાજે સદ્‌ભાવના પ્રગટાવી કે તે **'તુજ ચરણે'**ની પ્રાર્થનાને મારે છપાવવી ને તેમાંથી જે રકમ મળે, તે વડે હિમાલયની

યાત્રા કરવી. ૧૯૨૩ની સાલમાં તે છપાવવાને માટે માત્ર નાનકડી રકમ જ જોઈતી હતી, પરંતુ તેટલી રકમ પણ મેળવવી મારે માટે બહુ દોહ્યલી હતી. તે છપાવવાની રકમ મારી પ્રથમ આધ્યાત્મિક માએ મને આપી હતી. પ્રભુકૃપાથી, **'તુજ ચરણે'** વેચવાની ઝુંબેશ તો કરી ન હતી. તેમાંથી મને રૂ. ૪૩૭-૧૪-૦૦ ની રકમ મળી શકી, અને સંજોગ મળતાં તેથી હિમાલયની યાત્રા પણ પ્રભુકૃપાથી કરી શક્યો હતો. તેથી જ **'તુજ ચરણે'**માં છેવટે લખ્યું છે કે :-

*પાસે ન કૈં ધન છતાં શિશુકાળથી જ્યાં,*
*સેવ્યાં હતાં જીવનસ્વપ્ન ઊંડાં જવા ત્યાં,*
*જેણે મને સરળતા કરી આપી કેવી !*
*આ પ્રાર્થના પ્રભુનિમિત્ત બની મને શી !*
*યાત્રા હિમાલયતણી મુજને કરાવી,*
*દીધો ઉકેલ દુઃખનો મુજને બતાવી,*
*ને ગૂઢ શું જીવનહાર્દ મને જણાવ્યું !*
*એવું નિમિત્ત પ્રભુદત્ત સ્તવી હું થાકું.*

*'જીવનદર્શન' : પ્રથમ આ., પૃષ્ઠ ૧૮૦*

● ● ●

## ૨. 'કોઈક મહાત્મા' એ જ 'મોટા'

તા. ૮-૨-૧૯૫૪ના સમયમાં આ **'જીવનપોકાર'** બહાર પ્રકાશમાં આવી, ત્યારે મારે છતા થવું ન હતું.

આ ચોપડીમાં કોઈક એક મહાત્માની હકીકત લખેલી છે. તે મહાત્મા તે બીજો કોઈ નહિ, પરંતુ આ જીવ જ છે. હવે જીવનના છેલ્લે આરે છું, ત્યારે મારે શ્રીપ્રભુકૃપાથી છતા થવું એમ હૃદયમાં હૃદયથી લાગવાથી આટલો યોગ્ય ખુલાસો કર્યો છે.

આ ચોપડીમાં તે મહાત્માની જે જે બનેલી હકીકતો લખેલી છે, તે તે પ્રત્યક્ષ અનુભવનાર હજી બધાં જ જીવતાં છે. તે હકીકત તેના સંપૂર્ણ યથાર્થપણાએ લખાઈ છે. ક્યાંયે મુદ્દલે અતિશયોક્તિ નથી.

બીજું એ વિષય પરત્વે પ્રથમ પ્રકાશનના લેખકના બે બોલમાં જે તે બધું લખાયેલું છે.

*('જીવનપોકાર', બીજી આ., 'લેખકના બે બોલ'માંથી)*

તે આ પ્રમાણે છે :-

આ કાગળોમાં જે કેટલીક અદ્‌ભુત ઘટનાઓનો ઉલ્લેખ છે, તે હકીકત સાચી હોવા છતાં, તેવું ગમે ત્યારે ફરી ફરી તેમ બની શકવું જોઈએ એવું એનું કશું ધારાધોરણ નથી હોતું. જોકે એવું બધું કંઈ યદ્વાતદ્વાપણે હેતુ વિના બનતું હોતું નથી. એની પણ કોઈ ગૂઢ સૂક્ષ્મ કાર્યકારણ પરંપરા તો હોવી ઘટે. એની કાર્યકારણ પરંપરા જાણનાર કોઈ વિરલા હોય છે.

આવી અદ્‌ભુત પણ સત્ય ઘટનાઓ જીવનમાં જ્યારે બનતી હોય છે, ત્યારે જે જે જીવને તે તે પળે તે તે હકીકતોને

તેના સત્ય સ્વરૂપમાં સમજવાનું બને છે, ને તે યોગ્ય જ્ઞાનભાવે હૃદયમાં હૃદયથી પૂરું યથાર્થ સ્વીકારવાનું જો બની શકતું હોય છે, તો તેવા જીવનું ઊંચે આવવાપણું સરળ બની જતું હોય છે. જે જીવથી જીવનમાં મળતી આવી ઉત્તમ કૃપાતકોને ઓળખવાનું, સમજવાનું, એના યથાર્થ ગૂઢ ભાવાર્થથી સ્વીકાર કરવાનું બની શકતું નથી, તે 'જીવ'ની હજી અંતરની આંખ ઊઘડી નથી એમ નક્કી સમજવું. ચોપડીમાં જણાવેલા છે એવા ચમત્કારિક પ્રસંગો પોતાના જીવનમાં પ્રત્યક્ષપણે થયેલા અનુભવવા, તે પણ કંઈ નાનીસૂની વાત નથી. કૃપા હોવા છતાં કૃપાને તેના તેવા યોગ્ય ભાવાર્થમાં જ્યારે હૃદયથી સ્વીકારાતી નથી, ત્યારે કૃપાને વ્યક્ત થવાનાં કારણોને તે પોતાની મેળે થઈને તે પોતે (તેવો જીવ) અફળ બનાવી દેતો હોય છે, તે પણ એક તદ્દન સત્ય હકીકત છે, ભલેને પછી તેવું તે તે જીવોથી તેના વાસ્તવિકપણામાં સ્વીકારાતું ન હોય !
*('જીવનપોકાર' પ્રથમ આ., 'લેખકના બે બોલ' પૃષ્ઠ ૧૦-૧૧)*

## ૩. બદરીનારાયણનાં દર્શનવેળા

એક સાધુપુરુષ હતા. એક આશ્રમમાં રહેતા. મહેમાન આવવાના હોવાથી એક બહેનને રસોઈ કરવાને તેમણે કહ્યું. તેની શરીરની સ્થિતિ તે કર્મ કરવાને ત્યારે યોગ્ય ન હતી. વૈષ્ણવ આચારવિચારને કારણે તેને તે દશામાં રસોઈ વગેરે કરવાનું ન ગોઠે, તે સૌ કોઈ સમજી શકે એમ છે, પરંતુ પ્રભુકૃપાથી તરત તેની શરીરની સ્થિતિ પહેલાંના જેવી યથાવત્ સંપૂર્ણ શુદ્ધ બની ગઈ. તે હકીકત બનતાં તેને આશ્ચર્ય થાય તે પણ સ્વાભાવિક છે. કેટલીક વેળા ભાવનાની ઉત્કટતાને અંગે એવું બની પણ જાય. જો હૃદયમાં પ્રેમભક્તિ પ્રકટી હોય છે, તો અદ્‌ભુત, આશ્ચર્ય પમાડે એવા પ્રસંગમાં શ્રીભગવાનનો સૂક્ષ્મ કૃપાહાથ પ્રત્યક્ષ તે જોઈ શકે છે.

આવા કંઈ એકલદોકલ પ્રસંગ નથી. હિમાલયની યાત્રામાં શ્રીબદરીનાથને દર્શને જવાનું હતું, ને... બહેન તો માસિકમાં હતાં, હવે દર્શન કેમ કરી જવાય ? વૈષ્ણવ આચારવિચારવાળાં મોટી બા સાથે હતાં, અને આટલે સુધી આવ્યાં અને દર્શન ન કરી શકાય તે પણ ઠીક લાગતું ન હતું. શ્રીભગવાને કૃપા કરીને... બહેનની એવી દશા ટાળી દીધેલી, તે સાવ સ્વચ્છ તથા શુદ્ધ બનેલી અને દર્શન કરી શકેલી, તેવા જ બીજા બે પ્રસંગ તે હિમાલયની યાત્રામાં બનેલા. આવી હકીકત તે માત્ર કલ્પના છે એમ તો થોડું જ કહી શકાય એમ છે ? માટે આપણે તો જીવનના વિકાસને અર્થે જીવવાનું છે. માટે, કૃપા કરીને નામસ્મરણમાં મસ્ત બનજે.

*('જીવનપોકાર', બીજી આ., પૃ. ૧)*

## ૪. હિમાલયની યાત્રાના (૧૯૪૫) અદ્‌ભુત અનુભવો

અમે બધાં હિમાલયની યાત્રાએ જતાં હતાં...બહેન હંમેશાં મારી સાથે વહેલી સવારથી પગપાળા મુસાફરીમાં નીકળી પડતી. ભાઈ બધો સામાન ઠીકઠાક કરી પછીથી મોડા નીકળતા. અમે બંને તો વહેલાં વહેલાં નીકળી જતાં. રસ્તામાં સાથે એક મહાત્મા હતા. કેટકેટલી વાર માથે વરસાદ પડતો હોય ને તે મહાત્મા, મોટેથી આપણાથી સાંભળી શકાય એવી રીતે ને એવા સાદે, અમે સ્થળે પહોંચીએ ત્યાં સુધી વરસાદ અટકી જવાની પ્રાર્થના કરતા હતા. કાનોકાન પ્રત્યક્ષ સાંભળેલી આ હકીકત છે. આવું કંઈ એક બે વાર થયું નથી. એક બે વાર થાય તો તો આપણા લોક એને **'કાગનું બેસવું અને ડાળનું પડવું'** એવો પ્રસંગ પણ ગણી કાઢે. આ તો કેટકેટલી વાર તે બનેલું હતું. આશરે છસાત વાર તો ખરું. તેમની તેવી પ્રાર્થનાથી વરસાદ પડતો અટકી જતો અમે જાતે અનુભવ્યો છે. આ હકીકત... બહેન કનેથી પૂછીને ખાતરી કરી શકાય એમ છે.

★ ★ ★

એ જ મહાત્મા અમારી સાથે હતા. રસ્તામાં ચાલતાં ચાલતાં... બહેનને શરીરમાં ચૂંક આવતી હશે. અને ચૂંક તે કેવી ! તે તો જરા પાછળ હતી ને આ જીવ આગળ ચાલતો હતો. મોઢાથી તેણે તે હકીકત જણાવેલી નહિ. એને શેકની ઘણી જરૂર હતી. અમારી સાથે રસોઈઓ હતો. તેણે ને આ જીવે થઈને સળગી શકે એવાં લાકડાં એકઠાં કર્યાં. તેની કને દીવાસળી હતી, તે બધી તેણે પેટાવી જોઈ, પરંતુ કર્મસંજોગે

બધી જ ખલાસ થઈ ગઈ. દેવતા ન સળગ્યો તે ન જ સળગ્યો. હવે, દીવાસળી તો રહી જ નહિ. દેવતા સળગાવવાની તો ઘણી ઘણી જરૂર હતી. ત્યાં ઘાસ ને એવું એવું જે બધું એકઠું કરેલું હતું, ને તેના પર નાનાં નાનાં ઝટ સળગી શકે એવાં સળેકડાં ગોઠવીને મૂક્યાં હતાં, ત્યાં આગળ તે મહાત્મા મોંથી ધમણની પેઠે મંડ્યા ફૂંકવા. ઘણી વાર સુધી એમ તેમણે ફૂંક્યા જ કર્યું, ને પ્રભુકૃપાથી દેવતા સળગ્યો. આને ચમત્કાર કહેવો કે શું કહેવું તે તો જાણતો નથી, પણ તે અમારી સગી આંખે જોયેલી હકીકત છે. આમાં મીનમેખ ફક નથી... બહેનને પૂછી પૂછીને ગમે તે કોઈ એની તપાસ ઊલટપલટ ફેરવી ફેરવીને તે અંગે જુબાની લઈ ખાતરી કરી શકે છે. આવી બાબતના કંઈ એક બે બનાવ નથી. એવા બનાવની હારમાળા પણ છે. એમ હોવા છતાં તેનાથી ચેતવાપણું કોણ કરી શકે છે ? એવી તો જીવની પારાવાર જડતા હોય છે ! ને પછી આપણે એને આપણને સાથ ન આપવા કાજે ખાલી ખાલી બૂમો પાડ્યા કરવી છે, તે ક્યાંની વાત ભલા ! કૃપા કરીને પહેલાં તો તે આપણને જગાડે છે. એમ જગાડ્યા કેડે આપણે જો જાગતાં રહેતાં નથી, ને ઊંઘવાનું જ પાછું કર્યા કરીએ છીએ તો પછી પેલો બિચારો શું કરે ! આપણે જાગતાં રહ્યા કરીએ તો જ તે પોતાનું કામ આપણામાં કરી શકતો હોય છે, તે નક્કી જાણજે.

અરે, તને શી વાત લખું ! વળી, તે જ સાધુપુરુષ અમારી સાથે હિમાલયમાં હતા. જે સ્થળે અમારે પહોંચવાનું હતું તે સ્થળ હજી અઢી માઈલ દૂર હશે. થોડો થોડો વરસાદ પડ્યા જ કરતો હતો. આપણા અહીંના વરસાદમાં અને ત્યાંના

હિમાલયમાં પડતા વરસાદના પ્રકારમાં ફરક હોય છે. પડતા વરસાદમાં અમે એટલું ચાલ્યા કર્યું. માથે પડતો વરસાદ અનુભવી રહેલાં છીએ, ને ચાલતાં ચાલતાં સ્થળે પહોંચ્યાં ત્યાં સુધી માથે તેવો વરસાદ પડ્યા કરતો હતો, તેમ છતાં તે સ્થળે અમે પહોંચ્યાં, ત્યારે અમારાં કપડાં કોરાં હતાં ! પડતા વરસાદમાં એટલું બધું ચાલવાનું થતાં પણ કપડાં પાણીથી તરબોળ ન થઈ ગયાં, એ ભારે નવાઈ નહિ તો બીજું શું ? અમે કંઈ માથે છત્રી જેવું ઓઢ્યું કર્યું ન હતું, તે નક્કી વાત છે. આ હકીકતમાં પણ મીનમેખ ફરક નથી, ને ...બહેન ને આ જીવ બંને તે હકીકતના જીવતા સાક્ષીઓ છીએ. આ હકીકત હવે જ્યારે આ કાગળો છપાવવાનું બનશે, ત્યારે છપાવા દેવાનો છું. એટલે બીજા જીવોને પણ સમજણ પડે કે હજી ચમત્કારનો જમાનો ચાલી ગયેલો નથી. જેને જેને ખાતરી કરી લેવી હોય, તે તેમને મળીને તેમ કરી લઈ શકે છે.

★ ★ ★

હજી અમારી સાથે તે સાધુપુરુષ હિમાલયમાં હતા. એકવાર પૂજ્ય મોટી બાની પાલખી ગબડેલી. તે પોતે પણ (જોકે તે તો પાલખીના સ્થળેથી ઘણે દૂર દૂર આગળ હતા) ગબડ્યા ને બોલ્યા કે 'આજે તો બાની પાલખી પડી, ને બા ને બધાં બચી ગયાં.' તે મહાત્માએ પોતાના પર તેવું લઈ ન લીધું હોત તો કદાચ વધારે મોટો અકસ્માત થયો હોત. આ પ્રસંગના પણ અમે સાક્ષી છીએ.

★ ★ ★

એકવાર હિમાલયમાં રસ્તે ચઢતાં ચઢતાં...બહેનને ભારે

થાક લાગ્યો. એવી તો ભારે તરસ લાગી ! ને તે તરસ તે કેવી ! કંઠમાં જાણે કાંટા ભોંકાતા હોય તેવું લાગ્યા કરે. હવે તો એક ડગલું પણ આગળ ચાલી શકાય એવી સ્થિતિ ન રહી. તરસ તો કહે મારું કામ ! એક ઠેકાણે ભેખડની છેક નીચે ઊંડે પાણીનો મોટો વેકળો વહેતો હતો. ઊતરવું ઘણું ઘણું કઠણ ને જોખમકારક હતું ખરું, પણ હવે કરવું શું ? તરસ છીપ્યા વિના તેનાથી તો ચલાય એવું હતું જ નહિ. તે સાધુપુરુષે તો શ્રીભગવાનની તે વેળા અંતઃકરણથી પ્રાર્થના કરી. અંતે પોતે પાણી લેવા કાજે નીચે ઊતરવાની તૈયારી કરી. જેવા પોતે ડગલાં ભરવા માંડતા હતા, ત્યાં અચાનક એક છોકરો એકદમ બહુ જ પાસે પાણી લઈને ઊભેલો દેખાયો ને...બહેનને આપ્યું. તે બહેને પેટ ભરીને પાણી પીધું, પોતે તૃષાથી તૃપ્ત થઈ, ને પાછું વળીને જુએ છે તો તે છોકરો દેખાયો જ નહિ ! રસ્તો સીધો હતો. દૂર સુધી જતાં પણ દેખી શકાય એવો રસ્તો હતો. નીચે ખીણમાં ઊતરે કરે તો તે પણ જોઈ શકાય તેવું હતું. ગમે તેમ થયું, પણ પાણી પ્રભુકૃપાથી મળ્યું તે હકીકત કંઈ જેવી તેવી હકીકત નથી. છોકરો કદાચ ઝપાટાભેર ક્યાંક જતો રહ્યો હોય ને દેખ્યામાં ન આવ્યો હોય એમ પણ બને. આ બધું ગમે તે હો પણ એ સાધુપુરુષે પોતે અંતઃકરણથી પ્રાર્થના કરી ને પોતે પાણી લેવાની ઘણી જોખમકારક જગામાં નીચે ઊંડી ખીણમાં પાણી લેવા કાજે ઊતરવા તૈયાર થયેલા તે તો હકીકત છે. એના પરિણામે તે બહેનને પ્રત્યક્ષ કોઈએ આવીને પાણી આપ્યું, તે પણ હકીકત છે.

આવું બધું લખવાનું કારણ તો એ છે કે હજી પણ આવા

લોકો પડેલા છે. આ કાળમાં આવી હકીકતોનું સાચાપણું લોક માનતા નથી, તો તે વિશે શ્રીપ્રભુકૃપાથી જો કોઈક જીવને લાગવાપણું બની શકે તો તેમ બની શકે, એવા સમજણપૂર્વકના હેતુથી આવી બધી હકીકત લખી છે, ને છપાવા પણ દીધી છે.

આ બધું છપાવા દેવાની ગંભીરતા ને તેનું મહત્ત્વ પણ ખ્યાલમાં રાખીને તેમ થવા દીધું છે, તે પણ તું નક્કી જાણજે.

★ ★ ★

હિમાલયમાં તે મહાત્માના કંઈ કંઈ અનુભવો થયેલા છે. તેની અમારી સાથે જે કોઈ હતાં તેનાથી ના પાડી શકાય તેમ નથી. તેની હૂંફ ને ઓથ અમે અનુભવેલી છે. એનાં સાહસ, હિંમત, મર્દાનગી, ધીરજ, સહનશક્તિ વગેરે ગુણો ને તેના જીવનની તેવી હકીકતની ભાઈ...એ ત્યાંથી લખેલા કાગળમાં બધી લખેલી પણ છે.

'...બહેન જો આટલા બાકીના માઈલ રૂદ્રપ્રયાગ સુધી ચાલીને બીજે દિવસે વહેલી સવારમાં ત્યાં પહોંચી જાય, તો તો તે ઘણો મોટો ચમત્કાર થયો ગણાય.'

અમારા છેલ્લા ઉતારાની રાત રહેવાની જગા ઘણી જ રળિયામણી હતી અને ત્યાં મોટી વેલ વગેરે ચઢેલી હતી, તેથી તે યાદ રહી જાય તેવી હતી. રાત્રે સામાન વગેરે પૅક કરીને દસેક વાગ્યે પરવાર્યાં હોઈશું ને મધરાતે બે અઢી વાગ્યે તો ત્યાંથી નીકળ્યાં હોઈશું અને રૂદ્રપ્રયાગ આઠેક વાગ્યે પહોંચી ગયેલાં, કે કદાચ તે પહેલાં પહોંચ્યાં હોઈએ. અમને શરીરે કોઈને થાક કશો જ લાગ્યો નહિ અને બહેનને તો રસોઈ વગેરે કરવાનું પણ ત્યાં કામ હતું. ઘી વગેરે ન હતું, એટલે

તે બહેનને ભિક્ષા માગી લાવીને લઈ આવવાનું સૂચવેલું. આટલા બધા માઈલ એકધારું ચાલવું અને તે પણ રાતે માત્ર થોડાક કલાક સૂવાનું મળ્યું હોય તેવી સ્થિતિમાં ચાલવાનું બનવું, અને તે પાછો શરીરે થાક ન લાગવો અને તેટલું ચાલીને આવીને પાછું કામે વળગી જવાનું બનવું - ને તે વળી જેને જીવનમાં ચાલવાનો જરા પણ મહાવરો ન હોય તેવા માટે આ બધી ઘટના તારા મારા જેવા સામાન્ય માનવીથી બની શકે તેવી નથી. સામાન્ય સ્થિતિમાં માનવી જરૂર આટલું ચાલી ન શકે, ખાસ કરીને જે કોઈ જીવને ચાલવાની મુદ્દલે ટેવ નથી ને આજે પણ તે જીવ બે માઈલ તો ભાગ્યે જ ચાલી શકે - મતલબ કે ચાલી જ ન શકે, તેવો જીવ આટલા બધા માઈલ ચાલે અને શરીરે અવક્રિયાના કોઈ પણ લક્ષણ વિના તેવું પણ બની શકે એ ઘણી અજાયબ ઘટના છે. ૨૮ કલાકમાં અમે લગભગ ૩૨ માઈલ ચાલ્યાં હોઈશું. ત્રણ કટકે તેટલો પંથ કપાયો હતો. ૧૩ કલાક ચાલવામાં ગયેલા. ભાઈ તેમની હિમાલયની નોંધમાં લખે છે કે ‘૨૮ કલાકમાં (જેમાં ચાલવાના કલાક તો ૧૩ હતા) અમે સૌ ૩૨ માઈલ ચાલ્યાં. આ એક હેરત પમાડે એવી ઘટના મને લાગી. અને જ્યારે ચમોલીમાં તો શરીર દુઃખથી થાકીને હારી ગયેલો જ્ઞાનસિંગ પણ (જે માંદો હતો ને જેને ચમોલીથી છૂટો જ કરી દેવાનો હતો, ને કરી પણ દીધો હતો, તેને બદલે બીજો માણસ રાખી લીધેલો ને તેને પાલખી ઊંચકનારા માણસો સાથે રાતે સુવાડેલો, પણ વહેલી સવારે પેલો નક્કી કરેલો માણસ ક્યાંય ભાગી ગયો હતો, જ્ઞાનસિંગે ચાલતી તો પકડેલી, પણ તેને બીજો માણસ દોડતો જઈને આઘેથી પાછો બોલાવી લાવ્યો ત્યારે. માંદગીને

કારણે ને તે હવે પાલખી નહિ ઊંચકી શકે તેવું ખાસ લાગવાથી તેને ન છૂટકે છૂટો કરવો પડેલો, એવો જ્ઞાનસિંગ પણ) ૨૮ કલાકમાં ૩૨ માઈલ પાલખી સાથે ચાલ્યો. આ જ્ઞાનસિંગની ચાલવાની ઘટના, અમારા બધાંની ચાલવાની ઘટના, સિદ્ધુભૈયાની ને ...બહેનની ચાલવાની ઘટના-એ બધું આશ્ચર્યકારક ગણાય.'

હિમાલયની યાત્રાએ નીકળ્યાં ત્યારે અમે હૃષીકેશ સીધા જઈને શ્રી કાળીકમળીવાળા બાવાની ધર્મશાળામાં ઉતારો કરેલો. ત્યાંથી અમે હરિદ્વાર આવેલાં. હરિદ્વારમાં ભાઈ સિદ્ધાર્થનું શરીર સારું ન હોવાથી ત્યાં દાક્તરને પણ બતાવેલું ને દવા લીધેલી. તેના શરીરને ઘણા ઝાડા થયા કરતા. અમદાવાદ હતો ત્યારથી દવા તો શરૂ કરેલી, અને નીકળતી વખતે પણ ઝાડા હતા. હરિદ્વારમાં હૃષીકેશથી આવીને પણ દવા તો શરૂ કરેલી, પણ કંઈ મટતા ન હતા. અમે તેની દવા લઈને સાંજે પાછા હૃષીકેશ જતાં હતાં, ત્યારે આપોઆપ એમ ઉચ્ચારાયું કે 'આવતી કાલે તો આપણી હિમાલયની પગપાળા યાત્રા શરૂ થવાની ને સિદ્ધાર્થને હજી ઝાડા બંધ થયા નહિ ! તેનું શરીર સાજું હોત તો ઘણો આનંદ પડત.' ત્યારે ભાઈએ કહ્યું કે 'ત્યારે એને સાજો કરી દોને ?' કોણ જાણે શી ઘટના બની તે તો એકલો શ્રીપ્રભુ જાણે. તે જ વખતથી તેના શરીરને સારું થયું, પરંતુ તેને જે પીડા હતી અને રોગ હતો, તે તો કોક ભોગવતું હતું. ઉપર જણાવેલા સાધુપુરુષ અમારી સાથે હતા. રસ્તામાં તેને ઘણી વાર ઝાડા થાય. વારેઘડીએ લેંઘો છોડવો ન પડે એટલા માટે તે લેંઘાની સિલાઈ એવી રીતે કરાવેલી કે પાછળથી બટન છોડી દે એટલે તે ભાગ ખુલ્લો થઈ જાય.

એમ કેટલીયે વાર તેમનું દિશાએ જવાનું થતું, અને તેઓને તે કામથી પરવારતાં બિલકુલ વાર લાગતી નહિ. તેથી...બહેનને વહેમ ગયો કે કદાચ આ ખાલી ખાલી તો ન હોય ! પણ તે બોલેલાં નહિ, મનમાં ને મનમાં એવી વૃત્તિ તેમને થયેલી. તેથી, તેમણે તે બહેનને બોલાવીને તેમનો મળ બતાવ્યો. આટલું શરીરે ભોગવતા હોવા છતાં તેની અશક્તિ શરીરને ન હતી અને હિમાલયમાં તેનાથી ચઢવાનું નિરાંતે બની શકતું.

આવું બધું લખવાની પાછળ બીજો એક એવો પણ હેતુ છે કે જેથી સાચી રીતે હૃદયની ભાવનાથી મથનાર જીવ જીવન પ્રકટાવવામાં પ્રાર્થનાના રહસ્યનું કેટકેટલું ઉપયોગીપણું છે, તે પોતે સમજે ને પ્રાર્થનાનો જ્ઞાનભક્તિપૂર્વક અંતરમાં અંતરથી આશ્રય લે. પ્રાર્થના જેવું ચેતનવંતું ને બળવાળું બીજું કોઈ સાધન નથી. હૃદયમાં હૃદયના સાચા ભાવથી આર્તનાદ ને આર્દ્રભાવે, જે જીવ एનો આશરો લે છે, એને તેવી પ્રાર્થના કદી નિરાશ કરી શકતી નથી. એવી છે પ્રાર્થનાની અંતરતમ શક્તિ. જીવનવિકાસની સાધનામાં હૃદયથી કરાયેલી પ્રાર્થના ઘણો ઘણો મહત્ત્વનો ભાગ ભજવે છે. કિંતુ જીવની કેવી પરમ લાચારી છે કે એને પ્રાર્થનાનું શરણું લેવાનું કદી પણ સૂઝતું નથી ! કોઈક જીવ કરે છે, તો તે પણ કેવી લૂલી લૂલી ! કંઈ પણ કશા પ્રાણ વિનાની. જ્યારે કંઈક સાચી પૂરી ગરજ જાગે, કંઈક ઊંડું ઊંડું દર્દ થાય, ને ઘણું ઘણું સાલવા માંડે, ત્યારે જે પ્રાર્થના થાય છે, તેમાં પણ દર્દથી જે પ્રાર્થના થાય છે, એટલે કે જે પ્રાર્થનાના ભાવમાં અંતરનું દર્દ વ્યક્ત થાય છે, તેવી પ્રાર્થનાનો ભાવ કંઈ ઑર હોય છે. માટે, આપણે તો જેમાં ને તેમાં એ વહાલાને હૃદયમાં પ્રાર્થનાથી પોકાર્યા જ કરવાનો છે.

પ્રાર્થનાથી જેને જે બળ પ્રકટે છે, જે આત્મવિશ્વાસ પ્રકટે છે ને જીવનના સાચા આધારની જે ખબર પડે છે, તે પ્રાર્થનાનું સાચું શરણું સાચી રીતે સમજી શકે છે. આ જીવે તો પ્રાર્થના કરી કરી જીવનમાં રચનાત્મકપણું એની કૃપાથી પ્રકટાવવાનું કરેલું છે. માટે, કદી પણ લાચાર બનવું નહિ. સંસારી જીવ આગળ કદી પણ લાચારી દર્શાવવી નહિ. લાચારી દર્શાવવાની હોય તો તે એકલા આપણા વહાલા પ્રભુ પાસે જ હોય. કંઈક કશું થતાં પ્રાર્થના કરવી. પ્રાર્થના તો કામ કરતાં કરતાં પણ થઈ શકે છે. મનને કદી પણ ગ્લાનિમાં ગરકાવ થઈ જવા ન દેવું. મનની શાંતિ, પ્રસન્નતા, સમતા, ધીરજ વગેરે તો જેમ અખંડ જીવતાં રહે તેમ પ્રભુકૃપાથી મથવાનું છે.

પ્રાર્થનાથી કેવી કેવી ગેબી મદદ મળે છે, તેનો અનુભવ જ્યારે જીવનમાં પ્રકટે છે, ત્યારે તે પોતે કંઈ કશાથી કદી પણ ગભરાઈ જતો નથી. ગૂંચ, મુશ્કેલી, ઉપાધિ, ક્લેશ, સંતાપ વગેરે વગેરે પ્રકટતાં તે મુંઝાઈ જતો નથી. તે તેવી વેળા પ્રાર્થનાનું શરણું ગ્રહણ કરે છે, ને પોતે પાછો સનાથ બને છે. સંસારવહેવારવર્તનમાં આપણાથી ઘણી વેળાએ અનાથ બની જવાના પ્રસંગો પડ્યા જ કરે છે, પણ તેવી વેળા સનાથ છીએ તેનું જ્ઞાનભાન તેવા તેવા પ્રસંગમાં પ્રકટ્યા કરે, તો જે જે પ્રસંગો આપણને અનાથ કરાવવા મથતા હોય, એને, આપણા હૃદયની સનાથપણાની હૂંફ, ઓથ ને સહાનુભૂતિથી એને, એટલે કે તેવા તેવા પ્રસંગના હેતુને, તે એળે બનાવી દે છે. ફરી પાછા આપણે તેનાથી વધારે તેજસ્વીપણાવાળાં પ્રકટ્યા કરીએ છીએ. એવી છે પ્રાર્થનાની અદ્‌ભુત શક્તિ.

*('જીવનપોકાર', બીજી આ., પૃ. ૬૪ થી ૭૩)*

## ૫. અઘોરીબાબાની મુલાકાત

શ્રીમોટા જ્યારે ગુજરાત હરિજન સેવક સંઘમાં હતા, ત્યારે ચેતનામાં નિષ્ઠા પામેલા મહાત્માના અનુભવને માટે હિમાલય ગયેલા. એમનો મુખ્ય હેતુ જમનોત્રી, ગંગોત્રી, કેદારનાથ, બદરીનાથ, તુંગનાથ અને બીજે જવાનો હતો. ગંગોત્રીમાં માતાજીનું મંદિર છે. ગંગામાતાના મંદિરની સામેની બાજુના કિનારે રહેતા કોઈ મહાત્માની વાતો કદીક કદીક એ કરતા ખરા. ઉપરાંત, ગંગોત્રીથી આગળ કેદારનાથ જતાં કોઈ ચટ્ટી પાસેથી ઊતરેલા ત્યારે તેમની ખાસિયત પ્રમાણે બધાને પૂછેલું ત્યારે તેમને ખબર પડી કે એક અઘોરીબાબા અમુક ઠેકાણે રહે છે. તે ઠેકાણાની ચોક્કસ માહિતી તેમને અહીંથી મળી હતી. તે કહે, ‘અમુક ઠેકાણેથી અમુક ટેકરી પર ચડીને જવાનો રસ્તો નથી. ઝાડ કે બુટ્ટી એવું કંઈ ઊગ્યું હોય એને પકડી પકડીને બેળેબેળે ચડીને જઈએ ત્યારે પાછું બીજું આરોહણ આવે છે. ત્યાંથી ત્રીજું પશ્ચિમ દિશામાં જઈને પૂર્વ દિશામાં વળી ઉત્તર દિશાએ જવાનું છે. તે બધું ચડાણ બહુ આકરું છે.’ બધું થઈને લગભગ દશબાર માઈલ થાય. ત્યાં એક અઘોરીબાબા ઉચ્ચ પ્રકારના અનુભવી પુરુષ છે.

એમની સાથે એક બોજીવાળો હતો. તેને તેમણે પોતાની પાસેથી રકમ વગેરે આપતાં કહ્યું, ‘જો ભાઈ, પાંચ દિવસ સુધી તું અહીં રહેજે. મારો બધો સામાન, રૂપિયાની આ રકમ વગેરે તું તારી પાસે રાખજે. એમાંથી ખાવાપીવાનું બધું ખર્ચ કરજે. પાંચ દિવસ થઈ જાય ત્યાં સુધીમાં હું ના આવું, તો તું તારે ઘેર લઈ જજે.’ તે ઉપરાંત, તેમણે શ્રી પરીક્ષિતલાલ તથા

એમની બા વગેરેને કાગળ લખીને સરનામું કરીને આપી દીધા અને સૂચવ્યું, 'આ કાગળો તું ઘરે જાય ત્યારે ટપાલમાં નાખતો જજે.'

એમ કરીને એ તો ઊપડ્યા. સાથે લીધો એકમાત્ર કામળો. થોડું ખાવાનું ને લશ્કરના સિપાહીઓ પાણી પીવાને રાખે છે તેવી વૉટરબૅગ. એમના કહેવા મુજબ રસ્તો ઘણો ચડાણવાળો, અઘરો અને આપણી હિંમત, પરાક્રમ ને શૌર્યને પડકાર દે તેવો હતો. એક બે વખત તો એમના પગ લપસ્યા હતા ને પડેલા પણ ખરા, છતાં વચ્ચે ઝાડ પકડી રાખવાને લીધે બચી પણ ગયેલા. હંમેશાં એમને ભગવાનમાં એટલો બધો વિશ્વાસ છે કે એનાથી એમને મદદ મળ્યા જ કરે છે. કેવા કેવા માણસોએ એમને હાથ દીધા છે, સહાય કરી છે, ઓથ દીધી છે, એ જોયેલી હકીકત છે. એ તો મથામણ કરતાં કરતાં ચડ્યા ને બતાવેલા સ્થળે પહોંચ્યા.

ત્યાં દુર્ગંધ બહુ આવતી હતી. એટલે એમને લાગ્યું કે આ જ તે જગ્યા હશે. ત્યાં એક મોટું ઝાડ આવતું હતું. તેની આગળ હાડકાં ને મળ બધું પડેલું હતું. ત્યાં જઈને એ બેઠા. એમ કરતાં કરતાં ત્યાં રાત પડવા આવી. શ્રીમોટાએ પોતાની પાસે પાણી હતું તેમાંથી થોડું પીધું. ખાવાનું સાથે હતું તે પણ ખાધું. આથી, એક દિવસમાં બધું ખાવાનું પૂરું થઈ ગયું, કેમ કે સાથે મોટો જાડો ધાબળો ઊંચકવાનો હતો. એટલે વધારે ભાર લઈને ચડી શકાય એમ ન હતું. રાતના એકબે વાગ્યા. શ્રીમોટા પોતાની મસ્તીમાં ને પોતાના ભજનમાં, ભાવમાં મશગૂલ રહેતા ત્યારે પેલા અઘોરીબાબા

આવ્યા. એ છાનામાના બોલ્યાચાલ્યા વિના બેસી રહ્યા.

તેમ ત્રણ દિવસ પસાર થઈ ગયા. શ્રીમોટાને તરસ ને ભૂખ કકડીને લાગેલી, પણ એમને એની નવાઈ ન હતી. પેલા અઘોરીબાબા કાંઈ બોલેચાલે નહિ ને આ કાંઈ પૂછે કરે નહિ. ચોથા દિવસની વાત. પેલા બાબા બોલ્યા, 'બચ્ચા, ભૂખ-તરસ લગી હૈ ?' ત્યારે એમણે કહ્યું કે ભૂખ લાગી છે. એટલે તે એક કાચલીમાં રાબ જેવું આપીને બોલ્યા, 'બચ્ચા પી જા. ઈસસે તેરી ભૂખ-તરસ મીટ જાયેગી. ઈસસે ભૂખ ભી નહીં લગેગી, તૃષા ભી નહીં લગેગી.' શ્રીમોટાએ એ લીધું. એમાંથી ઘણી દુર્ગંધ આવતી હતી. એમને આવી બાબતનો પરિચય એટલે એ ધીરે ધીરે ખાવા લાગ્યા. ખાતાં ખાતાં એમને કંઈ બીજો સ્વાદ આવ્યો નહિ પણ બધું સાફ કરી ગયા. કાચલી પણ ચાટીને સાફ કરી દીધી, પણ એની એક વાત અદ્ભુત હતી કે તેનાથી ભૂખ ગઈ ને તરસ પણ ગઈ. ને ભાવ એવો પ્રગટ્યો કે ભાવની સ્થિતિમાં, ભાવાવસ્થામાં કેટલા વખત સુધી તે તદ્રૂપ થઈ ગયા !

તે પછી જ્યારે શરીરની સભાનતામાં એ આવ્યા ત્યારે અઘોરીબાબાએ કહ્યું, 'અરે બચ્ચા ! તૂ મેરે સાથ રહ જા ઈધર. તેરેકું જો કુછ દિલ મેં કરને કી મહત્ત્વાકાંક્ષા હૈ, વહ સબ ઈધર તેરેકું સંતોષપૂર્ણ મિલ જાયેગા.'

શ્રીમોટાએ કહ્યું, 'હું ગરીબ, આપનાં દર્શન માટે આવ્યો છું. કેટકેટલાયે અનુભવી મહાત્માઓ છે. એમની સુભાશિષો મને જો મળી શકે તો તેની પ્રાર્થના કરું છું. કોઈની પાસે કશું માગતો નથી. એમની સાથે એવો ભાવ રાખું છું કે

પ્રેમભક્તિના કારણે મારા હૃદયમાં એક એવા પ્રકારની સ્વીકારશક્તિ (રીસેપ્ટિવિટી)થી ભાવની તદ્રૂપતા મારા જીવનમાં પ્રગટે અને જીવંત વહ્યા કરે.'

અઘોરીબાબાએ કહ્યું, 'તારે તે માટે અહીં રહી જવું પડશે. અહીંથી જઈ શકીશ નહિ. હું કેટલાયે વખતથી અહીં આવા એક સમર્થ શિષ્યની શોધમાં છું, પરંતુ બહાર શોધવા હું ગયો નથી. મારી પણ એક એવા પ્રકારની પ્રચંડ ભાવના છે કે તને આકર્ષણ લાગ્યા વિના રહેવાનું નથી. તું આપમેળે આવ્યો છે, મેં તને કંઈ બોલાવ્યો નથી. તું શોધતો શોધતો આવ્યો છે તો તું રહી પડ. તારી ધારેલી બધી જ ઇચ્છા પૂરી થશે એમાં કોઈ જાતની શંકા નથી.'

શ્રીમોટાએ એમને કહ્યું, 'પ્રભુ, મળેલી પરિસ્થિતિ, મળેલા સંજોગો અને એના પરત્વેના ધર્મનું પ્રેમભક્તિજ્ઞાનપૂર્વક, એના હેતુની સભાનતા સાથે આટલું કર્યું એ જ ધર્મ છે. બીજા કોઈ ધર્મને હું જાણતો નથી. અત્યારે મારો ધર્મ હિમાલયમાં આપના જેવા મહાત્મા અને મહાનુભાવોના ચેતનાત્મક ભાવને સ્વીકારવો, અનુભવવો-દિલમાં દિલથી અનુભવવો એ જ મારી આ યાત્રાનો હેતુ છે. મારે હજુ ઘણે ઠેકાણે જવાનું છે. મારો હેતુ હજી ફલિત થયો નથી. મારે હાલમાં પ્રાપ્ત થએલું જે કર્મ છે, સંજોગો છે, પરિસ્થિતિ છે, તેના પરત્વેની મારી ફરજમાંથી હું મુક્ત થઈ શકું નહિ. મને કોઈ બેળેબેળે રાખી શકે એવી કોઈ તાકાત નથી.'

તે બાબા બોલ્યા, 'હું જોઉં છું, તું કેવી રીતે જાય છે ! તું મારી સાથે રહે તો સારી વાત છે. તને બધું મળી શકશે. આ

હઠ તું નહિ છોડે તો તારું શરીર ટકી શકવું મુશ્કેલ બની જશે. હું જોઈશ કે તું કેવી રીતે જાય છે !'

શ્રીમોટાએ કહ્યું, 'આ જીવ કોઈ પણ પ્રકારના ભયને ગાંઠે એવો નથી. ભયને જીવનમાંથી ભગાડી મૂક્યો છે. ભગવાનની કૃપાથી અભય મારા ગુરુમહારાજના આશીર્વાદથી પ્રાપ્ત કરેલો છે. તે મારા જીવનનો મોટામાં મોટો શૃંગાર છે, ગૌરવ છે. જીવનની એક નક્કરતા અને ચેતન અનુભવવા માટેની જીવંત વાસ્તવિક આવશ્યકતા છે.'

એ ભજન ગાતાં ગાતાં મસ્તીમાં નીચે ઊતરી ગયા. ઊતરતાં એમને વાર પણ ન લાગી. નીચે આવ્યા, નાહ્યા-ધોયા, પછી રસોઈ બનાવી અને જમ્યા પછી સૂતા. સવારે ઊઠ્યા ત્યારે એમનું શરીર નીરોગી, પણ પછી એમને ઝાડા થવા લાગ્યા. ઘણા ઝાડા થયા. ઘણા ઝાડા થાય ત્યારે ચટ્ટીમાં રિવાજ કે ત્યાં રહેવા ન દેવાય. શ્રીમોટાએ એક ઝરણા પાસે ઝાડની નીચે પથારી કરી મીણિયું પાથર્યું અને ઉપર સૂતા. શરીરથી ચાલી શકાય એવી સ્થિતિ રહી ત્યાં સુધી વેગળે જઈને ટટ્ટી જઈ આવતા, સાફ કરતા, ધોતા પછી હાથપગ મોઢું ધોઈને સૂઈ જતા. પછી તેઓ બેભાન થઈ જવાની તૈયારીમાં હતા ત્યારે કોઈ બંગાળી સાધુ જેવા એમની પાસે આવ્યા એટલું એમને યાદ છે.

આશરે ૧૮ કે ૨૦ દિવસ બેભાનમાં પસાર થયા હશે. પેલા બંગાળી સાધુ તેમની સેવા કરતા હતા. તે કહેતા હતા તે ઉપરથી શ્રીમોટાએ જાણેલું કે પોતે બેભાન અવસ્થામાં પણ ભગવાનની એકધારી એકાગ્રતાથી અને એકાગ્રતાની કેંદ્રિતતાથી

એવો પોકાર એમના હૃદયમાંથી નીકળતો કે ભગવાન એમને સાંભળે. એમના ગુરુમહારાજ પર એમને એવો અટલ વિશ્વાસ હતો.

શ્રીમોટાને તેમના સમર્થ ગુરુએ બચાવ્યા. તે પછી ધીરે ધીરે એમના શરીરમાં ચેતન આવવા લાગ્યું અને ઊઠતા-બેસતા થયા. બંગાળી સાધુએ એમની ઘણી સેવા કરેલી. એમની પાસે એવું કંઈ ન હતું કે એ સેવાનો ઋણનો બદલો વાળી શકે. ઓઢવા પહેરવા માટે જે થોડું હતું, એમાંથી એમણે એક પાતળો કામળો અને પચીસ રૂપિયા સાધુને પગે લાગી, નમસ્કાર કરીને આપ્યા. સાધુએ કહ્યું, ‘ભાઈ, આ બધું તું શું કરે છે ? તારી પાસે કંઈ નથી ને મને આપે છે, તે બરાબર નથી.’ સાધુએ કશું લીધું નહિ. ‘મને તારી સેવા કરવાનો હુકમ મળેલો એટલે હું આવેલો. તું કેટલે દૂર હતો ત્યાં મને કોઈકે કહ્યું, તું જા. ફલાણે ઠેકાણે મારો ભક્ત છે, તેની તું સેવા કર. તારી સેવા મેં કરી છે ખરી, પણ હું નિમિત્તમાત્ર છું.’

પછી શ્રીમોટામાં ચાલવા જેટલી શક્તિ આવતાં ત્યાંથી ઊપડવાનો દિવસ નક્કી કર્યો. બંને જણ વાતો કરતાં કરતાં ચાલતા હતા, તે પછી પેલા સાધુ દેખાયા નહિ. શ્રીમોટાને થયું કે તેઓ લઘુશંકા કરવા ગયા હશે, હમણાં આવશે. જ્યારે પાછળ ફરીને જોયું તો ક્યાંયે સાધુ મળે નહિ. દેખાયા જ નહિ, ગયા તે ગયા !

(‘પૂજ્ય શ્રીમોટા : જીવન અને કાર્ય’ પહેલી આવૃત્તિ, પૃ. ૫૮૭)

## ૬. નાગાબાવા

**શ્રીમોટા :** આ સાધુમહાત્માઓની સાથે ફરતો ત્યારે તેમની સાથે વ્યસન અંગે ચર્ચા કરતો. કોઈ સત્સંગી હોય તો કહું કે 'ભાઈ, તમે આ બધું કરો તો તેની સામે મારો વિરોધ નથી, પણ એમાંથી આપણે સમાજને સજ્જડ રૅશનલી દાખલો આપી શકીએ તો એ લોકો પણ સમજે, કે આમાં પણ કશું તથ્ય હોવું જોઈએ.' દા.ત. આપણે એકાગ્રતા વિશે જોઈએ.

એકાગ્રતા કરતાં વધારે ધૂન કે ક્રોધી થયા છે. એકાગ્રતા તો ભગવાનના સતત સ્મરણમાં કે એના ભાવમાં ટકાવી રાખે, પણ તમે તો રહેતા નથી. તમે એ એકાગ્રતાનો સદ્દુપયોગ કરતા નથી. એ એકાગ્રતાની તમને દારૂ જેવી ટેવ જ પડેલી છે. માટે ખરાબ ગણાય છે. તમે કરો છો એ ઉત્તમ છે, એવું કંઈ છે નહિ. આથી, મારા પર બહુ ચિડાયા. એક દિવસ એમણે મને ચીપિયો ઠોકી દીધેલો. પછી હું તો જતો રહ્યો.

પહેલાં આ સાધુઓમાં બહુ ફરતો હતો. એમાંથી મને કંઈ જ્ઞાન મળે એવી કલ્પના હતી, પણ બહુ હમ્બગ (તરકટ) હતું. કંઈ કશું નથી. બહુ નકામું છે. આથી, મેં બંધ કરી દીધેલું. પછી હું ચેતી ગયેલો. હિમાલય સુધી ગયેલો. ત્યાં ત્રણ એવા મળેલા ખરા. એ ત્રણેય બહુ અદ્‌ભુત માણસો હતા. વળી, અનુભવવાળા હતા.

ઇતિહાસમાં કોઈએ વાંચ્યું હોય તો પંડિત માલવિયાજીએ હિંદુ યુનિવર્સિટીમાં કાશીવિશ્વનાથ જેવું મંદિર બનાવેલું. શહેરના કાશીવિશ્વનાથ મંદિરની નકલ કરાવી એમણે ત્યાં પણ ગંગાની નહેર બનાવેલી. બધે પાણી જેવું બનાવેલું. બધું તૈયાર

થયેલું, પણ એની પ્રાણપ્રતિષ્ઠા કોણ કરે ? પ્રાણપ્રતિષ્ઠા વિના પૂજાય નહિ.

**સ્વજન :** ક્યાં બનાવેલું, મોટા ?

**શ્રીમોટા :** ત્યાં હિંદુ યુનિવર્સિટીની અંદર બનાવેલું. પછી એની પ્રાણપ્રતિષ્ઠા કરવી પડેને ? તો પ્રાણપ્રતિષ્ઠા કરવા માટે કોઈક લાયક માણસ પણ જોઈએને ? એ લાયક માણસને શોધતા હતા. માલવિયાજીને સાધુસંતો સાથે સહવાસ પણ વધારે. એ માટે માલવિયાજી ફર્યા. તે ફરતાં ફરતાં જડ્યું કે આ હિમાલયમાં ગંગાજીનું મંદિર છે, તેની પેલી બાજુ એક નાગા સાધુ છે, તે આવા જ્ઞાની પરમ પુરુષ છે, એવી એમને ખબર પડી. એટલે એ પોતે જાતે ત્યાં ગયા. એમ ને એમ તો એ માને એવા હતા નહિ. આપણે દર્શન તો કરીએ. ત્યાં ગયા, બેઠા. બે ત્રણ દિવસ થયા. ત્યાં આગળ બહુ પહેલાંની હિંદુઓની એક સંસ્થા છે. કાળીકામળીવાળા બાવાની સંસ્થાઓ ઠેકાણે ઠેકાણે છે. માણસો રહી શકે એવી બધી સગવડો કાળીકામળીવાળા બાવાએ કરેલી. માલવિયાજી મહારાજ પાસે બે દિવસ એમ ને એમ બેસી રહ્યા, એમ ને એમ બેસે, બધું જુએ, તપાસે. માલવિયાજી સંસ્કૃતના બહુ જાણકાર ને જ્ઞાની હતા. પછી કંઈ વાત ઉપાડી. પેલા બરાબર જવાબ આપતા કે માલવિયાજી ખુશ થઈ ગયા. પછી ઈશ્વર વિશે બીજા બધા પ્રશ્નો પૂછતા. એના પણ બધા સાચા જવાબ આપ્યા. એટલે આ પણ અનુભવ સાચો. આમ, માલવિયાજીને ખાતરી થઈ. 'બીજું કંઈ કારણ નથી. જેમ કાશીમાં કાશીવિશ્વનાથ છે, એવું એક મંદિર અમે બનાવ્યું છે. યુનિવર્સિટીમાં હજારો વિદ્યાર્થીઓ

ત્યાં ભણે છે. અને ત્યાં ગંગાજીની નહેર કાઢી છે, એ પણ આગળપાછળ ફરે છે. બરોબર પ્રોટોટાઈપ કાશીવિશ્વાસનાથ મંદિર જેવું કર્યું છે. એની પ્રાણપ્રતિષ્ઠા કરવી છે. ઘણા વખતથી હું ખોળતો હતો કે કોઈ એવો અનુભવી પુરુષ મળે કે જેના હાથે પ્રાણપ્રતિષ્ઠા થાય. પછી હું તમને આ જ સ્થિતિમાં મૂકી જઈશ.' 'બહુ કપડાં લત્તાં પહેરીશ નહિ. તારે મને લઈ જવો હોય તો લઈ જા. કપડાં બપડાં નહિ પહેરું.' 'તમારા માટે ફર્સ્ટ ક્લાસનો સ્પેશિયલ ડબો રાખીશ, અને ફૂલનો પહેરવેશ આપીશ.' 'મને ફૂલનો વાંધો નથી., ગમે તેવાં ફૂલ નહિ ચાલે, સુગંધીવાળાં ફૂલ જોઈએ.' 'તૈયાર રાખીશ.' અને મહારાજ હિમાલયની તળેટી સુધી તો નાગા રહેલા. પછી સ્ટેશન પર આવ્યા, ત્યાર પછી ફૂલના શણગાર કરેલા. માથે મુગટ, ગળામાં માળા. આ બધું ફૂલનું તૈયાર કરેલું, તે મહારાજને પહેરાવી દીધું. પછી ત્યાં બેસાડ્યા. એ તો કશું બોલે કરે નહિ. આ બધું વર્ણન મેં 'હિંદુ'માં વાંચેલું. એટલે મને થયું કે 'આ મહારાજનાં દર્શન કરીએ તો બહુ સારું. કંઈ કૃપા થવાની હોય તો થાય.' એટલે આ મહારાજનાં દર્શન કરવાને માટે ગુફામાં ગયેલો. ત્યાં જઈને બેઠો. માલવિયાજીએ મહારાજ માટે ઘણી સારી સગવડ કરેલી. પહેલાં અહીં ઓરડી મળે નહિ. શિયાળામાં, ઉનાળામાં તે એક જ સ્થિતિમાં ત્યાં જ પડ્યા રહે. પછી માલવિયાજીએ એમને માટે ઘર કરાવ્યું, કંઈ કશી એમને માટે જોઈતી વસ્તુઓ મળે એવી વ્યવસ્થા ત્યાં આગળ કરાવી. અમુક વખતે બંધ થઈ જાય, ને છ મહિના ચાલે, છ મહિના પછી બરફ પડવા માંડે, એટલે બંધ થઈ જાય. એટલે છ મહિના પછી પણ વસ્તુઓ રહે

એવી સગવડ કરી આપી. એમની સેવામાં પોતે ઓળખતા હતા એવી એક બાઈ રાખી હતી. બે માણસો રાખ્યા. માલવિયાજીએ બધી વ્યવસ્થા પાકી કરી અને નીચે ઊતરી આવ્યા. એવું બધું મેં વાંચેલું છે.

હું ત્યાં ગયેલો. કેટલાય માણસો એ મહાત્માનું ભૂંડું બોલે. મહાત્માનું ખરાબ બોલે. એટલું બધું ખરાબ બોલે.

*'તદ્રૂપ-સર્વરૂપ' પૃ. ૮૩*

## ૭. હિમાલયમાં મહાત્માનાં દર્શન

**સ્વજન :** મોટા, તમે કહેલું કે તમે હિમાલય ગયેલા, ત્યારે તમને ત્રણ મહાત્માનાં દર્શન થયેલાં. એમાં એક તો અઘોરીબાબાની વાત કરી. બીજા હિંદુ મહાવિદ્યાલયના સંદર્ભમાં માલવિયાજીને મળેલા એમની તમે વાત કરી. અને ત્રીજા કોણ હતા ?

**શ્રીમોટા :** હિમાલયમાં જ રહેતા હતા. અને જ્યાં ગંગાજીનું મંદિર છે એમાં જ રહેતા. છ મહિના ચાલે અને છ મહિના બંધ રહે. ગામડામાંથી પણ લોકો ત્યાં આવતા. કોક કોક રહે. અને છ મહિના નીચે ઊતરી જતા. હું એક બાજુ કોક ઠેકાણે રહેતો.

એક બાઈ એમની સેવામાં રહેતી. એણે એવી બધી વાત મને કરી. મહારાજની બધી નેગેટિવ વાતો હતી. અને સંસારમાં એને સ્વીકારવાવાળા બહુ થોડાક હોય. મને થયું કે, આવા મોટા મહાત્મા પુરુષ છે. અને આ બાઈને આટલો બધો મદ છે ? એ ભગવાનની કૃપાથી જાય તો સારું, કારણ કે આ બાઈ કેટલાયને કહેતી ફરશે અને લોકો આ બાઈનું માનશે. અને

પેલા મહાત્મા તો કંઈ સ્પષ્ટતા કરવા જવાના નથી. લોકો તો વાત ફેલાવ્યા કરે. એટલે મેં ભગવાનને પ્રાર્થના કરી, 'તું એને સદ્‌બુદ્ધિ આપ અને એનું ખરું સ્વરૂપ જુએ અને આવી બુદ્ધિ એની નીકળી જાય એવું તું કર. આ દૂર હટાવવા જેવી વાત મને લાગે છે. માટે કોઈ પણ ઉપાયે આ તો થવું જ જોઈએ.' એમ આખી રાત પ્રાર્થના કરવા માંડેલી. પછી સવારમાં ઊઠીને, દાતણપાણી કરીને નદીમાં નાહીને, ધોયેલાં કપડાં પહેર્યાં. ગંગાસ્નાન કરતાંય પ્રાર્થના કરી. પછી એ બાઈ આવીને મને પગે પડી ને કહે, 'મોટા, હવેથી હું આ કામ નહિ કરું. મેં ભયંકર ભૂલ કરી નાખી. આવા મોટા મહાત્મા વિશે આવી વાત ફેલાવી. હવે એનું પ્રાયશ્ચિત્ત મને બતાવો.' મેં કહ્યું, 'આનું પ્રાયશ્ચિત્ત એ કે દૃઢ વ્રત લે. ભૂલેચૂકે પણ આના વિરુદ્ધમાં કંઈ પણ તારે કહેવું નહિ. અને તને કંઈ પણ શંકા થાય તો એમને જઈને પૂછી આવજે.' તો એ કહે, 'મારી જોડે વાત કરશે ?' મેં કહ્યું, 'હા, જા તારી જોડે વાત કરશે.' પછી એ બાઈને મહાત્મા પાસે લઈ ગયો. પગે લાગ્યો. પછી મેં બધી વાત કરી અને કહ્યું, 'આને કંઈ શંકા થાય, કંઈ વાત કરવાનું મન થાય, તો કૃપા કરીને ભગવાનની ખાતર એટલું કરજો. વચન આપો.' તો કહે, 'હા, જા વચન. એને જ્યારે આવવું હોય ત્યારે આવે. એની સાથે વાત કરીશ. એણે કેવી કેવી વાતો મારા વિશે ફેલાવી છે, તે હું જાણું છું. મારે તો કંઈ જાણવા કરવાનું હોય નહિ. જેવી ભગવાનની મરજી, પણ એને આવીને જે કંઈ પૂછવું હોય તે પૂછે. વાતચીત કરવી હોય તોપણ કરે. અને એને મદદ જોઈતી હશે, તોપણ આપીશ. મેં એ બાઈને કહ્યું, 'જો કેટલા ઉદાર છે ! તેં ખરાબ કહ્યું, પણ તને મદદ આપવાને

માટે તૈયાર થયા. તે તને એનું ઉદાર હૃદય સમજાય છે કે નથી સમજાતું ?' તો કહે, 'સમજાય છે.' પછી અમે આવતા રહેલા. પણ આવા મહાત્માઓ હોય છે.

એક મકાન હતું એમાં રહેતા હતા. એક છોકરો રાખેલો. એક બાઈ રાખેલી. તે બધું કરે. અને બધો પૈસાનો હિસાબ રાખવા એક મુનીમ રાખેલો. પૈસા કોણ મોકલાવે તેનો હિસાબ રાખતો. ત્રણ જણ રહેતા હતા. માણસો આવજા કર્યા કરતા. મરજી આવે તો સવાલનો જવાબ આપે નહિતર ના આપે. મૂંગામૂંગા બેસી રહે. પૂછીએ એટલે જવાબ આપવો જ જોઈએ એવું નહિ. બેચાર વાર પરસીસ્ટન્ટ (પાછળ પડવું) થાય તો આપવો હોય તો આપે. આપણે પરસીસ્ટન્ટ થવું જોઈએ. આપણે એની પાછળ ફર્યા જ કરવું. પાંચછ દિવસ સુધી ગયો ત્યારે એમણે છઠ્ઠે દિવસે મારી સાથે વાત કરી. એટલી ધીરજ રહે નહિ, ને એ 'ના, બોલ્યા' છો સૂઈ ગયા. આપણે તો હેંડો એમ કહે તેને માટે નકામું.

આજે આ સંસારમાં મારા વિશે ગમે તેટલું ખરાબમાં ખરાબ બોલતા હોય, વિચારતા હોય, તોય તેને પણ હું ચાહું છું. એવું કબૂલ કરનારા પણ છે. હું ચાહ્યા વિના રહું નહિ. મારાથી રહેવાય નહિ. સાહેબ, કોણ જાણે કેમ, પણ મને સાચું લાગે છે કે ભગવાનનું એ જ લક્ષણ છે કે દરેકને ચાહે છે ! એવું નહિ કે સાચાને જ ચાહે છે. ખોટાને પણ ચાહે છે. કોક દિવસ એમાંથી એનો ઉદ્ધાર થવાનો છે. સાચાને પણ ચાહે છે અને જૂઠાને પણ ચાહે છે.

*'તદ્રૂપ-સર્વરૂપ', પૃ. ૭૩*

# ખંડ : ૩

# અન્ય સ્વજનોના અનુભવ

## ચેતનાશક્તિના પ્રતાપે-હિમાલયયાત્રા

જત, ભાઈ હેમંતકુમારને પરમ પૂજ્યશ્રી નાનચંદ્રજી મહારાજ સાહેબ પાસે **'જીવનસોપાન'**નું હાથે લખેલું બધું લખાણ તેમને વાંચી સંભળાવીને તેમની (મહારાજશ્રીની) પ્રસ્તાવના લેવાને કાજે જવાનું બનેલું. ને ત્યાં પહોંચ્યા ને એક દિવસ તો સારી રીતે વાંચવાનું બન્યું, પરંતુ બીજે દિવસે ગામબહાર શૌચ જવાનું થતાં, તેમનાં વાંચવાનાં ચશ્માં ક્યાંક પડી ગયાં. પાંચછ દિવસ સુધી રોજના આશરે છ કલાક ચશ્માં વિના વાંચવાનું બન્યું. તેવું વાંચવાનું એટલે કે દિવસના આટલા બધા કલાક અને તે પણ પાંચછ દિવસ સુધી આવી રીતે વાંચવાનું બન્યું, તે એક આશ્ચર્યકારક ઘટના હતી. ચશ્માં પહેર્યાં વિના તેમણે વાંચી જોવાનો પ્રયોગ કરી જોયો હતો, પણ બરાબર ફાવેલું નહિ. એકલા નામસ્મરણના ભાવથી કે પ્રાર્થનાથી સાયલામાં તેવી રીતે તે બધું લખાણ વાંચી શકવાનું બન્યું, તે જો હકીકત સાચી હોય, તો કોઈ બીજા સમયે પણ તેવા જ સાધનથી તેમ બની શકવું ઘટે, પરંતુ સાચી હકીકત તો એ છે કે જેનું તે લખાણ હતું, તેની કોઈ ચેતનાની શક્તિએ તેમને પ્રેરાવીને તે કામ કરાવેલું હતું. આ હકીકતની તેઓ પોતે જ સાક્ષી પૂરે છે.

તે ઉપરાંત, તેઓ મારા પરના એક કાગળમાં લખે છે, 'હિમાલયમાં કેદાર-બદરી જવા સારુ રોજના ૧૦-૧૧ માઈલ ચઢી શકવાનું મારાથી બન્યું, તે મારા જેવાના શરીરની સ્થિતિથી બનવું કદી પણ શક્ય ન હતું ને હજી પણ નથી. વળી, ત્યાં કકડતી ને શરીર ઠરી જાય એવી ઠંડીમાં શરીર સારી રીતે

ટકી શક્યું, તે હકીકત મારા જેવાને કાજે એક ચમત્કારિક ઘટના છે. હિમાલયની મુસાફરીમાં ચાલી શકવાનું બન્યું, ને આખી યાત્રામાં પ્રત્યેક સ્થળે જે અણધારી છક કરી નાખે એવી સગવડો મળ્યા કરી, તે કોઈકની ચેતનાત્મક શક્તિને આભારી હતું. એના વિશે મારા મનમાં લવલેશ પણ સંદેહ નથી. મારા જીવનમાં આવા એક બે અટૂલા કંઈ પ્રસંગો નથી. એવા કેટલાય પ્રસંગોનું વર્ણન લખી શકું એમ છું, પરંતુ ઘણી દિલગીરી ને દુઃખની હકીકત તો એ છે કે એવા પ્રસંગોથી કરીને જીવનવિકાસના માર્ગમાં જે ઉડ્ડયનની ગતિ પ્રગટવી ઘટે, તેમાં હજી પૂરેપૂરા ચેતનાત્મકપણે પ્રાણ પ્રગટેલા અનુભવી શકતો નથી. બાકી, ઉપલા પ્રસંગોનાં જેવી ચમત્કારિક ઘટનાઓ મારા જીવનમાં બનેલી જાતોજાત અનુભવેલી છે.'

આવા બનાવો આંખ ઉઘાડનારા ને હૃદયને સ્પર્શે એવા હોવા છતાં જીવન ચેતનાત્મક પૂરેપૂરું બનતું નથી, એ પણ એક તાજુબીભરી હકીકત છે. એનું મૂળ ને ખરું કારણ તો એ છે કે હજી આપણને એ માર્ગ પરત્વેની સાચી, ખરેખરી ને પૂરેપૂરી જિજ્ઞાસા પ્રગટેલી નથી.

*'જીવનપોકાર', બીજી આ., પૃ. ૪૩૫*

★ ★ ★

## પરિશિષ્ટ-૧ : યાત્રામાં મોટાનો સંગાથ

**પુષ્પાબહેન દલાલ**

૧૯૫૪ના એપ્રિલમાં અમારે ગંગોત્રી-જમનોત્રી જવાનું નક્કી થયું. વાને લીધે મારા પગમાં ખૂબ સણકા મારતા હતા. પગની દશા ચાલી શકાય તેવી ન હતી. મેં પૂજ્ય શ્રીમોટાને પુછાવ્યું કે 'મારે શું કરવું ? યાત્રાએ જવું કે ન જવું ?' તેઓશ્રીએ મને યાત્રાએ જવાની સંમતિ આપી. આથી, ગંગોત્રી-જમનોત્રી જવાની મારામાં હિંમત આવી. અને અમે જવાનું નક્કી કર્યું.

અમે જમનોત્રીના રસ્તે ચાલવાની શરૂઆત કરી, ત્યારથી એક સાધુ અમારી સાથે ચાલતો હતો. એ સાધુને જોતાં મનમાં થયું કે 'આ સાધુને મેં ક્યાંક જોયા છે. એમને હું ઓળખું છું, પણ ક્યાં જોયા છે એ યાદ ન આવે.'

તે દિવસે સાંજે અમે ચાલતાં હતાં. મારી સાથે મારાં હંસાભાભી હતાં. ઘણે ઊંચે પહાડ પરથી અમને 'હરિઃૐ'ની બૂમ સંભળાઈ. હંસાભાભીએ મને પૂછ્યું, 'બહેન, તમે 'હરિઃૐ' અવાજ સાંભળ્યો ?' મેં હા કહી. અમારી આ વાત સાંભળીને પેલા સાધુ હસ્યા, મેં એ સાધુના ચહેરા સામે ધ્યાનથી જોયું તો જણાયું કે પૂજ્ય શ્રીમોટાની છબિમાં મેં આ સાધુનો ચહેરો જોયેલો છે ! એ વખતે તો અમારે ગંગોત્રી-જમનોત્રી જવાનો સ્વપ્નેય વિચાર ન હતો.

ગંગોત્રી-જમનોત્રીના રસ્તે મને એ સાધુએ ખૂબ સહાય કરી. પૂજ્ય શ્રીમોટા મારી સંભાળ જે રીતે રાખતા, એ જ રીતે મારી સંભાળ રાખતા. એ સાધુને હું પજવતી પણ ખરી. એમના પર ગુસ્સે પણ થતી, તોય હસતાં હસતાં એ મારી સંભાળ રાખે.

વાને લીધે મારા પગ દુઃખતા હતા. આથી, સાબરસીંગું

ઘસી આપતા હતા. અને એ હું મારા પગ પર લગાડતી. આથી, મને યાત્રામાં રાહત રહેતી. એક વખત વધારે દુખાવો થયો ત્યારે એમણે દવાનું એક પડીકું આપ્યું. એ વખતે મને મનમાં વિચાર આવ્યો કે 'આવી અજાણી દવા ખાવાથી કદાચ મરી જવાય તો ? આથી, એ દવા ન ખાવી એમ નક્કી કર્યું. ત્યારે પેલા સાધુએ કહ્યું, 'આ ઝેરનું પડીકું નથી, પણ સાબરસીંગની ભસ્મ છે. તેનાથી પગની વેદના શાંત થઈ જશે.'

ત્યાં માસિક ઋતુધર્મનો ગાળો મેં ઉપવાસ કરીને પૂરો કર્યો અને ચોથા દિવસે માથાબોળ નાહીને કંડી વગર સાત માઈલ ચાલીને જમનોત્રી જવાનું હતું. વળી, મને ઑપરેશન પણ કરાવેલું હતું. અમારા ગોર રાધેશ્યામે આવી હાલતમાં ન જવું એવી સલાહ આપી, પણ પેલા સાધુએ મને શ્રદ્ધા રાખીને યાત્રા આગળ ચલાવવા કહ્યું. મેં કંડી રાખેલી છતાં એના ઉપયોગ વિના શરીરની આવી સ્થિતિ હોવા છતાં હું સાત માઈલનો રસ્તો કાપી શકી. પેલા સાધુ કશું જ બોલ્યા વિના મારી સંભાળ રાખતા અમારી સાથે ચાલતા હતા.

આ સાધુ તે પૂજ્ય શ્રીમોટા જ હતા, કેમ કે આ યાત્રાનો આરંભ કરતાં પહેલાં શ્રીમોટાએ મને કહેલું કે 'પગે ચાલીને યાત્રા કરવી હોય તો જ હિમાલય જજે.'

મારો સંકલ્પ ફળ્યો એથી વિશેષ પૂજ્ય શ્રીમોટાની પ્રત્યક્ષ સહાય મળી અને મારી જીવનયાત્રાની સફળતા પ્રાપ્ત થઈ એથી હું ધન્ય બની.

★ *આ પ્રસંગનાં લેખિકાએ એ સાધુ સાથે ફોટો પડાવેલો અને આ હકીકત લખીને પૂજ્ય શ્રીમોટાને બતાવેલી ત્યારે એ નોંધ પાસે પૂજ્ય શ્રીમોટાએ જાતે જ આ અનુભવની સત્યતાને સમર્થન આપેલું. અને ફોટાની એક બાજુ પર લખી આપ્યું હતું કે 'તે તો બીજા કોઈ ન હતો.'*

## પરિશિષ્ટ-૨ : સતત સહવાસ

**ડૉ. રમેશભાઈ મ. ભટ્ટ**

૧૯૪૫માં શ્રી નંદુભાઈના પરિવારે મોટા સાથે હિમાલય-યાત્રા કરી હતી. મોટા, ચોથી વખત હિમાલય ગયેલા. એ પછી તેઓશ્રી હિમાલય ગયા નથી.

૧૯૪૫માં હું દસ વર્ષનો હતો ત્યારે મારા પિતાજી સાથે હૃષીકેશ ગયેલો. અને દૂર દેખાતી પર્વતમાળા એ જ હિમાલય છે અને એ બધા બરફના પર્વતો છે. એમાંથી વહી આવતી ગંગાનાં પાણી ઠંડા અને સફેદ છે. એ જોઈને એ વખતે મારા બાળમાનસમાં અનેક કલ્પનાઓ અને કૌતુક જાગેલાં. હિમાલયનાં ચરણ સુધી જઈને પાછા ફર્યા પછી સમય જતાં હિમાલય જવાનું મન રહ્યા જ કરતું હતું. સાહિત્ય અને કલાના સંસ્કારને લીધે હિમાલય પ્રત્યેના આકર્ષણનાં કારણો બદલાતાં હતાં. ધર્મ અને આધ્યાત્મિક ભાવના ખીલતાં હિમાલયની યાત્રા એક અનોખો અલૌકિક અનુભવ જ ગણાય, એવી સમજ દૃઢ થઈ હતી.

જુદી જુદી ભાવનાઓથી હિમાલય દર્શન પામેલાઓનાં પુસ્તકો પણ વાંચ્યાં હતાં. કૉલેજમાં ભણતો હતો એ દરમિયાન ન્યુ થિયેટર્સની 'યાત્રિક' નામની ફિલ્મ જોયેલી. શ્રી પ્રબોધ સાન્યાલની બદરીનારાયણ સુધીની હિમાલયયાત્રાનાં નયનરમ્ય દૃશ્યો તથા યાત્રિકની આંતરયાત્રા રસભરી રીતે રજૂ થયેલાં હતાં. એ ફિલ્મ મેં સાત વખત જોયેલી. અને એના વિશે એક લેખ પણ લખેલો.

હિમાલયમાં અનેક મહાત્માઓ તપશ્ચર્યા કરે છે. કેટલાય

સિદ્ધપુરુષોનું હંમેશનું આકર્ષણ સ્થાન હિમાલય છે. ત્યાં ક્યારે જવાશે એમ થયા જ કરતું હતું, પરંતુ સંજોગો અને પરિસ્થિતિ આ આકર્ષણને ફળીભૂત થવાં દેતાં ન હતાં.

આમ કરતાં ખાસ્સો સમય વહી ગયો. ૧૯૬૭થી પૂજ્ય શ્રીમોટાનો નિકટ સહવાસ થયો. આ સહવાસના પરિણામે મારા તમામ પ્રકારનાં આકર્ષણોનું કેંદ્રસ્થાન જ તેઓશ્રી બની રહ્યા. મૌનએકાંતના પ્રયોગોથી અને મોટાની ચેતનાના સ્પર્શથી મારી જાણ બહાર અને મારા કાબૂ બહાર મારો જીવનરસ અનેક પ્રવાહોમાં વહી રહ્યો હતો એણે દિશા બદલી. મારી વિવિધ ક્ષેત્રની પ્રવૃત્તિ પણ શમીને એક કેંદ્રી બની રહી. પરિણામે એવો ભાવ દૃઢ થયો કે મોટા જ મારું જીવનતીર્થ છે. મારે બીજા કોઈ તીર્થ ફરવાની જરૂર નથી.

આથી, મોટાના સહવાસ પછી એમના શબ્દનું પાલન કરવા કોડાઈકેનાલ તથા માથેરાન જેવાં રમણીય સ્થળોએ ગયેલો. આ બંને સ્થળે મોટા અમારી સાથે ન હતા, છતાં એમના કહેવાથી અમે ત્યાં ગયેલા એનું સ્મરણ સતત થયા કરતું હતું. તેઓશ્રીના સૂક્ષ્મ સાથની આંતરિક પ્રતીતિ જુદી જુદી રીતે થયા કરતી હતી. દક્ષિણ ભારતની યાત્રા દરમિયાન અનેક મંદિરોમાં ફર્યા છીએ. એની ભવ્યતા અને કલાનાં દર્શનથી આનંદ અનુભવ્યો છે. કન્યાકુમારી તથા તીરુપતિ-બાલાજીની મૂર્તિઓની સામે જોતાં જ મોટાનું સ્પષ્ટ દર્શન થયાં કરેલું અને હૃદય ભાવવિભોર બની ગયેલું. આંખમાંથી આંસુની ધારા વહેતી હતી. મને સ્પષ્ટ સમજ છે કે આ અનુભવ મારા હૃદયમાં પરમ તત્ત્વ પ્રત્યેની ભક્તિને લીધે ન હતો, પરંતુ

મોટાના અચાનક સ્મરણથી તેઓશ્રીની ચેતનાના ગૂઢ સ્પર્શથી થયો હતો. કોડાઈકેનાલથી પ્રકૃતિની રમ્યતા અને ભવ્યતાનાં દર્શનથી પણ આવાં સ્પંદનોનો અનુભવ થયા કરતો હતો. આ બધાં સ્થળોએ તેઓશ્રી ગયેલા એનું સ્મરણમાત્ર મારા હૃદયને ઝંકૃત કરતું હતું.

મોટાના સહવાસના એક દાયકા દરમિયાન તેઓશ્રીના દેહરૂપ અને અક્ષરરૂપ પરિચયનું સાતત્ય વધતું જ ગયું. ૧૯૭૬માં તેઓશ્રીના દેહત્યાગ પછી તેઓશ્રીનો અક્ષરદેહ એ મારી ઉપાસનાનું એકમાત્ર સાધન બન્યું. હિમાલયની યાત્રા માટેનું આકર્ષણ ક્યાં ઓગળી ગયું એની ખબર પણ ન પડી !

મોટાના સમાગમ દરમિયાન બે મહાત્માઓનાં દર્શન થયેલાં, પણ કોઈનીય નિકટ આવેલો નહિ, પણ ૧૯૭૨માં મારાં સાળી ચિ. કનકનાં લગ્ન પ્રસંગે મોટા પધારેલા. મોટા, તેના સાસરે પધારે એવી કનકની ભાવના હતી, ત્યારે મોટાએ કહેલું, ‘તારે ત્યાં દાસાનુદાસજી પધારશે, હું અને એ બંને એક છીએ.’ મેં દાસાનુદાસજીનું નામ સાંભળેલું અને એમની વિલક્ષણ અને વિચિત્ર ગતિવિધિ વિશે પણ જાણેલું. જ્યારે મોટાના મુખેથી એમના વિશે આ વચન સાંભળ્યું ત્યારે આનંદ થયેલો. મોટાના સહવાસ પછી ક્યારેય કોઈની પાસે કે કોઈ જગાએ સામે ચાલીને દોડી જવાની વૃત્તિ ફલિત કરી નથી. ને જે મહાત્મા સહજ રીતે મળ્યા, એમનામાં મોટાની ભાવના દૃઢાવી સત્સંગ દ્વારા તેઓશ્રીના મળવાના હેતુને સ્પષ્ટ કરાયો છે. એ રીતે મોટાના દેહત્યાગ પછી ૧૯૮૩માં પૂજ્ય

દાસાનુદાસજીનાં નિકટથી દર્શન કર્યાં અને પરિચયમાં આવ્યો. તેઓશ્રીને મળવાની મેં ઈચ્છા વ્યક્ત કરી ત્યારે એમણે બે વચનો કહેલાં એ હૃદય સોંસરા ઊતરી ગયાં. તેઓશ્રીએ કહ્યું, 'આપણે જ્યાં મળવાનું છે, એ તો હૃદયમાં મળવાનું છે.' બીજું એમણે દર્શન વિશે કહ્યું, 'જ્યાં દર્શન છે ત્યાં પ્રદર્શન નથી. અને જ્યાં પ્રદર્શન હોય છે ત્યાં દર્શન હોતું નથી.'

હું એમને પહેલવહેલો મળ્યો ત્યારે સફેદ લુંગી પહેરેલા ઉઘાડા શરીરે હતા. અને સિગારેટ પીતા હતા. મોટાના સહવાસને લીધે મહાત્માઓના બાહ્યવર્તન વિશે મારાથી અભિપ્રાય બંધાતા નહિ.

એ પછી પૂજ્ય દાસાનુદાસજીને અવારનવાર મળવાનો સંયોગ થતો. એમને બધા 'બાપજી' કહીને સંબોધે. આ બાપજી સાથે પરિચય વધતાં તેઓશ્રીએ પોતે હિમાલયમાં કરેલી તપશ્ચર્યા, સાધનાની કેટલીક વાતો કરવા માંડી. એમની સાથેની વાતમાં મોટાની વાત પણ આવે. મોટા, ગાંધી આશ્રમમાં રહેતા હતા ત્યારે બાપજી, મોટા પાસે જતા હતા. એ વખતે મોટાએ શ્રી નંદુભાઈને કહેલું, 'આ મસ્તરામ છે.' - પછીથી મને જાણવા મળેલું કે બાપજીને શ્રી નંદુભાઈના પરિવાર સાથે પણ સારો પરિચય છે.

બાપજી જ્યારે પણ હિમાલયની વાત કરે ત્યારે મારામાં પડેલો હિમાલય દર્શનનો સંસ્કાર જાગ્રત થાય, પરંતુ હવે ચાલવાની તકલીફ હોવાથી મારાથી કેવી રીતે જવાય ? - એમ થયા કરે. સામે એમ પણ થાય કે જેને પ્રગટ પુરુષનો ભેટો થયો છે, એણે હવે બીજે દર્શન પણ શેનાં કરવાનાં હોય ?

એવામાં એક દિવસ બાપજીએ કશ્યપભાઈ, કનક, ચિ. પ્રતીક અને ચિ. ચિંતનને બદરીનારાયણની યાત્રા કરવા સંમતિ આપી. એ જાણ્યા પછી અમે પણ એમની સાથે જોડાઈએ તો કેમ - એમ મેં બાપજીને પૂછ્યું. તેઓશ્રીએ પ્રેમથી સંમતિ આપી અને સમૂહમાં કેવી રીતે રહેવું, વર્તવું વગેરે પણ સમજાવ્યું તથા હિમાલયયાત્રા દરમિયાન ખાવાપીવા અંગે પણ સલાહ આપી. ઉપરાંત, તેઓશ્રીએ અમારી યાત્રાના માર્ગનો નકશો દોરી ક્યાં કેટલું થોભવું વગેરે જણાવ્યું. આમ, હું તથા અરુણા પણ હિમાલયયાત્રામાં સામેલ થવા સજ્જ થયાં.

હું મોટાને પ્રાર્થના કરતો, 'હે પ્રભુ, આપ તો અમારી સાથે, અમારામાં પળેપળે છો જ, પરંતુ એની અમારામાં સભાનતા રહ્યા કરે એવી કૃપા કરજો. કેવળ આપનું જ સ્મરણ અમને રહ્યા કરજો. આપ અમારી બધી રીતે રક્ષા કરજો.' આમ, હું અવારનવાર કહ્યા કરતો. એ દરમિયાન 'મૌનમંદિરનો મર્મ' પુસ્તકની નવી આવૃત્તિનું પ્રૂફ તપાસવાનું આવ્યું. એમાં 'યાત્રાનું ભાથું' મથાળે તૈયાર કરેલું લખાણ વાંચ્યું. આ અગાઉ આ જ પુસ્તકનું સંપાદન કરતાં તથા એ પછી પણ અનેક વખત આ લખાણ વાંચેલું, છતાં આ વખતના ખાસ સંદર્ભમાં - જાણે મોટા મને યાત્રાનો હેતુ સ્પષ્ટ સમજાવતા હોય એમ લાગવા માંડ્યું. હું બરાબર એનું પાલન કરી શકું એવી જાગૃતિ રહ્યા કરે એવી પ્રાર્થના પણ કર્યા કરું. યાત્રા દરમિયાન મોટાનું સ્મરણ રહ્યા કરે એટલા માટે એમના તેમ જ એમનાથી થયેલા અનુભવો સિવાયની કોઈ વાતચીત પણ અમારાથી ન થાય એવી શક્તિ જાગૃત કરવા પ્રાર્થના કર્યા કરી.

સ્થૂળ ભાથા ઉપરાંત આવા બીજા ભાથા સાથે તા. ૨૮-૫-૧૯૯૪ના રોજ હરિદ્વારથી ટેક્સીમાં અમારી હિમાલયયાત્રાનો આરંભ થયો. સરળતા અને સગવડ ખાતર ૭ જણ વચ્ચે બે ટૅક્સી કરી હતી. મારી તથા અરુણાની સાથે ટૅક્સીમાં પ્રતીક હતો. ડ્રાઈવર સાથે ચાર જણને લઈને ટૅક્સી હરિદ્વારથી હૃષીકેશ પહોંચી. હૃષીકેશ એ તો હિમાલયનાં ચરણ. જે સ્થળેથી ઓછામાં ઓછા સામાન સાથે હાથમાં ઊંચો દંડ લઈને પગપાળા હિમાલયના ખોળે રમવું હતું - એવું સ્વપ્ન સેવેલું - એ જ યાત્રા પચાસ વર્ષ પછી વાહનનાં ચક્રોની ગતિને આધારે શરૂ કરી, એમાં મોડું થયું છે એનો મને અફસોસ ન હતો, કેમ કે મારા મનની કલ્પનાશક્તિએ અન્ય સાહિત્યના સંસ્કારોમાં રમખાણ ન કરતાં, મોટાના રૂપનિર્માણનું કાર્ય કર્યું. મોટા અમારી આગળ હોય. અમારી બાજુમાં હોય એવું, કલ્પનાની સહાયથી મારું ચિત્ત, ચિત્ર ઉપસાવતું હતું અને એ સુરેખ થતું હતું.

બદરીનારાયણના શિખર પરથી વહી આવતી અલકનંદાના પ્રવાહને નિહાળતાં તથા આસપાસ નજરે ચઢતાં હિમાલયનાં શિખરો તરફ નજર કરતાં મોટાએ પોતાની સાધનાના આરંભમાં પ્રભુસ્વરૂપનું વર્ણન કરતાં ને નમસ્કારવિધિ 'તુજ ચરણે'નો આરંભ કરતાં જ કરી છે એનું સ્મરણ થયું.

*'જેને હિમાલય સ્તવે ધરી શ્વેત વસ્ત્રો,*
*વ્યોમે વધીય મળવા ઘણું ઉર ચ્હાતો,*
*જેને નદી કર વડે નિત અંજલિ દે,*
*વંદું મૂકી ચરણમાં શિર તાતને તે.'*

*જેને ઢૂંઢે વિરહિણી અભિસારિકા જે,*
*ઉત્સુક ઉર બનીને નદી, દોડતી ને-*
*જે સાથ એક બનવા અધીરી વહે છે,*
*વંદું મૂકી ચરણમાં શિર તાતને તે.*

વળી, 'તુજ ચરણે'નું પ્રકાશન પણ મોટાની પહેલી હિમાલયયાત્રાનું નિમિત્ત બનેલું. એના વેચાણની આવકમાંથી એમણે હિમાલયયાત્રા કરેલી. આવાં બધાં સ્મરણો મારા દિલમાં ઉભરાતાં હતાં.

એની સાથે પ્રો. શ્રી એ. જી. ભટ્ટે રચેલ 'મોટા ચરણે' પ્રાર્થનાની કેટલીક પંક્તિઓ પણ સ્મરણે ચઢતી.

*'તીર્થાટનો ભૂમિતલે કર્યાથી,*
*અનેક યજ્ઞો પણ આચર્યાથી,*
*જે સત્યનું દર્શન ના થવાનું,*
*તે સંતની આશિષથી પમાતું.'*

વળી –

*'વરસી રહી છે પ્રભુની કૃપા તો,*
*એ ઝીલવા પાત્ર મને બનાવો.'*

એમ પણ મનોમન બોલાયા કરાતું હતું.

૧૯૪૫માં જે સ્થળેથી મોટાએ શ્રી નંદુભાઈના પરિવાર સાથે પગપાળા હિમાલયયાત્રાનો આરંભ કરેલો, એ દેવપ્રયાગ પાસેથી અમે પસાર થતાં થોડીક મિનિટો થોભ્યાં. બદરીનારાયણથી આવતી અલકનંદા અને ગંગોત્રીથી આવતી ભાગીરથીનો અહીં સંગમ થતો હતો. આ સંગમનું દૃશ્ય તથા એમાંથી પ્રગટતો ધ્વનિ અનુપમ હતો. અમારી યોજના મુજબ પાછાં ફરતાં અહીં અમારું બે દિવસનું રોકાણ હતું. આથી, અમે તરત જ ઊંચે પ્રયાણ કર્યું.

અને એક અદ્‌ભુત ઘટના બની. તદ્દન નવા જ પ્રકારના લયથી 'હરિઃૐ'નું ઉચ્ચારણ શરૂ થયું. અને એ જેમ બોલાતું ગયું તેમ દિલમાં ઉલ્લાસ. આનંદ વધતો ગયો. નજરથી હું આસપાસના અનુપમ પ્રાકૃત્રિક સૌંદર્યને જોતો હતો. અને એમાંથી નીપજતો આનંદ હરિઃૐના ઉચ્ચારણમાં લય પામતો અનુભવાતો હતો. મોટેથી 'હરિઃૐ' બોલ્યા કરવાનો મારો લાંબો અભ્યાસ નહિ. છતાં સતત મોટેથી એક લયમાં બોલાયે જતું 'હરિઃૐ' મોટાનું જ પ્રાગટ્ય છે એની પ્રતીતિ થઈ. અમે હરિદ્વાર પાછાં ફર્યાં ત્યાં સુધી 'હરિઃૐ'નું રટણ ચાલુ જ રહ્યું !

હિમાલયનાં ઊંચાં શિખરો તથા ઊંડી કોતરોને જોતાં અઘોરીબાબાનાં દર્શન માટેનો મોટાનો પુરુષાર્થ યાદ આવ્યો. અને આપોઆપ પ્રાર્થના થયે ગઈ. ગુરુના હુકમપાલન પાછળનાં સાહસ અને હિંમત આગળ મને મારી પામરતા લાગી આવી. એનું નિવેદન પ્રાર્થનામાં થયા કરતું. અને પ્રાર્થના કરતાં હૃદય ભરાઈ આવતું. એમ થતાં પાછું નામસ્મરણ શરૂ થતું.

શ્રીનગરમાં બપોરનું ભોજન પતાવીને અમે કર્ણપ્રયાગ થઈને નંદપ્રયાગ પહોંચ્યાં સદ્‌ભાગ્યે નગરની વસતી અને બજારથી બહાર ઊંચાઈ પર એક હોટેલમાં અમને જગા મળી ગઈ. ત્યાંની સાંજે અને રાત્રે જે સૌંદર્ય દર્શન થયાં એથી દિલમાં ખૂબ આનંદ થયો હતો.

બીજે દિવસે અમે બદરીનારાયણ જવા નીકળ્યાં. રસ્તામાં પીપલકોટીમાં કલાકનો વિરામ કરીને જોશીમઠ પહોંચ્યાં.

જોશીમઠમાં નામસ્મરણ તીવ્ર અને વેગવાળું હતું. આ બધું મારામાં થયે જતું હું સ્પષ્ટ રીતે અનુભવતો હતો. ત્યાં જ ઊંડું અને સ્પષ્ટ સંવેદન મારા હૃદયમાં થયું. હૃદયમાં ઉછાળો આવ્યો અને આંખોમાં આંસુ છલકાયાં. જોશીમઠથી બદરીનારાયણ જવાનું ચડાણ છે. આથી, એ ચડાણ-ઉતરાણને એકમાર્ગી કર્યું છે. લાઇનમાં ગાડીઓ ઊભી રહે છે.

જોશીમઠથી અમારું ચડાણ શરૂ થયું. ઊંચે દૂર દૂર બરફથી આચ્છાદિત શિખરોવાળાં પર્વતોનાં દર્શન થયાં. બદરીનારાયણ પહોંચતાં સુધીમાં ત્રણેક વખત હૃદય ગદ્ગદ થઈ જતું હતું. એનું કારણ મને તે વખતે સમજાતું ન હતું.

અમે બદરીનારાયણ પહોંચ્યાં ત્યાં સખત ઠંડીનો સુસવાટો હતો.

અમે ઉતારા પર સામાન ગોઠવીને તરત જ બજારમાં થઈને બદરીનારાયણના મુખ્ય મંદિર તરફ ચાલવા લાગ્યા. હું મંદિરની બંને બાજુ પર વિસ્તરેલા પર્વતોનાં ચમકતાં શિખરો નિહાળતો મંદિરનાં પગથિયાં પાસેના ઓટલે જ બેઠો. શંકરાચાર્યે કરેલી બદરીનારાયણની સ્તુતિ સ્મરણે ચઢી. બાર-તેર વર્ષનો હતો ત્યારે તો એ મઢી હતી. એમાંથી બે પંક્તિઓનું સ્મરણ થયું.

*'પવન મંદ સુગંધ શીતલ હેમમંદિર શોભિતમ્*
*કરત ગંગા સતત સ્તુતિ શ્રી બદરીનાથ વિશ્વંભરમ્'*

હા, આ જ ! વિશ્વનું ભરણપોષણ કરનાર વિષ્ણુનું પ્રગટરૂપ !

એ રૂપ કેવું છે ! આસપાસનાં હિમશિખરો સૂર્યનાં કિરણોથી સુવર્ણ જેવાં ચમકી રહ્યાં છે, એ જ પ્રભુનું મંદિર શોભી રહ્યું છે. વાતાવરણમાં સભર શીતલ અને સુગંધિત પવન એ પ્રભુનો જીવમાત્રને થતો આશિષ સ્પર્શ છે. અને ગંગાના પ્રવાહનો ધ્વનિ વિશ્વંભર પ્રભુની સ્તુતિ કરે છે. દર્શન, સ્પર્શ અને શ્રવણ દ્વારા પ્રભુનાં આવાં દર્શનનો મર્મ ખૂલતાં હૃદય ભર્યું ભર્યું હતું.

હાથમાં પ્રસાદના થાળ ભરીને નજીકથી મંદિરમાં જઈ રહેલા સંખ્યાબંધ યાત્રીઓની આંખોમાં અનોખા પ્રકારના ધર્મ સંસ્કારથી જાગ્રત થયેલી ઉત્સુકતાનાં મેં દર્શન કર્યાં. એવામાં મુખિયાજીના આગમનની છડી પોકારાઈ. આખા શરીરને ઢાંકતો મોટો ઝભ્ભો પહેરેલ દક્ષિણ ભારતના યુવાન બ્રહ્મચારી મુખિયાજીએ પ્રવેશ કર્યો.

મોટા, અહીં આવેલા ત્યારે જે મુખિયાજી હતા એમના ચિત્તનો કબજો લઈને, એમનાં હૃદયનાં દ્વારને શ્રી નંદુભાઈ પાસે ખુલ્લાં કરેલાં. મોટા તો ઉતારા પર હતા. અને એ મુખિયાજીએ પોતાના મનહૃદયનાં ઊંડાણની હકીકત શ્રી નંદુભાઈને એકલાને જણાવી દીધી. શ્રી નંદુભાઈ તો એ વખતે આશ્ચર્યચકિત થયેલા, પણ તરત જ એમને સમજાઈ ગયેલું કે આ ચમત્કાર ઘટના મોટાની શક્તિનું પરિણામ હતું. આ સંદર્ભથી વળી પાછું મોટાનું સ્મરણ સુરેખ બન્યું.

મોટા, કયા રૂપે મારી સાથે હતા ? સ્મરણરૂપે, મારાં મનહૃદયમાં જાગતાં ભાવ તથા ભાવનારૂપે. એમનો સ્પર્શ મને થતાં રોમાંચ પરથી અનુભવાતો હતો. શંકરાચાર્યના સ્તવનનું

એકાએક સ્મરણ એ પણ મોટાના જ સ્મરણનો પ્રતાપ હતો. હું છેક નીચેનાં પગથિયાંની બાજુની ઓટલી પર બેઠો હતો. મારી સામે ચોક તરફ હું જોતો હતો. સહેજ નજર ઊંચી કરતાં હિમાલયના શ્વેત ચમકતા શિખરનું દર્શન કર્યું. વિશુદ્ધ ચાંદી જેવું ચમકતું એ શિખર તથા આસપાસ ધીમે ધીમે જામતાં વાદળોની વ્યવસ્થિત ગતિ હું નિહાળતો હતો. ત્યાં જ 'યાત્રિક' ફિલ્મનો મુખ્ય યાત્રિક મંદિરમાં દર્શન કરવા જવાને બદલે આ સ્થળે ઊભો રહીને આવાં જ દર્શનમાં ખોવાઈ ગયો હતો - એનું સ્મરણ થયું. અને એ વખતે એના મનમાં ગવાતું ગીત - (જે ગીત પંકજમલીકના કંઠે ગવાયેલું) 'તૂ ઢૂંઢતા જીસે થા, - વો સાંવરા સલૂના બસતા હૈ તેરે મન મેં.' - એ ગીત યાદ આવ્યું. ત્યાં તરત જ

*'રસિયાજી, અંતરયામી, મારા હૃદયકમળના સ્વામી !*
*અલબેલા પ્રેમીનામી રે... પાવલે લાગું'*

એ પંક્તિ ગુંજવા લાગી.

આ બધું એ વખતે આંતરિક થતું હતું. ત્યાં જ એક વૃદ્ધાએ મંદિરમાંથી પાછી ઊતરતાં મને કહ્યું, 'બેટા, પ્રસાદ લો.' એમ કરીને એમણે તો પ્રસાદની થાળી મારી સામે ધરી. મેં એ માતાની આંખ સામે ક્ષણેક વાર જોયું. મારી તો આંખો છલકાઈ - અને થાળમાંથી થોડોક સૂકો મેવો લીધો. પછી માજીએ કહ્યું, 'ઓર લો.' મેં સાકરના પાંચેક ગાંગડા લીધા. અને મેં માજીને બે હાથ જોડી માથું નમાવી વંદન કર્યા.

મોટાનું વચન 'હું સર્વત્ર વિદ્યમાન છું.' મારા કાનમાં રણકી ઊઠ્યું. આવા વત્સલભાવે અહીં મને બોલાવનાર કોણ ?

જેમના હ્રદયમાં પૂર્ણ પુરુષોત્તમરૂપ પ્રભુ પ્રગટ થયેલા છે અને સર્વમાં અને સર્વત્ર વિદ્યમાન ‘હોવાપણા’ના નિરંતર અનુભવમાં છે, એનું નિમિત્ત બનનાર કેટલાં ભાગ્યશાળી ! કેટલાં પુણ્યશાળી !

સંધ્યા આગળ વધતી હતી. આકાશ વાદળોથી છવાઈ ગયું અને આછી વર્ષાછાંટ ભીંજવી રહી. હું ઊભો થઈને મંદિરની અંદરની પડાળીમાં જઈને બેઠો. મંદિરમાં દર્શન કરવા જવા માટે લાઈન હતી, મને હવે અંદર જઈને પ્રભુનાં મૂર્તરૂપનાં દર્શન કરવાની ઉત્સુકતા રહી ન હતી. આથી, અમારો વારો આવતાં અમે મંદિરમાં ગયાં અને ત્યાં મૂર્તિ સમીપ બેસીને પ્રાર્થના કરવા માંડી. ‘હે પ્રભુ ! આપ અહીં મૂર્તિરૂપે બિરાજ્યા છો. આપનું અમૂર્ત અને ભાવરૂપ સર્વત્ર પ્રસરેલું હોવા છતાં આ સ્થાન પર વિશેષભાવે કેંદ્રિત અને સક્રિય થયેલું છે. હે પ્રભુ ! આપની કૃપાનો હું સ્પર્શ પામ્યો છું. કૃપા કરીને મારા હ્રદયમાં રહેલા આપના જ પ્રચ્છન્ન રૂપનાં દર્શન આપવાનું ભાગ્ય આપો. માનવશરીરમાં પ્રભુરૂપે પ્રગટેલ મારા મોટાના સહવાસથી સહેજ સહેજ આંખ ખૂલે છે અને બિડાઈ જાય છે. અને પાછો હું અંધારામાં ડૂબું છું. આપની જ કૃપાથી એમના સાંનિધ્યને એટલે કે ‘આપ’ના જ સાંનિધ્યને હું પામી શક્યો છું. આ અનુભવ મારા હ્રદયમાં સ્થિર બને, દૃઢ બને અને અવિસ્મરણીય બને એવી કૃપા કરજો.’ આવી મતલબની પ્રાર્થના કરેલી.

ત્યાં ‘વિષ્ણુસહસ્ત્રનામ’ના ઉચ્ચારણ સાથે તુલસીપત્રની અર્પણવિધિ ચાલતી હતી. એ જોતાં જ પાછી ભાવના જાગ્રત

થઈ. તુલસીની પવિત્રતા, સ્વાસ્થ્ય પ્રેરકતા - જે છે એ પ્રભુને ચરણે સમર્પિત થાય ! 'મારા મનમાં જાગેલી પવિત્ર ભાવનાઓ, હૃદયમાં ઊભરાતો શુદ્ધ ભાવ, મારી મતિમાં અનુભવાતો પ્રકાશ અને આપનું સ્મરણ આપનાં જ ચરણમાં સમર્પિત કરી દઉં છું.' - એમ થતું હતું.

પૂજાવિધિ પછી અમે પાછાં ફર્યાં. બીજે દિવસે બદરીનારાયણથી પાછાં ફર્યાં ત્યાં સુધી ફરીથી હું મંદિરમાં ગયો નથી. માત્ર આસપાસના અવકાશને જોયા કરતો હતો અને 'હરિઃૐ' બોલાયે જતું હતું. બીજા દિવસની વહેલી પરોઢે ઊઠીને જે દર્શન થયું એ તો અલૌકિક, અદ્‌ભુત અને અવર્ણનીય હતું. બંને બાજુનાં શિખરો સુવર્ણ રંગથી પ્રકાશિત હતાં અને આસપાસ સુવર્ણમય પ્રકાશથી વાતાવરણ ભર્યું ભર્યું હતું. ત્યાંથી નજર ખસેડવાનું મન થતું ન હતું. મારી પાસે રાખેલા કૅમેરાથી એને કચકડા પર ખેંચી લીધું. એ તો સ્મૃતિ ! અસલ દર્શનની તોલે કશું જ નહિ !

હૃદયમાં આનંદ ભરીને અમે બીજે દિવસે બપોરે નીચે ઊતરવાનું શરૂ કર્યું. પ્રતીકની તબિયત બગડી હતી એથી એક દિવસનું વધુ રોકાણ અમે રદ કર્યું. ઠંડી સખત હતી, પણ સહ્ય અને આહ્‌લાદક હતી. છતાં રોકાવું સલાહભર્યું ન હતું.

પાછાં ફરતાં પીપલકોટીમાં પ્રતીકને પ્રાથમિક સારવાર અપાવીને રાત ત્યાં ગાળીને બીજે દિવસે સવારે અમે નીચે ઊતર્યાં. અને સાંજ પડતાં પહેલાં અમે દેવપ્રયાગ આવી પહોંચ્યાં. ત્યાં તદ્દન નવી જ ખૂલેલી અને ઊંચી ટેકરીની ધાર પર બંધાયેલી હોટલમાં અમને મુકામ મળ્યો. ત્યાં નર્યું એકાંત

હતું. નીચે દેવપ્રયાગ નગર હતું. ટેકરીની છેક નીચે અલકનંદા ભાગીરથનો સંગમ દેખાતો હતો. અને બંને ભગિનીઓના મિલનના હર્ષોલ્લાસનો ધ્વનિ સંભળાયા કરતો હતો.

ટેકરી પરની હોટલ પર જતાં પહેલાં હું સંગમને નિહાળવા સહેજ આગળ ગયો ત્યાં જ સડક પર મારો પગ લપસી જતાં હું પડી ગયો. ડાબો પગ તો ઈજાવાળો હતો. માંડ ઠીક થયું હતું. ત્યાં પડી જતાં ડાબા હાથ પર ઈજા થઈ. થોડીક વારમાં દુખાવો વધ્યો. મેં હાથ લંબાવી જોયો - વાંકો વાળી જોયો. હાડકું ભાંગ્યું નથી એની ખાતરી કરી લીધી. પછી આયોડેક્સ લગાડીને ઈલાસ્ટિક પાટો બાંધી દીધો. વળી, પ્રતીકની તબિયત વધારે બગડતી હતી. આથી, ડૉક્ટરને બોલાવવા એ જરૂરી હતું. હોટલના વ્યવસ્થાપકે નીચે ગામમાં એક ડૉક્ટર રહે છે એની વાત કરી. આ વખતે રાત પડી ચૂકી હતી અને વધારામાં વીજળી પૂરવઠો બંધ હતો એથી સંપૂર્ણ અંધકાર હતો. આમ છતાં હોટલના વ્યવસ્થાપક જાતે કશ્યપભાઈ સાથે ડૉક્ટરને બોલાવવા ગયા અને ડૉક્ટર જમવા બેઠેલા તે ભાણા પરથી ઊઠીને તરત જ જરૂરી સામગ્રી લઈને આવી પહોંચ્યા. એ દરમિયાન હું મોટાને પ્રાર્થના કરતો હતો કે ‘અમારી સંભાળ લેજે અને બધી રીતે રક્ષા કરજો.’ ડૉક્ટર આવ્યા અને પ્રતીકને ડી-હાઈડ્રેશનનું નિદાન કરીને, ઈંજેક્ષન આપ્યું. પછી મારો હાથ તપાસ્યો. અને સ્પ્રેઈન થયાનું જણાવીને, માત્ર પાટો રાખવાનું સૂચવ્યું. લગભગ અડધોકલાક જેટલો સમય અમારી પાસે બેસીને વાતો કરી. પછી એમને ફી અંગે પૂછતાં કહ્યું, ‘સિર્ફ પ્યાર. હમેં ઈસ કી હી પ્યાસ હૈ !’ આટલું સાંભળતાં મારું હૈયું ભરાઈ આવ્યું.

આટલી અંધારી રાતે, થાળી પરથી ઊઠીને, ઘરમાંથી ઇંજેક્ષન તથા દવાઓ લઈને, સારવાર આપ્યા પછી અડધો કલાક સુધી બેસી રહેનાર આ ડૉક્ટર દેવદૂત જેવા લાગ્યા !

હું અંદરથી તો પ્રતીતિ પામતો હતો કે આ કોનો પ્રતાપ છે ! વીજળી બંધ હોવાથી રૂમમાં સૂવાની મજા ન આવત ! આથી, અમે બહારના ઓટલા પર સૂતા. મધરાતના ગાઢ અંધકારમાં આકાશના ચમકતા તારાનું દર્શન તથા સંગમનો ધ્વનિ મારાં આંખ અને કાનને ભરતાં હતાં. હું મોડી રાત સુધી ઊંઘ્યો નહિ. હાથનો દુખાવો વીસરાઈ ગયો હતો. એકધ્યાન બનીને હું પડ્યો રહ્યો હતો.

બીજે દિવસે વહેલી પરોઢે અમે હરિદ્વાર જવા નીકળ્યાં. પ્રતીકને લઈને વેળાસર હરિદ્વાર પહોંચવું હતું. અને જરૂરી સારવાર આગળ વધારવી હતી. એટલે કનક અને કશ્યપભાઈ પ્રતીકને લઈને સીધા હરિદ્વાર પહોંચ્યાં. હું, અરુણા અને ચિંતન હૃષીકેશમાં રોકાયાં. હું એક ઝૂંપડી જેવી હાટડીમાં બેઠો અને ગંગાના પ્રવાહને જોયા કરતો હતો. મારાથી ચાલીને સામે કિનારે જવાય એવી શક્તિ ન હતી. પગમાં દુખાવો થતો હતો. આથી, હું આ કિનારે બેઠો હતો.

તા. ૧લી જૂને અમે પાંચ દિવસની હિમાલયયાત્રા પૂરી કરીને હરિદ્વાર આવી પહોંચ્યાં.

'હરિઃૐ'નું રટણ ચાલુ હતું. કૃતજ્ઞભાવે પ્રાર્થના થયે જતી હતી.

★ ★ ★

હરિદ્વારમાં અમારે અગિયાર દિવસ રહેવાનું હતું. પ્રતીક ત્રણેક દિવસ પછી તદ્દન સાજો થઈ ગયો. મસૂરી જવાના કાર્યક્રમમાં મારે સામેલ થવું ન હતું. આથી, મારું મન નવા કાર્યક્રમ માટે શાંત હતું.

હિમાલયની યાત્રાના પાંચ દિવસ દરમિયાન મોટા 'હરિઃૐ' રટણરૂપે અમારી સાથે ને સાથે જ રહ્યા એ તદ્દન નક્કર અનુભવની હકીકત બની. યાત્રા દરમિયાન કોઈ બીજા વિચારો નહિ. સંસારના સંબંધની સ્મૃતિ નહિ. અન્ય કોઈ પણ જાતની વાતચીત નહિ. આવી પ્રસાદી પામીને હરિદ્વારમાં આવ્યાં.

બધાં મસૂરી ગયાં એ દિવસે સવારે ત્રણેક કલાકમાં આનંદમયી માના આશ્રમમાં એકલે બેઠો હતો. આંખ મીંચીને મોટાની મૂર્તિ સન્મુખ કરતો હતો. આંખ ખૂલે ત્યારે મા આનંદમયીની સમાધિને જોયા કરતો. 'હરિઃૐ' તો સંગાથી હતું જ.

સમય પૂરો થતાં આશ્રમના સમાધિખંડમાંથી બહાર નીકળતો હતો ત્યાં પ્રસાદરૂપે સાકરિયા આપતા સંન્યાસીએ મારી સામું જોઈ સ્મિત કર્યું. મેં હિંદીમાં પૂછ્યું, 'આપ ક્યારથી અહીં રહો છો ?' ત્યારે એમણે કહ્યું, 'ગુજરાતી છું, અહીં રહેતો નથી પણ સેવા કરું છું. બાજુમાં એક ઓરડીમાં રહું છું.' એટલું કહેતા એમનું સ્મિત ચાલ્યું ગયું. પછી એમની મેળે જ એમણે કહેવા માંડ્યું કે 'સત્તર વર્ષ પહેલાં સંન્યાસ લીધેલો, પણ મારા ગુરુએ મને દગો દીધો અને મને કાઢી મૂક્યો. હું તો ખૂબ હેરાન થઈ ગયો. બહુ રખડ્યો, અથડાયો અને દુઃખી થયો. મારા કુટુંબમાં પત્ની અને બે પુત્રો છે. પત્નીના ત્રાસથી

ઘર છોડીને નાસી ગયેલો. હવે તો પુત્રો પણ એની માથી જુદા રહે છે એમ જાણ્યું છે. એક પુત્ર મને બોલાવે છે પણ ખરો. પણ હવે આટલા સમયથી ભગવાં પહેરેલાં તે સંસારમાં જવું કેવી રીતે ? વૃદ્ધાવસ્થા પણ નજીક છે. ક્યાંય રહેવાનો-ખાવાનો પ્રબંધ તો થાય, પણ બીમારીમાં તો બહુ મુશ્કેલી છે. મને ઘણો પસ્તાવો થાય છે. પણ શું કરું ?'

મેં કહ્યું, 'સ્વામી, આપ મને આ વાત શા માટે કહો છો ? હું શું કરી શકું ?'

એમણે કહ્યું, 'હરિદ્વારમાં તમારી ઓળખાણવાળી જગાએ હું રહું એવું થઈ શકે ?'

મેં કહ્યું, 'હરિદ્વારનો નિવાસી નથી, હું યાત્રિક છું. છ દિવસ પછીથી હું પણ અહીંથી જવાનો છું.'

'તો મારે શું કરવું ?'

મેં કહ્યું, 'અમારા ગુરુ તો આવી પરિસ્થિતિમાં મુકાયેલાને કહે કે જયાંથી નાસી આવ્યા છો ત્યાં પાછા જાઓ !'

'પત્નીનો અને સગાંનો ત્રાસ સહન કરવા ?'

'-તો ઘર છોડ્યા પછી ત્રાસ ઘટ્યો ? ત્રાસ આપનાર નિમિત્ત બદલાયાં. એના કરતાં કર્મસંજોગે જે સંબંધો મળ્યા છે એનું નિવારણ કરો. - એમ અમને ગુરુએ કહેલું.'

'હવે તો પાછા જતાં સંકોચ થાય છે. પત્ની વધુ આક્રમક બની જાય. લોકો કરડી ખાય. મને બંને બાજુની મૂંઝવણ છે. ભગવાં ધારણ કર્યાં છે, પણ ભક્તિ થતી નથી. દુઃખ, અકળામણ ઓછાં થતાં નથી.'

'તમારા ગુરુ કોણ ?'

'મારા ગુરુ ગૃહસ્થવેશમાં અમારી વચ્ચે વિહરતા હતા. ગુજરાતમાં નડિયાદ અને સુરતમાં હરિઃૐ આશ્રમ છે, એના એ સ્થાપક પૂજ્ય શ્રીમોટા.'

'તમે એમની જે સમજણવાળી વાત કહી એ ખરી છે, પણ મારાથી આચરાય કેવી રીતે ?'

મેં કહ્યું, 'હિંમતથી ઝંપલાવો. ચાલો હરિઃૐ' એમ કહીને હું આશ્રમ છોડી બહાર નીકળી ગયો.

આ સંન્યાસીએ એકાએક આવી વાતો કેમ કરી એ મને સમજાતું નથી.

બપોર પછી હું, હિંદુ મિલન મંદિરના ઓવારા પર બેસીને ગંગાજીનો પ્રવાહ નિહાળતો હતો. ૧૯૪૫માં મોટાએ હિમાલય પરથી ઊતરીને ગંગાજીના પુનિત પ્રવાહમાં પગ રાખીને **'શ્રી ગંગાચરણે'** પ્રાર્થના લખી હતી, 'શ્રી ગંગાચરણે' મંદાક્રાંતા-શિખરિણી મિશ્ર છંદમાં રચાઈ છે. મોટા, કેવી મુદ્રામાં બેસીને લખતા હશે એનું કલ્પનાચિત્ર ખડું થયું. અને મને પ્રિય એવી કડીઓનું સ્મરણ જાગ્યું.

*'તને લોકો જાણે સ્થૂળ જળતણો માત્ર ખાલી પ્રવાહ,*
*બિચારા અજ્ઞાની તુજ સમજતા તે ન કાંઈ મહત્ત્વ,*
*વિના માના એક્કે અણુ પણ નથી ખાલી તે કોરું ક્યાંયે*
*બધું સત્તાધીશ મુજ જનનીના શા પ્રતાપે ભર્યું છે !'*

અણુ અણુમાં જે ચેતનાશક્તિ રમમાણ છે, એ શક્તિ જ માતૃરૂપે છે. મોટાએ ગંગાના પ્રવાહની પવિત્રતા ભાવનાથી સ્પષ્ટ કરી છે. આપણે સૌએ આવી ભાવનાથી ગંગાજી જેવી લોકમાતાઓનાં દર્શન કરવાં જોઈએ, એવી સ્પષ્ટતા ઊગી.

એવી માનું સ્તવન કરવાથી દુઃખો વચ્ચે માનવી ટટ્ટાર રહી શકે છે. મતલબ કે એ ચેતનાશક્તિ આપણામાં છે અને આપણી સાથે જ છે. આપણે એના થકી જ છીએ એવું એ સ્તવનમાં બળ હોવું જોઈએ. અને ગંગાજળનો પ્રવાહ શ્વેત, શીતલ અને વગીલો છે, એવી આપણી જીવનકરણી શુદ્ધ, શાતાદાયક અને પ્રગતિશીલ રાખવા આપણે મથીએ, તો માનું સ્તવન કર્યું યથાર્થ ગણાય - આવા વિચારો આવ્યા કરતા હતા. ત્યાં જ મોટાનું ગાન સંભળાય છે.

*'અરે ! દુઃખી લોકો, દુઃખમહીં સડી કાં રહ્યા છો નકામા ?*
*ઊભી છે પ્રત્યક્ષે જનની સમીપે સાદ એને ન દો કાં ?*
*પડેલાં દુઃખોમાં જનની સ્તવશે, રે' ટકી તે જ ઊભો,*
*છતાં માને કોઈ સ્મરણ ન કરે, મા બિચારી કરે શું ?'*

હરિદ્વારમાં રોજ સાંજે અમે ગંગાજીના જુદા જુદા ઓવારા પર જતાં હતાં. ૧૯૨૮માં સાધના દરમિયાન મોટાને કામવૃત્તિના હુમલાની સમસ્યા ઊભી થયેલી, એના નિરાકરણ માટે પોતાના ગુરુમહારાજ બાળયોગીજીને અહીંના કુંભમેળામાં શોધવા આવેલા એનું સ્મરણ થયા કરતું હતું. આટલા વિશાળ હરિદ્વારમાં એ સ્થળ કેવી રીતે શોધાય ? કલ્પના પણ કેવી રીતે થાય ? મોટા, ચાર દિવસ ભૂખ્યાતરસ્યા પ્રાર્થના કરતાં કરતાં બાળયોગીજીને ખોળતા હતા, ચોથા દિવસે એમને ગુરુમહારાજનાં દર્શન થતાં, એમનાં ચરણે પડીને અશ્રુ સાથે નિવેદન કરેલું. આ બધી હકીકત મને તાદૃશ્ય થયા કરતી હતી.

રોજ રાત્રે મને વિચાર આવે કે આ તો એક મિથ્યા કૌતુક છે. સ્થળ તો સ્થૂળ છે. તેઓશ્રીને અનુભવ થયો હતો એ

મહાન હતો. આવા કૌતુકમાં મનને દોડાવવા કરતાં મન એમની ચેતનાશક્તિમાં એકાગ્ર કરવું જોઈએ એમ મને થયું. મને તો હજી જીવનના સંપૂર્ણ રૂપાંતરની ગરજ જાગી નથી. એમને જ માત્ર ભજીએ એવી તાલાવેલી પણ લાગી નથી. હૃદય એમના પ્રત્યેના ભાવથી ફાટફાટ થતું નથી. મારી પાત્રતા શી ? આવો ખ્યાલ આવતાં મનનું કૌતુક શમી ગયું. એક રાત્રે મનોમન હરિદ્વારની ભૂમિને, એના વાતાવરણને અને ગંગાજીના પવિત્ર પ્રવાહને - જેમાં એક રાત્રે ઊભા રહીને પૂજ્ય બાળયોગીજીએ દર્શાવેલી વિધિ મોટાએ કરેલી - એને ભાવપૂર્વક વંદન કર્યાં. મોડી રાત સુધી ઊંઘ જ ન આવી અને આવી ભાવના જ ચાલુ રહી. મધરાત પછી ઊંઘનો આરંભ થયો એ પહેલાં સૂક્ષ્મ સ્પંદનો હું અનુભવવા લાગ્યો. અને એક અદ્‌ભુત પરિણામ અનુભવીને સૂઈ ગયો.

આ હરિદ્વાર અગિયાર દિવસ પછી છોડીને અમે ઘર તરફ જઈએ છીએ ત્યારે ‘હરિદ્વાર’નો સંદર્ભ મારા મનમાં ઝબક્યો. નડિયાદ, ‘હરિઃૐ આશ્રમ’ના દ્વાર પર ‘હરિદ્વાર’ લખ્યું છે. હરિઃૐ આશ્રમ એ જ મારું હરિદ્વાર છે. ત્યાંના મૌનમંદિરમાં જીવનની અપૂર્વ યાત્રા છે. હવે મારે બીજે ક્યાંય જવું નથી.

આ હિમાલયયાત્રા દરમિયાન મોટાનો સાથ જાગૃતિપૂર્વક અનુભવાયો. મોટાને ‘સાથે રહેજો’ એમ માત્ર કહેલું ને સાથે રહ્યા. મોટા મળ્યા ત્યારથી જ અનેક રીતે અનેકરૂપે એ મારી સાથે જ રહ્યા છે, પણ મારી આંખ ઊઘડી નથી. હું અંધ છું.

યાત્રા પૂરી કરતાં ‘યાત્રિક’ ફિલ્મમાંનો ‘યાત્રિક’ પોતાનું સંવેદન વ્યક્ત કરે છે, એનું મને સ્મરણ થયું. મારી હકીકતને

વ્યક્ત કરવી હોય તો હું કહું કે,

'મોટાએ મને બધું જ આપ્યું. માંગ્યું અને ઈચ્છું એય આપ્યું. એમ છતાં એમના પ્રત્યે જાગવી જોઈતી તીવ્ર તત્પરતાયુક્ત તાલાવેલીભરી હૃદયની ભક્તિ જાગી નહિ. મેં મારા હૃદયને સંસારી રાગ, મોહ, લોભ, લાલસાથી ભર્યું ભર્યું રાખ્યું. એને ખાલી કરવાની મથામણ પણ મારાથી થતી નથી. હે મોટા, હું શું કરું ? મારી આવી અવસ્થાનો દિલથી સાચો, સંનિષ્ઠ પશ્ચાત્તાપ પણ થતો નથી !'

અણુ પરમાણુના એમના 'હોવાપણા'ના અનુભવની સભાનતા પણ જાગતી નથી, ટકતી નથી. આથી, બેભાનપણે વર્તાયે જાય છે. એમની ચેતનાશક્તિના અનેક અનુભવો પામ્યો હોવા છતાં મારી ઝોળી હજી ખાલી જ છે !

આવા ભાવ સાથે હું ઘરે આવ્યો ત્યારે મારું ઊભરાતું હૃદય મારી આંખોમાંથી વહી રહ્યું.

॥ હરિઃૐ ॥

## સાધનામર્મ

૧. મુખથી કે મનમાં જાગૃતપણે જપ, સાથે સાથે હૃદયપ્રદેશે ધ્યાન તથા ચેતનના ચિંતન સહ ભાવાત્મક ભાવનું રટણ.
૨. પ્રત્યેક પળે સતત સમર્પણ, સારું તેમ જ નરસું-બંનેનું.
૩. સાક્ષીભાવ, જાગૃતિ, વિચારોની સાંકળ ન જોડો.
૪. બને તેટલું વધુ વાચિક અને માનસિક મૌન રાખો, કેળવો અને ખૂબખૂબ શરણભાવ જીવનમાં ચેતનાપૂર્વકની જાગૃતિથી કેળવ્યા કરો.
૫. આગ્રહો—પ્રભુચિંતન સિવાયના સર્વ આગ્રહો છોડો, નમ્રતા કેળવો, શૂન્ય થવાનું ધ્યેય રાખો.
૬. ખૂબ ભાવપૂર્વક હૃદયસ્થ રહીને આર્દ્ર અને આર્તભાવથી પ્રાર્થના કરો, ભગવાનને સર્વ સુખદુઃખ જણાવતા રહો, તેની સાથે આત્મનિવેદન દ્વારા અંગત ખૂબ ગાઢો સંબંધ બાંધો, મનમાં કશુંયે ઘોળાવા ન દો. ખાલી રહો.
૭. આવી પડતાં કામો પ્રભુનાં સમજો, જરાયે કચવાટ વિના ખૂબ પ્રેમપૂર્વક તે કરો. પ્રત્યેક પ્રસંગ-બનાવ આપણા કલ્યાણ અર્થે જ છે અને પ્રત્યેક પ્રવૃત્તિ આપણા પોતાના જ વિકાસાર્થે થવી ઘટે. પ્રત્યેક પ્રસંગ પાછળ પ્રભુનો ગૂઢ, શુભ સંકેત રહેલો છે.
૮. આત્મલક્ષી-અંતર્મુખી થાઓ, માત્ર પોતાની દુનિયામાં વસો. જાણી-જોઈને જાતને સંડોવવા દો નહિ.
૯. પર (પારકાંની) સેવા પ્રભુની સેવા સમજો, સેવા લેનાર, સેવા દેનાર ઉપર, સેવા કરવાની તક આપીને ઉપકાર કરે છે. રામે આપ્યું છે અને રામને દઈએ છીએ, ત્યાં ‘મારું મારું ’ ક્યાં રહ્યું ? તારું આ જગતમાં છે શું ?
૧૦. પ્રત્યેક કાર્ય, પ્રત્યેક વાતચીત, વ્યવહાર આપણા ધ્યેયને વેગ આપે એવા ખાસ હેતુસર, હેતુનું લક્ષ જીવતું રાખીને કરવાં. વાંચતી-લખતી વખતે અને પ્રત્યેક કર્મ કરતી પળે ભાવની સ્મરણ ધારણાનો અભ્યાસ કેળવ્યા કરો.
૧૧. વૃત્તિનું મૂળ શોધો, તેનું પૃથક્કરણ કરો. તેમાં ભેળવાયા વિના તેને તટસ્થતાપૂર્વક અને સ્વસ્થતાપૂર્વક નિહાળો.
૧૨. પ્રભુની પ્રત્યેક કળા, સૌંદર્ય, રમ્યતા, વિશુદ્ધતા આદિ પ્રસાદીઓમાં

રહેલા ભાવનું, તેને તેને અનુરૂપ ભાવનું, આપણામાં ત્યારે અવતરણ થવા પ્રાર્થના કરવી.

૧૩. ઊર્મિ, આવેશ અને લાગણીને એમ ને એમ વહી જવા ન દો, તેમ જ તેમાં ભેળવાઈ પણ ન જાઓ. તેનો સાધનામાં ઉપયોગ કરો, તાટસ્થ્ય કેળવો.

૧૪. જમતી વખતે અને પાણી પીતી વખતે જીવનમાં ચેતનશક્તિના અવતરણ-ભાવની પ્રાર્થના કરવી, શૌચ, પેશાબ આદિ ક્રિયાઓ સમયે વિકારો, નબળાઈઓ ઇત્યાદિના વિસર્જનભાવની પ્રાર્થના કરવી.

૧૫. સ્થૂળનો ખ્યાલ ત્યજીને સૂક્ષ્મતત્ત્વને નજર સામે રાખો. વૃત્તિની શુદ્ધિ કરો, ભાવની વૃદ્ધિ કરો.

૧૬. પ્રભુ સચરાચર છે. आत्मवत् सर्वभूतेषुની ભાવના કેળવો.

૧૭. પ્રત્યેક વ્યક્તિ અને વસ્તુની ઊજળી બાજુ જુઓ. કોઈનાય કાજી ન થાઓ, કશાય ઉપર ઝટ અભિપ્રાય ન આપો, વાદવિવાદ ના કરો, પોતાનો આગ્રહ ન રાખો, બીજાઓમાં શુભ હેતુઓનું આરોપણ કરો, માનસિક અને સાર્વત્રિક ઉદારતા જીવનમાં પ્રગટાવો, ખૂબ પ્રેમભાવ કેળવો, પ્રકૃતિનું રૂપાંતર કરવાનું છે, તે લક્ષમાં રાખીને પ્રકૃતિવશ ન થતાં કર્મોની ઉપરવટ વર્તો. ફળની આસક્તિ છોડો. પોતાને થતા અન્યાયો-આવી પડતાં દુઃખો-આદિનું મૂળ પોતામાં જ છે એમ દઢાવો, ગુરુમાં પ્રેમભક્તિભાવ દઢતર કર્યા કરો. અભીપ્સા, ઈન્કાર અને સમર્પણનો ત્રિવેણીસંગમ ઉદ્ભવાવો, સદાય પ્રસન્નતા પ્રવર્તાવો, કૃપા અને પુરુષાર્થના યુગલને જીવનમાં ઉતારો, પ્રત્યેક કર્મના આદિ, મધ્ય અને અંતમાં પ્રભુની સ્મૃતિ પ્રગટાવો, મન નિઃસ્પંદ કરો, રાગદ્વેષ નિર્મૂળ કરવાની જાગૃતિ રાખો, થયેલા આધ્યાત્મિક અનુભવો પ્રત્યક્ષ રોજિંદા વહેવારમાં જીવતા કરો, ક્યાંયે કશામાંથી ભાગવાનું ના હોય, યદચ્છા જે આવી મળે તે પ્રભુપ્રસાદી ગણીને તેને વધાવી લો. ક્યાંય કોઈની સરખામણી ના કરો, અનુકૂળ પ્રતિકૂળ પરિસ્થિતિ એ મનની ભ્રમણા છે, જીવનસાધના સારુ સર્વ કંઈ સાનુકૂળ જ હોય છે, પ્રભુમય-તેના મૂક યંત્ર-થવાની જ બસ એક ઉત્તેજના હવે જીવનમાં રાખો.

૧૮. કર્મમાં, કર્મનું મહત્ત્વ નથી, પરંતુ જીવનના ભાવનું સતત એકધારું, જીવતું ચિંતન રહ્યા કરે એ સવિશેષપણે મહત્ત્વનું છે. તેવો જીવતો અભ્યાસ કર્મ કરતી પળે કેળવવો. - **શ્રીમોટા**

॥ હરિ:ૐ ॥

## પૂજ્ય શ્રીમોટાના જીવનની મહત્ત્વની તવારીખ

**જન્મ : તા. ૪-૯-૧૮૯૮, ભાદરવા વદ ચોથ, સંવત ૧૯૫૪**
સ્થળ : સાવલી, જિ. વડોદરા, નામ : ચૂનીલાલ,
માતા : સૂરજબા, પિતાઃ આશારામ, અટક : ભાવસાર.

**૧૯૧૬ :** પિતાનું અવસાન.

**૧૯૦૫ થી ૧૯૧૮ :** તૂટક અભ્યાસ-સાથે આકરી મજૂરી.

**૧૯૧૯ :** મૅટ્રિક પાસ.

**૧૯૧૯-૨૦:** વડોદરા કૉલેજમાં.

**તા. ૬-૪-૧૯૨૧:** કૉલેજ ત્યાગ.

**૧૯૨૧ :** ગૂજરાત વિદ્યાપીઠ.

**૧૯૨૧ :** વિદ્યાપીઠનો ત્યાગ. હરિજન સેવાનો આરંભ.

**૧૯૨૨ :** ફેફરુંના રોગથી કંટાળીને ગરુડેશ્વરની ભેખડ ઉપરથી આત્મહત્યાનો પ્રયાસ, દૈવી બચાવ, 'હરિઃૐ' જપથી રોગ મટાડવાનો સફળ પ્રયોગ.

**૧૯૨૩ :** 'તુજ ચરણે' તથા 'મનને'ની રચના.

**૧૯૨૩ :** વસંતપંચમીએ પૂ. શ્રીબાળયોગીજી દ્વારા દીક્ષા. શ્રીકેશવાનંદ ધૂણીવાળા દાદાનાં દર્શને - સાંઈખેડા ગયા. રાત્રે સ્મશાનમાં સાધના અને દિવસભર પ્રભુપ્રીત્યર્થે હરિજન સેવા.

**૧૯૨૬ :** લગ્ન-હસ્તમેળાપ વખતે સમાધિનો અનુભવ.

**૧૯૨૭ :** હરિજન આશ્રમ, બોદાલમાં સર્પદંશ-પરિણામે 'હરિઃૐ' જપ અખંડ થયો.

**૧૯૨૮ :** 'તુજ ચરણે' ની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન.

**૧૯૨૮ :** પહેલી હિમાલય યાત્રા.

**૧૯૨૮ :** સાકોરીના પૂ. શ્રીઉપાસની બાબાનું નડિયાદમાં આગમન, એમના આદેશ મુજબ સાકોરી જવું-ત્યાં મળમૂત્રની પથારીમાં સાત દિવસ.

**૧૯૩૦ :** મનની નીરવતાનો સાક્ષાત્કાર.

**૧૯૩૦ થી '૩૨** દરમિયાન સાબરમતી, વીસાપુર, નાસિક અને યરવડા જેલમાં. હેતુ-દેશસેવાનો નહિ, સાધનાનો. સખત પરિશ્રમ અને લાઠીમાર દરમિયાન પ્રભુસ્મરણ-મૌન. વિદ્યાર્થીઓને સમજાવવા વીસાપુર જેલમાં સરળ ભાષામાં શ્રીમદ્ ભગવદ્ગીતાનું વિવરણ લખ્યું-'જીવનગીતા'

**૧૯૩૪ :** સગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર.

૧૯૩૪થી ૧૯૩૯ દરમિયાન હિમાલયમાં અઘોરી બાવા પાસે જવાનું બન્યું, ધુંવાધારના ધોધની પાછળની ગુફામાં સાધના. ચૈત્ર માસમાં ૨૧ છાણાંની ૨૧ ધૂણી ધખાવી નર્મદાકિનારે ખુલ્લામાં શિલા ઉપર નગ્ન બેસીને સાધના, શીરડીના સાંઈબાબાનું પ્રત્યક્ષ દર્શન-આદેશ-સાધનાના અંતિમ તબક્કાનું માર્ગદર્શન.

**૧૯૩૯ :** તા. ૨૯-૩-૧૯૩૯ : રામનવમી, સંવત : ૧૯૯૫ કાશીમાં નિર્ગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર. હરિજન સેવક સંઘમાંથી રાજીનામું. 'મનને'ની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન.

**૧૯૪૦ :** (તા. ૯-૯-૧૯૪૦) વિમાનમાર્ગે અમદાવાદથી કરાંચી જવાનો ગૂઢ હુકમ.

**૧૯૪૧ :** માતાનું અવસાન.

**૧૯૪૨ :** હરિજન સેવક સંઘમાંથી છૂટા થયેલા, છતાં હરિજન કન્યાછાત્રાલય માટે મુંબઈમાં ફાળો ઉઘરાવ્યો. બે વખત સખત પોલીસમાર-દેહાતીત અવસ્થાના પુરાવા.

**૧૯૪૩ :** ૨૪, ફેબ્રુઆરીમાં ગાંધીજીના પેશાબના ઝેરી જંતુઓનું પોતાના પેશાબમાં દર્શન. નૈમિત્તિક તાદાત્મ્યનો અનુભવ.

**૧૯૪૫ :** હિમાલયની યાત્રા-અદ્ભુત અનુભવો.

**૧૯૪૬ :** હરિજન આશ્રમ, અમદાવાદ મીરાંકુટિરમાં મૌનએકાંતનો આરંભ.

**૧૯૫૦ :** દક્ષિણ ભારતના કુંભકોણમ્‌માં કાવેરી નદીને કિનારે હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૫૪** થી સુરતના કુરુક્ષેત્રમાં એક ઓરડીમાં મૌનએકાંતનો આરંભ.

**૧૯૫૫ :** (તા. ૨૮-૫-૧૯૫૫) નડિયાદ, શેઢી નદીને કિનારે હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૫૬ :** (તા. ૨૩-૪-૧૯૫૬) સુરત, કુરુક્ષેત્રમાં હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૬૨થી ૧૯૭૫ :** શરીરના અનેક રોગો-સતત પ્રવાસ સાથે ૩૬ અધ્યાત્મ-અનુભવ ગ્રંથોનું લેખન-પ્રકાશન.

**૧૯૭૬ :** ફાજલપુર-મહીનદીના કિનારે શ્રી રમણભાઈ અમીનના ફાર્મ હાઉસમાં તા. ૨૩-૭-૧૯૭૬ના રોજ માત્ર ૭ જણની હાજરીમાં આનંદપૂર્વક દેહત્યાગ. પોતાનું 'ઈંટ-ચૂનાનું સ્મારક ન કરવાનો આદેશ' અને આ નિમિત્તે મળેલી રકમનો ઉપયોગ દૂર ગુજરાતનાં પછાત ગામોમાં પ્રાથમિક શાળાના ઓરડાઓ બંધાવવાના લોકફાળામાં કરવાની સૂચના.

॥ હરિઃૐ ॥

॥ હરિઃૐ ॥

# આરતી

ૐ શરણચરણ લેજો, પ્રભુ શરણચરણ લેજો,
પતિત ઉગારી લેજો (૨) કર ગ્રહી ઉર લેજો. ...ૐ શરણ.

મનવાણીના ભાવો, કર્મ વિષે ઊતરો, પ્રભુ (૨)
મન, વાણી ને દિલને (૨) કૃપાથી એક કરો. ...ૐ શરણ.

સર્વ મળેલાં સાથે, દિલ સદ્ભાવ ઊગો, પ્રભુ (૨)
છો અપમાન થયાં હો (૨) ત્યાંયે ભાવ બઢો. ...ૐ શરણ.

નિમ્ન પ્રકારની વૃત્તિ, ઊર્ધ્વગમન કરવા, પ્રભુ (૨)
પ્રભુકૃપાથી મથાજો (૨) ચરણશરણ ગ્રહવા. ...ૐ શરણ.

મનના સકળ વિચારો, પ્રાણતણી વૃત્તિ, પ્રભુ (૨)
બુદ્ધિતણી સૌ શંકા (૨) ચરણકમળ ગળજો. ...ૐ શરણ.

જેવા દિલ હોઈએ પ્રભુ, તેવા દેખાવા, પ્રભુ (૨)
મતિ મુજ ખુલ્લી રે'જો (૨) સ્પષ્ટ જ પરખાવા. ...ૐ શરણ.

દિલમાં કંઈક ભર્યું હો, તે થકી બીજું ઊલટું, પ્રભુ (૨)
કદી પણ મુજથી ન બનજો (૨) એવી મતિ દેજો. ...ૐ શરણ.

જ્યાં જ્યાં ગુણ ને ભાવ, દિલ ત્યાં મુજ ઠરજો, પ્રભુ (૨)
ગુણ ને ભાવની ભક્તિ (૨) દિલ મુજ સંચરજો. ...ૐ શરણ.

મન,મતિ,પ્રાણ પ્રભુ ! તુજ ભાવ થકી ગળજો, પ્રભુ (૨)
દિલમાં તુજ ભક્તિની (૨) છોળો ઊછળજો. ...ૐ શરણ.

**-શ્રીમોટા**

# પૂજ્ય શ્રીમોટાનાં પુસ્તકો

૧. મનને (પદ્ય)
૨. તુજ ચરણે (પદ્ય)
૩. હૃદયપોકાર (પદ્ય)
૪. જીવનપગલે (પદ્ય)
૫. શ્રીગંગાચરણે (પદ્ય)
૬. કેશવચરણકમળે (પદ્ય)
૭. કર્મગાથા (પદ્ય)
૮. પ્રણામપ્રલાપ (પદ્ય)
૯. પુનિત પ્રેમગાથા (પદ્ય)
૧૦. જીવનસંગ્રામ (પત્રો)
૧૧. જીવનસંદેશ (પત્રો)
૧૨. જીવનપાથેય (પત્રો)
૧૩. AT THY LOTUS FEET
(‘તુજ ચરણે’નો અનુવાદ)
૧૪. જીવનપ્રેરણા (પત્રો)
૧૫. TO THE MIND
(‘મનને’નો અનુવાદ)
૧૬. જીવનપગરણ (પત્રો)
૧૭. જીવનપગથી (પત્રો)
૧૮. જીવનમંડાણ (પત્રો)
૧૯. જીવનસોપાન (પત્રો)
૨૦. જીવનપ્રવેશ (પત્રો)
૨૧. જીવનગીતા (ગદ્ય-પદ્ય)
૨૨. જીવનપોકાર (પત્રો)
૨૩. આર્તપોકાર (પ્રાર્થના)
૨૪. હરિજન સંતો (ગદ્ય-પદ્ય)
૨૫. Life's Struggle
(‘જીવનસંગ્રામ‘નો અનુવાદ)
૨૬. જીવનમંથન (પત્રો)
૨૭. જીવનસંશોધન (પત્રો)
૨૮. નર્મદાપદે (પદ્ય)
૨૯. જીવનદર્શન (પત્રો)
૩૦. જીવનપરાગ (સારસંચય)
૩૧. અભ્યાસીને (પદ્ય)
૩૨. જિજ્ઞાસા (પદ્ય)
૩૩. જીવન અનુભવ ગીત (પદ્ય)
૩૪. જીવનઝલક (પદ્ય)
૩૫. જીવનલહરિ (પદ્ય)
૩૬. જીવનસ્મરણ (પદ્ય)
૩૭. શ્રદ્ધા (પદ્ય)
૩૮. ભાવ (પદ્ય)
૩૯. જીવનરસાયણ (પદ્ય)
૪૦. નિમિત્ત (પદ્ય)
૪૧. રાગદ્વેષ (પદ્ય)
૪૨. જીવનઆહ્‌લાદ (પદ્ય)
૪૩. જીવનતપ (પદ્ય)
૪૪. જીવનસૌરભ (પદ્ય)
૪૫. જીવનસ્મરણ સાધના (પદ્ય)
૪૬. જીવનરંગત (પદ્ય)
૪૭. જીવનમથામણ (પદ્ય)
૪૮. કૃપા (પદ્ય)
૪૯. સ્વાર્થ (પદ્ય)
૫૦. શ્રીસદ્‌ગુરુ (પદ્ય)
૫૧. જીવનકથની (પદ્ય)
૫૨. પ્રેમ (પદ્ય)
૫૩. જીવનસ્પંદન (પદ્ય)
૫૪. મોહ (પદ્ય)
૫૫. ગુણવિમર્શ (પદ્ય)
૫૬. જીવનપગદંડી (પદ્ય)
૫૭. જીવનકેડી (પદ્ય)
૫૮. જીવનચણતર (પદ્ય)
૫૯. જીવનઘડતર (પદ્ય)
૬૦. ભાવકણિકા (પદ્ય)
૬૧. ભાવરેણુ (પદ્ય)
૬૨. ભાવજ્યોતિ (પદ્ય)
૬૩. ભાવપુષ્પ (પદ્ય)
૬૪. ભાવહર્ષા (પદ્ય)
૬૫. જીવનપ્રવાહ (પદ્ય)
૬૬. જીવનપ્રભાત (પદ્ય)
૬૭. કર્મઉપાસના (પદ્ય)
૬૮. મૌનએકાંતની કેડીએ (પ્રવચન)
૬૯. મૌનમંદિરનું હરિદ્વાર (પ્રવચન)
૭૦. મૌનમંદિરનો મર્મ (પ્રવચન)
૭૧. મૌનમંદિરમાં પ્રભુ (પ્રવચન)
૭૨. મૌનમંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા(પ્રવચન)
૭૩. શેષ-વિશેષ (સત્સંગ)
૭૪. જન્મ-પુનર્જન્મ (સત્સંગ)
૭૫. તદ્રૂપ-સર્વરૂપ (સત્સંગ)
૭૬. અગ્રતા-એકાગ્રતા (સત્સંગ)
૭૭. જોડાજોડ (સત્સંગ)
૭૮. અન્વય-સમન્વય (સત્સંગ)
૭૯. ગ્રહગ્રહણ (સત્સંગ)
૮૦. એકીકરણ-સમીકરણ (સત્સંગ)
૮૧. પગલે પગલે પ્રકાશ (પત્રો)
૮૨. કૅન્સરની સામે (પત્રો)
૮૩. ધનનો યોગ
૮૪. મુક્તાત્માનો પ્રેમસ્પર્શ (પત્રો)
૮૫. સંતહૃદય (પત્રો)
૮૬. સમય સાથે સમાધાન (પત્રો)

આ ઉપરાંત ઉપરનાં પુસ્તકોમાંથી થયેલાં ૧૫ સંકલનો.

જેને હિમાલય સ્તવે ધરી શ્વેત વસ્ત્રો,
વ્યોમે વધીય મળવા ઘણું ઉર ચ્હાતો,
જેને નદી કર વડે નિત અંજલિ દે,
વંદું મૂકી ચરણમાં શિર તાતને તે.

યાત્રા હિમાલયતણી મુજને કરાવી,
દીધો ઉકેલ દુઃખનો મુજને બતાવી,
ને ગૂઢ શું જીવનહાર્દ મને જણાવ્યું,
એવું નિમિત્ત પ્રભુદત્ત સ્તવી હું થાકું.

- શ્રીમોટા

*'તુજ ચરણે', શ્લોક - ૧, ૧૧૧*